



માર્ગ અને મકાન વિભાગ

ગુજરાત સરકાર

ગુજરાત સ્ટેટ હાઇવે પ્રોજેક્ટ–૨

(જી એસ એચ પી - ૨)



# સામાજીક અસરનું મૂલ્યાંકન અને પુનર્વસન કાર્યક્રમ યોજના – ટૂંકો અહેવાલ







૧૯ જુલાઈ, ૨૦૧૩

# અનુક્રમણિકા


**1. પ્રસ્તાવના ....................... 1**

1.1. પૂર્વ ભૂમિકા ....................... 1

*1.2 ડિઝાઈન તૈયાર કરવી ....................... 2*

*1.2.1. મજબુતીકરણ/ ઉન્નતિ માર્ગો ....................... 2*

*1.2.2. માર્ગોની જાળવણી ....................... 5*

1.3. સામાજીક પૃથ્થકરણ ....................... 5

1.4. હકારાત્મક અને નકારાત્મક અસરો ....................... 7

**2. GSHP II સામાજીક અસરો ઘટાડવામાટેનું અભિગમ ....................... 7**

2.1. GSHP-IIમાં સામાજીક અસરો ઘટાડવામાટે અને ઓછામાં ઓછી જમીન સંપાદન કરવાની જરૂર પડે તેમાટેનું અભિગમ ....................... 7

*2.1.1. ઉપલબ્ધ રાઇટ ઑફ વે (RoW)ની અંદર સુધારાનું આયોજન કરવું ....................... 7*

*2.1.2. અસરવાળા માર્ગોમાટે અપનાવવાનું અભિગમ ....................... 8*

*2.1.3. માર્ગદીઠ અલગ ઉપાય કરવા જેવી . અસર વાળો માર્ગ (CoI)ની અંદર અસરો ન્યૂનતમ રીતે ઘટાડી શકાય ....................... 9*

**3. કાનુની અને નીતિ વિષયક માળખું ....................... 11**

**4. હિત ધરાવનારાઓ સાથે પરામર્શ ....................... 12**

4.1. સ્વૈચ્છિક સંસ્થાઓ (NGO) સાથે પરામર્શ ....................... 13

4.2. સમુદાયો સાથે પરામર્શ (અનુસૂચિત જાતિની મહિલાઓ અને સ્થળાંતર કરનારાઓ) ....................... 13

4.3. અસરગ્રસ્ત સમુદાયો સાથે પરામર્શ ....................... 14

**5. તાજેતરના ખાસ પ્રોજેક્ટમાં જમીન સંપાદન અને વળતર ....................... 18**

5.1. જમીન સંપાદન અધિનિયમ મૂલ્યાંકન અને વળતર : વિકલ્પો ....................... 20

5.2. પ્રોજેક્ટના માર્ગોનું જંત્રી મૂલ્ય (2006 અને 2011) : એક તુલના ....................... 22

5.3. ગુજરાત રાજ્ય હાઇવે પ્રોજેક્ટ: મળેલા અનુભવો ....................... 23

5.4. વિવિધ પુનર્વસનની નીતિઓની તુલના ....................... 23

**6. જમીન સંપાદન અને પુનર્વસનની અસરો ....................... 24**

6.1. જમીનની જરૂરિયાતો અંગેની વિગતો ....................... 24

6.2. વસ્તીગણતરી, સામાજીક-આર્થિક સર્વે અને વિડીયોગ્રાફી ....................... 25

6.3. મિલ્કતો પર અસર ....................... 25

*6.3.1. માલિકીના પ્રકાર ....................... 27*

*6.3.2. ઉપયોગના પ્રકાર ....................... 27*

*6.3.3. નુકસાનના પ્રકાર ....................... 28*

*6.3.4. અસરગ્રસ્ત મિલકતો ની અંદર સ્થિત સંપત્તિની યાદી ....................... 28*

*6.3.5. સાંસ્કૃતિક અને સામુદાયિક મિલ્કતો પર અસર ....................... 29*

**7. અસરગ્રસ્ત વસ્તીનું સામાજીક-આર્થિક ચિત્ર ........ 32**
*7.1.1. સામાજીક કક્ષા ........ 32*
*7.1.2. કમજોર પરિવારો ........ 33*
*7.1.3. ઉંમર દીઠ વિગતો ........ 34*
*7.1.4. આવક પ્રમાણે વર્ગીકરણ ........ 35*
*7.1.5. કુટુંબદીઠ ખર્ચ ........ 35*
*7.1.6. શિક્ષણનું ચિત્ર ........ 36*
*7.1.7. વ્યવસાયીક ચિત્ર ........ 37*
*7.1.8. ઘરેલું મિલ્કતો ધરાવવી ........ 38*
**8. અનુસૂચિત આદિજાતિ ........ 38**
8.1. અનુસૂચિત વિસ્તારોમાં અપનાવવામાં આવેલ અભિગમ ........ 39
8.2. વનના હકો અને સ્ત્રોતોની પ્રાપ્તિ પર અસર ........ 40
*8.2.1. ગુજરાતમાં ઘોષિત થયેલી અનુસૂચિત આદિ જાતિઓ અને પ્રોજેક્ટ વિસ્તારમાં તેમના પર અસર ........ 41*
*8.2.2. આદીમ જાતિઓના જૂથ ........ 41*
*8.2.3. ગુજરાત સરકાર તરફથી આદિજાતિ વિકાસના અમલ થઈ રહેલા કાર્યક્રમો ........ 41*
8.3. આદિજાતિઓના વિકાસમાટે ગુજરાત સરકારની સંસ્થાકીય વ્યવસ્થા ........ 42
8.4. આદિવાસી વિસ્તારોમાંથી પસાર થતા માર્ગોમાટે અનુસૂચિત જન જાતિ વિકાસ કાર્યક્રમ ........ 43
**9. જાતિનો વિકાસ ........ 43**
9.1. પ્રોજેક્ટથી અસરગ્રસ્ત (PAPS) મહિલાનો સામાજીક-આર્થિક સ્થિતિનું ચિત્ર ........ 44
*9.1.1. શિક્ષણનું ચિત્ર ........ 44*
*9.1.2. ઉંમર પ્રમાણે વર્ગીકરણ ........ 45*
*9.1.3. વ્યવસાયનું ચિત્ર ........ 46*
*9.1.4. કુટુંબ દીઠ આવક : મહિલા કુટુંબના વડા હોય તેવા કુટુંબ ........ 46*
9.2. બાંધકામના શિબિરમાં મહિલાઓ માટે સગવડો ........ 47
**10. એચઆઈવી/એઈડ્સ રોકવાનું આયોજન ........ 47**
**11. માર્ગની સલામતી ........ 49**
11.1. ડિઝાઈનમાં માર્ગ સુરક્ષાને સામેલ કરવું ........ 51
*11.1.1. ડિઝાઈનમાં સામેલ કરવામાં માર્ગ સુરક્ષાના વધારાના પગલાં ........ 52*
11.2. *IRAP* અને સ્ટર રેટીંગ ........ 52
**12. પુનર્વસન નીતિનું માળખું ........ 53**
12.1. પુનર્વસન નીતિ અને લાયકાતમાટેના ધોરણો ........ 54
12.2. પારિભાષિક શબ્દો અને વ્યાખ્યા ........ 55
12.3. અધિકારોનું માળખું ........ 57
12.4. ભાવાંકના આધારે રકમ નક્કી કરવી ........ 6766
12.5. વસ્તી અને સામાજીક આર્થિક સર્વે : કાર્યપદ્ધતિ પ્રોજેક્ટ માર્ગના ........ 6766

12.6. લોકો સાથે પરામર્શ ........ 67~~66~~
12.7. પુનર્વસન અને પુન:સ્થાપન (R&R) અમલીકરણની વ્યવસ્થા ........ 68~~67~~
*12.7.1. પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થાપન એકમો (ESMU) ........ 68~~67~~*
*12.7.2. મહેસુલ વિભાગની ભૂમિકા ........ 70~~69~~*
12.8. સ્વૈચ્છિક સંસ્થા દ્વારા પ્રોજેક્ટના અમલની કામગીરીમાં સહાય ........ 71~~70~~
12.9. ફરિયાદ નિવારણ સમિતિ ........ 72~~71~~
*12.9.1. વળતર અને સહાય પ્રક્રીયાયો ........ 74~~73~~*
*12.9.2. મિલ્કતોનો માલિકી હક સાબિત કરવા અને વળતરની રકમ નક્કી કરવામાટેના જરૂરી દસ્તાવેજો / જાણકારીની યાદી ........ 75~~74~~*
12.10. આવક પુન:સ્થાપિત કરવાના પગલાં ........ 75~~74~~
12.11. જાહેર લોકો સાથે પરામર્શ અને સ્પષ્ટતા ........ 76~~75~~
12.12. ફરિયાદ નિવારણ માટેનું તંત્ર ........ 77~~76~~
12.13. તાલીમ અને કાર્યક્ષમતા વધારવા માટેનું તંત્ર ........ 78~~77~~
12.14. દેખરેખ અને મૂલ્યાંકન ........ 80~~79~~
12.15. બાંધકામના કામોમાં સંકલન અને પ્રમાણિત કરવું ........ 83~~82~~
12.16. RAPના અમલીકરણનું પરિશિષ્ટ ........ 83~~82~~
**13. પુનર્વસન કાર્ય યોજના (એકશન પ્લાન) અને બજેટ ........ 86~~85~~**
13.1. પુનર્વસન કાર્ય યોજના ........ 86~~85~~
13.2. પુનર્વસનનું બજેટ ........ 86~~85~~

## ટેબલની યાદી

ટેબલ 1.1: પ્રોજેક્ટના માર્ગ ........ 1
ટેબલ 1-2: GSHP-II કોરીડોર માટે સૂચિત ક્રોસ સેક્શન ........ 2
ટેબલ 1-3: પૃથ્થકરણના પરિણામો-સામાજીક પાસું ........ 5
ટેબલ 2-1: ડિઝાઈન માં ફેરફાર કરીને બચાવવામાં આવેલ બાંધકામોની યાદી ........ 10
ટેબલ 3-1: રાષ્ટ્રીય અને વિશ્વ બેંકની નીતિ : પ્રોજેક્ટ સાથે સંબંધ અને પ્રોજેક્ટને લાગુ પડવું ........ 12
ટેબલ 4-1: હિત ધરાવનારાઓ સાથે પરામર્શ ........ 13
ટેબલ 4-2: વિવિધ મુદ્દાની ચર્ચા કરવામાં આવી અને મુખ્ય મુદ્દાનો પ્રોજેક્ટ ડિઝાઈનમાં સમાવેશ કરવામાં આવ્યો ........ 16
ટેબલ 5-1: હાલના પ્રોજેક્ટમાં જમીનનું મૂલ્યાંકન અને વળતર ........ 20
ટેબલ 6-1: માર્ગ-દીઠ જમીનની આવશ્યકતાની વિગતો ........ 25
ટેબલ 6-2: વિડિયોગ્રાફી અને કરવામાં આવેલ વસ્તી ગણતરીના સર્વેની વિગતો ........ 26
ટેબલ 6-3: મુખ્ય અને ગૌણ અસર ધરાવતી મિલ્કતો ........ 28
ટેબલ 6-4: અસરગ્રસ્ત મિલ્કતોની માલિકીની વિગતો ........ 28
ટેબલ 6-5: અસરગ્રસ્ત મિલ્કતો, અને તેના ઉપયોગના પ્રકાર ........ 29
ટેબલ 6-6: પુનર્વસનની અસરો:સંક્ષિપ્તમાં ........ 31
ટેબલ 7-1: અસરગ્રસ્ત ઘરોની સામાજિક સ્થિતિ ........ 34
ટેબલ 7-2: કમજોર પરિવારોની માર્ગદીઠ વિગતો ........ 34
ટેબલ 7-3: અસરગ્રસ્ત  કુટુંબની માસિક આવક ........ 35
ટેબલ 7-4: અસરગ્રસ્ત કુટુંબની માસિક આવક : માર્ગ દીઠ ........ 36

ટેબલ 7-5: વિવિધ જરૂરિયાતો પર સરેરાશ માસિક ઘરઘથ્થું ખર્ચ ....36
ટેબલ 7-6: શિક્ષણનું ચિત્ર : માર્ગ દીઠ ....37
ટેબલ 7-7: અસરગ્રસ્ત વ્યક્તિઓનું વ્યવસાય સંબંધિ ચિત્ર: માર્ગ દીઠ ....39
ટેબલ 8-1: પાંચમા પરિશિષ્ટના વિસ્તારમાં અસરો : સંક્ષિપ્તમાં....41
ટેબલ 9-1: મહિલા પ્રોજેક્ટ થી અસરગ્રસ્ત વ્યક્તિઓનું શિક્ષણનું ચિત્ર : માર્ગો દીઠ ....46
ટેબલ 9-2: મહિલા PAPsનું ઉંમર પ્રમાણે પ્રોજેક્ટના માર્ગદીઠ વર્ગીકરણ....47
ટેબલ 9-3: મહિલા પ્રોજેક્ટ થી અસરગ્રસ્ત વ્યક્તિઓ ના વ્યવસાયનું ચિત્ર : માર્ગદીઠ ....47
ટેબલ 11-1: પ્રવૃત્તિઓનું પરિશિષ્ટ અને માર્ગ સુરક્ષા સામાજિક અસરોનું મૂલ્યાંકન (SIA)ની માહિતી....51
ટેબલ 11-2: માર્ગ સુરક્ષાના મુદ્દાનું પ્રોજેક્ટ ડિઝાઇનમાં સંકલન- એક ઉદાહરણ ....53
ટેબલ 11-3:ડિઝાઈન તૈયાર કર્યા બાદ્પહેલા અને પછી સ્ટાર રેટીંગ:ધનસુરા મેઘરાજ માર્ગ....55
ટેબલ 12-1: મળવાપાત્ર અધિકારોનું માળખું....58
ટેબલ 12.2: ભૌતિક પ્રગતિમાટેના માપદંડ....81
ટેબલ 12.3: નાણાકીય પ્રગતિની દેખરેખના માપદંડ....82
ટેબલ 12.4: ફરિયાદ નિકાલ પર દેખરેખ....82
ટેબલ 12.5: આટકોટ-ગોંડલ માર્ગમાટે મૂલ્યાંકનના માપદંડની વિગતો....83
ટેબલ 12.6: પુનર્વસન કામગીરી આયોજન (RAP)ના અમલીકરણ પરિશિષ્ટ....86
ટેબલ 14-1: પુનર્વસન બજેટ ....89

## ચિત્રોની યાદી

ચિત્ર 1-1: પ્રોજેક્ટના માર્ગ....3
ચિત્ર 1-2: નમૂનારૂપ ક્રોસ સેકશન બે લેનમાટે ફરસ બંધી અને મજબુત કિનારાવાળું (2L+PS+HS) વિકલ્પ ....4
ચિત્ર 1-3: નમૂના રૂપ ગ્રામીણ ક્રોસ સેકશન; બે લેનનું મજબુત કિનારાવાળું વિકલ્પ (2L+HS)....4
ચિત્ર 1-4: નમૂનારૂપ શહેરી ક્રોસ સેકશન, મજબુત કિનારાવાળું (4L+HS) ગટરના વિકલ્પ સાથે....4
ચિત્ર 1-5: નમૂનારૂપ શહેરી ક્રોસ સેકશન; ૪ લેન મજબુત કિનારાવાળું (4L+HS) ફૂટપાથ અને બંધ ગટરના વિકલ્પ વાળું ....5
ચિત્ર 2-1: કોરીડોર ઑફ ઈમ્પેક્ટ અને માર્ગ પર ચાલવાનો ભાગ – ચિત્ર ....8
ચિત્ર 2-2: અસરોનું પ્રમાણ ન્યુનતમ કરવું – ધોધાવધાર ગામ અને આટકોટ -ગોંડલ....10
ચિત્ર 2-3: જમીન સંપાદન અને પુનર્વસનની અસરો ન્યૂનતમ કરવા પ્રયત્નો અભિગમ ....11
ચિત્ર 7-1: ઘરેલુ મિલ્કતો (રહેઠાણોની મિલકતોની ટકાવારી) [N=384] ....39
ચિત્ર 12-1: અમલીકરણની વ્યવસ્થા....71
ચિત્ર 12-2: ફરિયાદ નિવારણ તંત્ર....75

## ABBREVIATIONS

| | | |
|---|---|---|
| AIDS | - | એઈડ્સ |
| BPL | - | ગરીબી રેખા નીચે |
| CoI | - | કોરીડોર ઑફ ઈમ્પેક્ટ – અસરવાળો માર્ગ |
| ESMU | - | પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થાપન એકમ |
| FGD | - | કેન્દ્રિય સમૂહ ચર્ચા |
| GoG | - | ગુજરાત સરકાર |
| GSACS | - | ગુજરાત રાજ્ય એઈડ્સ કંટ્રોલ સોસાયટી |
| GSHP | - | ગુજરાત સ્ટેટ હાઇવે પ્રોજેક્ટ |
| GWSSB | - | ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ |
| Ha | - | હેક્ટર |
| ઘર | - | રહેઠાણ |
| HIV | - | HIV / એચ.આઈ.વી |
| HPP | - | HIV/AIDS ની અટકાયત |
| Km | - | કિલોમીટર |
| LA | - | જમીન સંપાદન |
| LASA | - | લી એસોસીએટ્સ સાઉથ એશિયા પ્રા.લી. |
| LHS | - | ડાબા હાથ બાજુ |
| MDR | - | મુખ્ય જિલ્લા માર્ગ |
| M&E | - | દેખરેખ અને મૂલ્યાંકન |
| NGO | - | સ્વૈચ્છિક સંસ્થા |
| NRRP | - | રાષ્ટ્રીય પુનઃવસન અને પુનઃસ્થાપન નીતિ |
| OBC | - | અન્ય પછાત વર્ગ |
| OP | - | કામગીરીની નીતિ |
| PAF | - | પ્રોજેક્ટથી અસરગ્રસ્ત કુટુંબ |
| PAP | - | પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ |
| PIU | - | પ્રોજેક્ટ અમલીકરણ એકમ |
| R&BD | - | માર્ગ અને મકાન વિભાગ |
| R&R | - | પુનઃવસન અને પુનઃસ્થાપન |
| RAP | - | પુનઃવસન કાર્ય/કામગીરી આયોજન |
| RHS | - | જમણી હાથ બાજું |
| RoW | - | રાઇટ ઑફ વે |

| | | |
|---|---|---|
| RPF | - | પુનઃવસન નીતિનું માળખું |
| SC | - | અનુસૂચિત જાતિ |
| SH | - | રાજ્ય રાજમાર્ગ |
| SIA | - | સામાજીક અસરોનું મૂલ્યાંકન |
| sq.m | - | ચોરસ મીટર |
| ST | - | અનુસૂચિત જન જાતિ |
| TCIF | - | ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઑફ ઇન્ડીયા ફાઉન્ડેશન |
| TDP | - | આદિજાતિ વિકાસ આયોજન |
| Wઘર | - | મહિલા કુટુંબના વડા હોય તેવું કુટુંબ |

# 1. પ્રસ્તાવના

## 1.1. પૂર્વ ભૂમિકા

1. ગુજરાત સરકાર, માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગુજરાત રાજ્ય હાઈવે પ્રોજેક્ટ (GSHP-II) બીજી વખત હાથ પર લીધેલ છે. રાજ્યના પસંદ કરવામાં આવેલ માર્ગોની ઉન્નતિ, જાળવણી અને મુખ્ય માર્ગની સુધારણાની કામગીરી હાથ ધરી છે. ગુજરાત સરકાર આ કામગીરી વિશ્વ બેંકની સહાયથી કરવા ઈચ્છે છે. 1577 કિ.મી.ના માર્ગોના ઉન્નતિના પ્રોજેક્ટમાં: (i) 983 કિ.મી. માર્ગોની ઉન્નતિ કે જેમાં એક લેન / મધ્યવતી લેન રોડમાંથી 2 લેનના / 2 લાઈનની બંને બાજુની પેવ શોલ્ડર્સ / 4 લેન માર્ગોનું મજબુતીકરણ/ઉન્નતિ, અને (ii) બાકી રહેતા 594 કિ.મી. માર્ગની મુખ્ય જાળવણી, તેમને આપવામાં આવેલ અગ્રતા મુજબ હાથ ધરવી, માર્ગ અને મકાન વિભાગ . તેમજ ગુજરાત સરકારે પસંદ કરેલા 9 માર્ગ, એકંદરે ૩૯૪ કિમી લંબાઈનું કામ પહેલા વર્ષ દરમ્યાન પરિયોજના હેઠળ અમલીકરણમાટે હાથ ધરવામાં આવશે (ટેબલ 1.1). પસંદ કરવામાં આવેલ માર્ગોની વિગતો **(**ચિત્ર 1-1**)** માં આપવામાં આવેલ છે.

**ટેબલ 1.1: પ્રોજેક્ટના માર્ગ**

| અનુ ક્રમ | માર્ગના નામ | લંબાઈ (કિ.મી.) | હાલનું બંધારણ | ઉન્નતિના વિકલ્પ | રાઇટ ઑફ વે (RoW) (મી) |
|---|---|---|---|---|---|
| માર્ગોની ઉન્નતિ | | | | | |
| 1 | ડભોઈ-બોડેલી | 38.60 | 2L | 2L+PS+HS | 30 |
| 2 | ધંધુકા-ધોલેરા | 27.00 | IL | 2L+HS | 24 |
| 3 | આટકોટ-ગોંડલ | 35.55 | NTL | 2L+HS | 30 |
| 4 | મહેસાણા-હિંમતનગર | 60.70 | 2L / 2L+PS | 4L+HS+Drain | 30 |
| 5 | ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ) | 41.91 | 2L | 2L+PS+HS & 4L+FP+CD | 24 |
| 6 | બાયડ-લુણાવાડા | 44.86 | IL, SL / 2L | 2L+HS | 12-18 |
| 7 | ધનસુરા-મેઘરજ | 43.05 | SL, IL | 2L+HS | 24 |
| 8 | લુણાવાડા-ખેડાપા | 56.70 | 2L / SL | 2L+HS | 24 |
| જાળવણીમાટેના માર્ગ | | | | | |
| 10 | ધંધુકા-પાળીયાદ | 46.10 | NTL / 2L | MN | 30 |
| | કુલ | **394.47** | | | |

**SL** – એક લેન, **2L** – બે લેન, **IL** – ઇન્ટરમીડીએટ લેન, **NTL** – નેરો બે લેન, **4L** – ચાર લેન, **PS** – બાજુના કિનારા સમતળ બનાવવા, **HS** – બાજુના કિનારા પાકા બનાવવા, **FP+CD** – ફૂટપાથ, બંધ ગટર સાથે

2. આ અહેવાલમાં GSHP-II ના માર્ગોના પ્રથમ તબક્કાના અમલીકરણ માટે હાથ પર લેવાનાર માર્ગો સબંધી સામાજિક મૂલ્યાંકન અને પુનર્વસનનું એક્શન પ્લાન રજુ કરવામાં આવેલું છે. વિશ્વ બેન્કની સુરક્ષાની નીતિ મુજબ, સામાજિક મૂલ્યાંકનની સ્વતંત્ર સમીક્ષા, મેસર્સ વેપકોસ દ્વારા કરવામાં આવેલ છે.

સામાજિક મૂલ્યાંકન ના અહેવાલના મુસદ્દા પર સ્વતંત્ર સમીક્ષાના પરિણામો અને અવલોકનો નો નિર્દેશ કરવામાં આવેલ છે,અને તેમને અહેવાલમાં સામેલ કરવામાં આવેલ છે.

## 1.2 ડિઝાઈન તૈયાર કરવી

### *1.2.1. મજબુતીકરણ/ ઉન્નતિ માર્ગો*

3. વર્ષ 2042 સુધી માર્ગો પર થનાર સંભવિત ટ્રાફીકને ધ્યાને લઈ, માર્ગોની ઉન્નતિ અને પુનઃ સ્થાપનની દરખાસ્તો GSHP-II માર્ગોમાટે સૂચવવામાં આવેલ છે. સૂચિત મુખ્ય માર્ગ અનુભાગ ની વિગતો ટેબલ **1-2** નીચે રજુ કર્યો છે.

**ટેબલ 1-2: GSHP-II કોરીડોર માટે સૂચિત ક્રોસ સેક્શન**

| અનુક્રમ | માર્ગના નામ | હાલનું બંધારણ | ચોક્કસ સુધારાના વિકલ્પો | | સંદર્ભના આંકડા |
|---|---|---|---|---|---|
| | | | ગ્રામીણ વિસ્તાર | શહેરી વિસ્તાર | |
| 1 | ડભોઈ-બોડેલી | 2L | 2L+PS+HS | 2L+PS+HS | ચિત્ર 1-2 |
| 2 | ધંધુકા-ધોલેરા | IL | 2L+HS | 2L+HS | ચિત્ર 1-3 |
| 3 | આટકોટ-ગોંડલ | NTL | 2L+HS | 2L+HS | ચિત્ર 1-3 |
| 4 | મહેસાણા-હિંમતનગર | 2L / 2L+PS | 4L +HS | 4L+HS+Drain | ચિત્ર 1-4 |
| 5 | ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ) | 2L | 2L+PS+HS | 4L+FP+CD | ચિત્ર 1-5 |
| 6 | બાયડ-લુણાવાડા | IL, SL / 2L | 2L+HS | 2L+HS | ચિત્ર 1-3 |
| 7 | ધનસુરા-મેઘરજ | SL, IL | 2L+HS | 2L+HS | ચિત્ર 1-3 |
| 8 | લુણાવાડા-ખેડાપા | 2L / SL | 2L+HS | 2L+HS | ચિત્ર 1-3 |

*SL – એક લેન, 2L – બે લેન, IL – ઇન્ટરમીડીએટ લેન, NTL – નેરો બે લેન, 4L – ચાર લેન, PS – બાજુના કિનારા સમતળ બનાવવા, HS – બાજુના કિનારા પાકા બનાવવા, FP+CD – ફૂટપાથ, બંધ ગટર સાથે*




ચિત્ર **1-1:** પરિયોજનાના માર્ગો

4. મુખ્ય માર્ગ અનુભાગની ઉન્નતિ માટે તેમને પહોળા કરવા, મજબુત કરવા અને અથવા પુન:નિર્માણ કરવા ઉપરાંત અન્ય પગલાં લેવામાં આવેલ છે, જેની વિગતો નીચે મુજબ છે:

- આડી અને ઉભી સીધ એવી રીતે કરવી જેથી ઓછામાં ઓછી જમીનનું સંપાદન કરવું પડે, અને વૃક્ષો કાપવાનું કે માર્ગમાં આવતી સેવાઓ, માર્ગની બાજુના મકાનો, બાંધકામ વિગેરેને શક્ય તેટલી હદે ખલેલ પહોંચાડવામાં ન આવે,
- ચોક અને જંકશનમાં ઉન્નતિ કરવી,
- માર્ગની બાજુમાં આનુષાંગિક વધારો જેવા કે, મુખ્ય માર્ગની બાજુમાં સાઈનબોર્ડ મુકવા, ડેલીનીએટર ગાર્ડ રેલ બનાવવા, , સ્ટ્રીટ લાઇટની વ્યવસ્થા વિગેરે., અને
- માર્ગની બાજુમાં સગવડો જેવી કે રસ્તાની બાજુની ગટર લાઇન, રાહદારીઓમાટે ફૂટપાથ, ચાલનારાઓ અને પશુઓમાટે રસ્તો પાર કરવાની સગવડ (Zebra crossing), બસો ઊભી રહેવામાટેની જગ્યા, બસના સ્ટેન્ડ, પાર્કીંગ માટેની જગ્યા વિગેરે.




ચિત્ર **1-2:** નમૂનારૂપ ક્રોસ સેકશન બે લેનમાટે ફરસ બંધી અને મજબુત કિનારાવાળું **(2L+PS+HS)** વિકલ્પ




ચિત્ર **1-3:** નમૂના રૂપ ગ્રામીણ ક્રોસ સેકશન; બે લેનનું મજબુત કિનારાવાળું વિકલ્પ **(2L+HS)**




ચિત્ર **1-4:** નમૂનારૂપ શહેરી ક્રોસ સેકશન, મજબુત કિનારાવાળું **(4L+HS)** ગટરના વિકલ્પ સાથે




ચિત્ર **1-5:** નમૂનારૂપ શહેરી ક્રોસ સેકશન; ૪ લેન મજબુત કિનારાવાળું **(4L+HS)** ફૂટપાથ અને બંધ ગટરના વિકલ્પ વાળું

### *1.2.2. માર્ગોની જાળવણી*

5. માર્ગોની જાળવણીમાં રસ્તાની સપાટી પર પાતળું થર બનાવવા, સ્વરૂપ સુધારવા, માર્ગની બાજુના કિનારા ભાગની મરમ્મત અને જળ વ્યવસ્થા સાથે બંધારણીય સાધારણ સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. માર્ગ જાળવણીના બધા સુધારા રાઇટ ઑફ વે (RoW)ની મર્યાદામાં સૂચવવામાં આવેલ છે. જાળવણીના ઘટકમાં, જમીન અને મિલ્કતો સાથે જમીનના માલીક ના હોય તેવા ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ નથી. પરિણામે, અસરો ખાસ કરીને બાંધકામ તબક્કે/જાળવણી તબક્કે મર્યાદિત છે, જે ટૂંકી મુદ્દતના છે, અને ખાસ ઉલ્લેખ પાત્ર નથી. પર્યાવરણ અને સામાજીક વ્યવસ્થાપન માળખું (ESMF) જાળવણીની કામગીરીમાટે તૈયાર કરવામાં આવેલ છે, જે મર્યાદિત પ્રમાણની પર્યાવરણની અને સામાજીક અસરોના ઉપાય કરશે, જે જાળવણીની કામગીરી દરમ્યાન વિવિધ તબક્કે જેવા કે માર્ગોનું પ્રોજેક્ટ તૈયાર કરવું, અમલીકરણ અને જાળવણીના તબક્કે ઉદ્દભવી શકે છે.

## 1.3. સામાજીક પૃથ્થકરણ

6. પ્રોજેક્ટ તૈયાર કરવાના પ્રાથમિક તબક્કે, 1577 કિ.મી.ના માર્ગ જેમાં DPR માર્ગોનો પણ સમાવેશ થાય છે, તેને પ્રથમ તબક્કામાં હાથ પર લેવામાં આવશે. સ્થળ મુલાકાતોનું પૃથ્થકરણ, હિત ધરાવનારાઓ સાથે પરામર્શ અને ગૌણ માહિતીની સમીક્ષા પૃથ્થકરણનો આધાર બનશે. પૃથ્થકરણના ચાવીરૂપ પરીણો, જે સામાજીક પાસાને લગતા છે, તે ટેબલ 1-3માં બતાવવામાં આવેલ છે.

ટેબલ **1-3:** પૃથ્થકરણના પરિણામો-સામાજીક પાસું

- શકય હોય ત્યાં સુધી ઉપલબ્ધ રાઇટ ઑફ વે (RoW)ની મર્યાદામાં રોડના અનુભાગ સમાવવામાં આવશે, તેથી મોટા પ્રમાણમાં DPR માર્ગોમાટે જમીન સંપાદનનો વિચાર કરવામાં નથી આવ્યો. જ્યાં ટાળી શકાય તેમ ન હોય ફક્ત તે સ્થળો એ જ જમીન સંપાદન કરવામાં આવશે. (i) એવા સ્થળો જ્યાં ભૌમિતિક સુધારા જરૂરી હોય, (ii) માર્ગની પાયાની

પહોળાઈ પણ રાઇટ ઑફ વે (RoW)માં સમાવી શકાય તેમ ન હોય, (iii) એવા સ્થળો જેમાં રોડની સલામતી વધારવામાટે સુધારા જરૂરી હોય, નવા પુલો સુધી પહોંચવાના માર્ગ બનાવવા, વિગેરે સૂચિત માર્ગોની આસપાસમાં કોઈ મોટી વસ્તી આવેલ નથી, જેથી માર્ગોના વિકાસમાટે બાય-પાસ બનાવવામાટે નડતર રૂપ થાય.

- 8 સુધારા માટેના માર્ગો પૈકી, બે માર્ગો સાથે (બાયડ-લુણાવાડા અને મહેસાણા-હિંમતનગર) ખાનગી જમીન પર વધારે અસર પડે તેમ છે. (આ 2 માર્ગોમાં, 8 માર્ગોમાટે કુલ જમીન સંપાદનની 88% જમીનની જરૂર પડશે. આની વિગતો પ્રકરણ 6માં આપવામાં આવેલ છે). બાયડ-લુણાવાડા માર્ગના કેટલાક ભાગમાં ગ્રામીણ વિસ્તાર / મુખ્ય જીલ્લા માર્ગ (MDR) ના 12.4 કિ.મી.ના માર્ગને પહોળો કરવાનો છે, જેનો બે લાઈનના માર્ગ માટે રાઇટ ઑફ વે (RoW) 15 મીટરથી ઓછો છે. જ્યારે મહેસાણા હિંમતનગરમાટે હાલના બે લેનના માર્ગમાંથી ચાર લેનનો માર્ગ બનાવવાનો વિચાર કરવામાં આવેલ છે. જેથી વધારે જમીન સંપાદનની જરૂર પડશે.
- સ્થળ મુલાકાતોના પૃથ્થકરણ અને પરામર્શના આધારે, બધા DPRના માર્ગોના રાઇટ ઑફ વે (RoW) દબાણ મુક્ત છે; સિવાય કે જંકશન્સ અને વસવાટનો થોડા વિસ્તાર. આ માલિકી ન ધરાવતા લોકો પર થનાર અસરના ઉપાયોને વિગતવાર ડિઝાઈન તૈયાર કરતી વખતે, સલાવી લેવામાં આવશે.
- પરિયોજનાના માર્ગ ડભોઈ-બોડેલી, આટકોટ-ગોંડલ અને મહેસાણા-હિંમતનગર માર્ગો પર પશુઓની અવરજવર જોવા મળેલ છે.
- જળાશયો જેવા કે ખુલ્લા કૂવા, તળાવો, સરોવરો જે માર્ગોની આસપાસના વિસ્તારમાં સ્થિત છે, જો કે આ જળાશયો પર આ પરિયોજનાની અસર નહીંવત પડશે, કારણ કે, તે આ પરિયોજનાના સ્થળથી ઘણી દૂર આવેલ છે. જ્યાં તે માર્ગોની નજીક આવેલા છે, ત્યાં, આવા જળાશયો પર ઓછામાં ઓછી અસર થાય તેની કાળજી લેવામાં આવશે.
- નીચે બતાવેલ માર્ગો આદિવાસી તાલુકાઓમાંથી પસાર થાય છે, જે પાંચમા પરિશિષ્ટમાં સમાવવામાં આવેલ છે. DPR માર્ગો: ડભોઈ-બોડેલી, ધનસૂરા-મેઘરજ અને લુણાવાડા-ખેડાપા. જો કે આદિવાસીઓની માલિકીની જમીનને પરિયોજના માટે વિચારણામાં લેવામાં નથી આવી કારણ કે, પરિયોજનાનું વલણ શક્ય તેટલી ઓછી જમીન સંપાદન કરવાનો છે, અને ખાનગી મિલ્કતો પર શક્ય તેટલી ઓછી અસર પડે તેમ કરવાનું છે. વિશ્વ બેંકની નીતિ અનુસાર (OP 4.10-દેશી લોકો), વિશ્વ બેંક સમક્ષ નાણાકીય હેતુમાટે, દરખાસ્ત કરવામાં આવતા પ્રોજેક્ટમાં જેમાં દેશી લોકોને અસર પડતીહોય, તેમાં મુક્ત, અગાઉથી અને માહિતી સાથે સૂચિત પ્રોજેટમાટે અસર પડતી હોય તેવા આદિવાસીઓના સમુદાયો સાથે પ્રોજેક્ટના દરેક તબક્કે ખાસ કરીને પરામર્શ (FPIC) જરૂરી છે, જેથી તેમના વિચારો બરાબર રીતે જાણી શકાય, અને પ્રોજેક્ટમાટે તેમના સમુદાયનો બહોળા પ્રમાણમાં સમર્થન મેળવવો, તે મુજબ આદિવાસી વિકાસ આયોજન, આ તાલુકામાં પડતા માર્ગ વિસ્તારોમાટે તૈયાર કરવામાં આવશે અને આદિવાસી સમુદાયની FPICમાં માર્ગો સાથે તેનો સમાવેશ કરવામાં આવશે. આ કામગીરી પ્રોજેક્તની અસરના ઉપાયોને અંતિમ રૂપ આપતા પહેલાં કરવામાં આવશે.
- પૃથ્થકરણના તબક્કે એવું જણાયું છે કે, લોકો આ માર્ગોના વિકાસનું સ્વાગત કરે છે. માર્ગોની નજીકમાં રહેતા સમુદાયો દ્વારા નીચેના સૂચનો મોકલવામાં આવ્યા છે, જે પ્રોજેક્ટની ડિઝાઈન તૈયાર કરતી વખતે વિચારણામાં લઈ શકાય. જંકશન સુધારણામાં પૂરતી રોશનીની વ્યવસ્થા હોય, ગટરો બનાવવામાં આવે અને માર્ગોની બાજુના પાણીના નિકાલ માટે નીક, નાળું, ગરનાળું બનાવવામાં આવે. માર્ગોની બાજુમાં પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવે, અને જાહેર શૌચાલયો જેવી સુવિધાઓ બનાવવામાં આવે, શહેરી વિસ્તારોમાં સુરક્ષા/માર્ગ સલામતીના પગલાં જેવા કે ગતિરોધક, ઝેબ્રા ક્રોસીંગ, ફૂટપાથ, ગાર્ડ રીલ, સાઇન બોર્ડ, શેરીઓમાં રોશની વ્યવસ્થા વિગેરે અને સંવેદનશીલ વિસ્તારોમાં અવાજ ઓછો થાય તેવા બાંધકામ (હોસ્પિટલ, શાળાઓ વિગેરે).

### 1.4. હકારાત્મક અને નકારાત્મક અસરો

7. સૂચિત પ્રોજેક્ટની હકારાત્મક અને નકારાત્મક બંને પ્રકારની અસરો છે. હિત ધરાવનારાએ રજુ કરેલા હકારાત્મક પાસા આ મુજબ છે, (i) આ પ્રોજેક્ટથી લોકો અને સામાનની હેરફેર ઝડપી બનશે, જેથી સ્થાનિક અને રાજ્ય કક્ષાએ આવકમાં વધારો થશે. (ii) લોકોને એવું લાગ્યું કે એક વસ્તી બીજી વસ્તીજો માર્ગો દ્વારા જોડાય તો નક્કર પ્રગતિ થઈ શકશે. (iii) વિકાસ આડે આવતી અડચણો દૂર થશે અને કૃષિ, વેપાર, શિક્ષણ, આરોગ્ય અને સમાજ કલ્યાણના ક્ષેત્રમાં પ્રગતિ થઈ શકશે. (iv) મુસાફરીનો સમય ઘટશે. (v) બહેતર ડિઝાઈન અને સુરક્ષાના પગલાં લેવાથી અકસ્માતોનું પ્રમાણ ઘટશે. લોકો દ્વારા રજુ કરવામાં આવેલા નકારાત્મક પાસા આ મુજબ છે. (i) જમીન ગુમાવવી; (ii) લોકો નિર્વાસિત થશે; (iii) રોજગાર ગુમાવશે; અને (iv) સામુદાયિક મિલ્કતો ગુમાવશે. નીચેના વિભાગોમાં પ્રોજેક્ટની નકારાત્મક અસરો ઘટાડવામાટે અથવા તેને દૂર કરવામાટે કરવામાં આવનાર પ્રયત્નો બતાવવામાં આવેલા છે.

# 2. GSHP II સામાજીક અસરો ઘટાડવામાટેનું અભિગમ

### 2.1. GSHP-IIમાં સામાજીક અસરો ઘટાડવામાટે અને ઓછામાં ઓછી જમીન સંપાદન કરવાની જરૂર પડે તેમાટેનું અભિગમ

8. જમીન સંપાદન ટાળવા જાગૃતિ પૂર્વકના પ્રયત્નો કરવામાં આવે છે, અને પુનઃ વસનની અસરોને GSHP-II પ્રોજેક્ટ તૈયાર કરવાના અને ડિઝાઈન તૈયાર કરવાના આંતરિક ભાગ તરીકે સમાવી લેવામાં આવેલ છે, જ્યાં ટાળીના શકાય તેવા સંજોગો હોય ત્યાં ડિઝાઈનમાં ફેરફાર કરીને ન્યૂનતમ જમીન સંપાદન કરવું પડે, તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. ન્યૂનતમ જમીન સંપાદન કરવું પડે તેમજ પુનર્વસનની અસરો શક્ય તેટલી ઘટાડવામાટે ત્રણ તબક્કાની કાર્યરચના તૈયાર કરવામાં આવેલ છે. અને તે નીચેના ભાગમાં વિગતવાર જણાવવામાં આવેલ છે. તે ચિત્ર 2-3માં બતાવવામાં આવેલ છે.

#### *2.1.1. ઉપલબ્ધ રાઇટ ઑફ વે (RoW)ની અંદર સુધારાનું આયોજન કરવું*

9. હસ્તાંતરણ માટે ToR મુજબ, ડિઝાઈન ટીમને રાઇટ ઑફ વે (RoW)ની મર્યાદામાં જ ક્રોસ સેકશન બનાવવામાટે સલાહ આપવામાં આવેલ. ફક્ત જ્યાં ટાળી ન શકાય, ત્યાં જ જમીન સંપાદન પ્રોજેક્ટમાં સામેલ કરવામાં આવશે; અને તેમાં નીચેની બાબતોનો સમાવેશ થઈ શકે છે :

- એવા સ્થળો જ્યાં ભૌમિતિક રીતે સુધારા કરવાના થતા હોય
- સાંકળા સ્થળો, જ્યાં રાઇટ ઑફ વે (RoW)ની જગ્યા અપૂરતી હોય અને પૂરતી પહોળાઈના માર્ગ બની શકે તેમ ન હોય.

- એવા સ્થળો જ્યાં માર્ગ સુરક્ષા વધારવામાટે, નવા પુલ સુધી પહોંચવાના રસ્તા બનાવવામાટે જરૂરી હોય.

10. તે મુજબ, રાઇટ ઑફ વે (RoW)ને લગતી માહિતી દરેક R&BDના ક્ષેત્રિય વિભાગોમાંથી, સંબંધિત પ્રોજેક્ટ માર્ગમાટે એકત્રિત કરવામાં આવી. જે ટેબલ 2-1માં બતાવવામાં આવેલ છે, રાઇટ ઑફ વે (RoW) માટે 24 મીટર જગ્યા બધા માર્ગો પર ઉપલબ્ધ છે, સિવાય કે બાયડ-લુણાવાડા.

### *2.1.2. અસરવાળા માર્ગોમાટે અપનાવવાનું અભિગમ*

11. GSHP-IIમાં અસરવાળા માર્ગો (અસર વાળો માર્ગ (COI)) પ્રત્યેનું એવું અભિગમ અપનાવવામાં આવ્યું છે, જે રાઇટ ઑફ વે (RoW)[1]ની અંદર રહીને પર્યાવરણીય અને સામાજીક લાક્ષણિક્તા પરની અસર ઘટાડી શકાય. પ્રોજેક્ટ ડિઝાઈનમાં સામાજીક મુદાનો સમાવેશ થાય, તેની ખાતરી રાખવામાં આવેલ છે, જેથી આ માર્ગ પરની અસરો ઘટાડી શકાય, જે સ્વીકાર્ય ડિઝાઈનના સિદ્ધાંતો અને ધોરણો મુજબ હોય, અને ઓછામાં ઓછા લોકો નિર્વાસિત થાય અને પ્રોજેક્ટની અન્ય અસરો પણ ઘટી શકે. . અસર વાળો માર્ગ એટલે સૂચિત રોડ ક્રોસ સેક્શન ના  ટો વોલ વચ્ચેની પહોળાઈ. અસર વાળો માર્ગ (અસર વાળો માર્ગ (CoI)) ની સમજૂતી નીચે ચિત્ર 2-1માં આપવામાં આવેલ છે.




ચિત્ર **2-1:** કોરીડોર ઑફ ઈમ્પેક્ટ અને માર્ગ પર ચાલવાનો ભાગ – ચિત્ર

[1] RoW એ કાયદેસરનો માર્ગ છે, જે રાજ્ય સરકારની માલિકીની જાહેર હેતુઓમાટેની જમીન છે, એ ફાળવણીમાટે તેનો વહિવટ મા. અને મ.વિભાગ દ્વારા કરવામાં આવે છે. CoI એ માર્ગના વાસ્તવિક બાંધકામમાટેની જરૂરી પહોળાઈ છે, જેમાં કેરેજવે, શોલ્ડર અને એમ્બાર્કમેન્ટનોસમાવેશ થાય છે. મહેસાણા-હિંમતનગર, CoIનો નિર્ણય, વનવિભાગની મંજૂરીના આધારે લેવામાં આવશે.

### *2.1.3. માર્ગદીઠ અલગ ઉપાય કરવા જેવી . અસર વાળો માર્ગ (CoI)ની અંદર અસરો ન્યૂનતમ રીતે ઘટાડી શકાય.*

12. અસરવાળા માર્ગ (CoI)ની અંદર અસરગ્રસ્ત વ્યક્તિઓની ગણતરી અને સામાજીક-આર્થિક સર્વે કરાવવામાં આવેલ. લોકો પર થતી અસરો હજુ કેટલી ઘટાડી શકાય છે, તેના પર ડિઝાઈનના આખરી તબક્કામાં વિચાર કરવામાં આવેલ. મિલ્કતો, જેના પર અસર થતી અટકાવી શકાય તેમ હોય, તેમને બચાવવામાં આવેલ છે, તે માટે ડિઝાઈનમાં જરૂરી ફેરફાર કરવામાં આવેલ છે; અને સુરક્ષામાટેના ઉપાય લેવામાં આવ્યા છે. અસર ન્યૂનતમ કરવાના પગલાંની સમજૂતી આપતી વિગતો ચિત્ર 2-2માં આપવામાં આવેલ છે.






ચિત્ર **2-2:** અસરને ન્યૂનતમ કરવી – ઘોઘાધર ગામ, આટકોટ-ગોંડલ

13. ડિઝાઈન સુધારા માટે ડિઝાઈન ટીમ સાથે સંયુક્ત પ્રયાસથી અસર ન્યૂનતમ કરવામાં આવી હતી. આનાથી પરામર્શ દરમ્યાન સમુદાયની મળેલ ફરિયાદો/સૂચનો, શક્ય તેટલી હદે સમાવવામાં આવ્યા છે. ટેબલ 2-1 સંક્ષિપ્તમાં કેટલા બાંધકામ બચાવવામાં આવ્યા તેની વિગતો દર્શાવે છે. શરૂઆતની ડિઝાઈન મુજબ અસરગ્રસ્ત થતા લગભગ અડધા જેટલા બાંધકામો, ત્રણ તબક્કાની અસર ઘટાડવાની કામગીરી દ્વારા બચાવી લેવામાં આવ્યા છે.

ટેબલ **2-1:** ડિઝાઈન માં ફેરફાર કરીને બચાવવામાં આવેલ બાંધકામોની યાદી

| અનુક્રમ | પ્રોજેક્ટ માર્ગ | ડિઝાઈન માં ફેરફાર કર્યા પહેલા બાંધકામોની સંખ્યા | ડિઝાઈન માં ફેરફાર કરીને બચાવવામાં આવેલા બાંધકામોની સંખ્યા | ડિઝાઈન માં ફેરફાર કર્યા બાદ અસરગ્રસ્ત બાંધકામોની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | ડભોઈ-બોડેલી | 37 | 18 | 18 |
| 2 | ધંધુકા-ધોલેરા | 12 | 4 | 4 |
| 3 | આટકોટ-ગોંડલ | 161 | 36 | 36 |
| 4 | મહેસાણા-હિંમતનગર | 247 | 245 | 245 |
| 5 | ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ) | 66 | 40 | 40 |
| 6 | બાયડ-લુણાવાડા | 349 | 349 | 349 |
| 7 | ધનસુરા-મેઘરજ | 56 | 24 | 24 |
| 8 | લુણાવાડા-ખેડાપા | 67 | 13 | 13 |

| અનુક્રમ | પ્રોજેક્ટ માર્ગ | ડિઝાઈન માં ફેરફાર કર્યા પહેલા બાંધકામોની સંખ્યા | ડિઝાઈન માં ફેરફાર કરીને બચાવવામાં આવેલા બાંધકામોની સંખ્યા | ડિઝાઈન માં ફેરફાર કર્યા બાદ અસરગ્રસ્ત બાંધકામોની સંખ્યા |
|---|---|---|---|---|
| કુલ | | 995 | 266 | 729 |

સ્રોત: લાસા, 2012

**ચિત્ર 2-3: જમીન સંપાદન અને પુનર્વસનની અસરો ન્યૂનતમ કરવા પ્રયત્નો અભિગમ**

# 3. કાનુની અને નીતિ વિષયક માળખું

14. પ્રોજેક્ટ સંબંધિત, લાગુ પડતા કાયદાઓ અને નીતિઓની સમીક્ષા કરવામાં આવી અને તેનો પ્રોજેક્ટ સાથેનો સંબંધ ટેબલ 3-1 માં બતાવવામાં આવેલ છે. મા. અને મ.વિ.એ વાતની ખાતરી રાખશે કે પ્રવૃત્તિઓનું અમલીકરણ નીચે જણાવેલ નિયમને/કાનૂની ઢાંચા મુજબ હોય.

**ટેબલ 3-1: રાષ્ટ્રીય અને વિશ્વ બેંકની નીતિ : પ્રોજેક્ટ સાથે સંબંધ અને પ્રોજેક્ટને લાગુ પડવું**

| અનુક્રમ | કાયદા અને નીતિ | આ પ્રોજેક્ટ સાથે સંબંધ | લાગુ પડવું |
|---|---|---|---|
| 1 | જમીન સંપાદન અધિનિયમ, 1894 | પ્રોજેક્ટ માટેની જરૂરી જમીન આ કાયદાની જોગવાઈઓ મુજબ સંપાદિત કરવામાં આવશે | પ્રોજેક્ટના બધા માર્ગોને લાગુ પડે છે. |
| 2 | રાષ્ટ્રીય પુનર્વસન અને પુનઃસ્થાપન નીતિ(NRRP), 2007 | આ નીતિમાં પાયાની લઘુતમ જરૂરિયાત બતાવવામાં આવેલ છે. રાજ્ય સરકાર અને અન્ય સંસ્થાઓ, આ નીતિમાં બતાવેલલાભો કરતાં વધુ મોટા લાભોમાટે વિકલ્પ આપી શકે છે. | પ્રોજેક્ટના બધા માર્ગોમાટે લાગુ પડે છે. |
| 3 | પંચાયત જોગવાઈ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવું) અધિનિયમ, 1996 | આ અધિનિયમની એક અગત્યની જોગવાઈમાં એવું કહેવામાં આવ્યું છે કે અનુસૂચિત વિસ્તારોમાં વિકાસમાટે ગ્રામ સભા અથવા પંચાયત યોગ્ય સ્તરે, જમીન સંપાદન કરતા પહેલાં પરામર્શ કરવો, અને અસરગ્રસ્તોના પુનઃસ્થાપન કે પુનર્વસન અનુસૂચિત વિસ્તારમાં કરતા પહેલાં પરામર્શ કરવું." | પાંચમી અનુસૂચિતના વિસ્તારોને લાગુ પડે છે, એટલેકે ડભોઈ-બોડેલી; લુણાવાડા-ખેડાપા, ધનસુરા-મેઘરજ |
| 4 | અનુસૂચિત જાતિ અને અન્ય વન વાસીઓ (વનના હકો) અધિનિયમ, 2006 | આ કાયદો વનવાસીઓના અનુસૂચિત જાતિઓના અધિકારો બતાવે છે, જેઓ તા. ૧૩/૧૨/૨૦૦૫ પહેલાં વનવિસ્તારની જમીન ધરાવતા હતા, ઉપરાંત એવા વનવાસીઓ જે ત્રણ પેઢીથી એ વિસ્તારમાં રહેતા હોય, એટલે કે ૭૫ વર્ષથી રહેતા હોય, ૪ હેક્ટર સુધી મર્યાદિત છે. આ હકો વારસાગત છે, પરંતુ તે તબદીલ કરી શકાય તેમ નથી કે તેમની પાસેથી લઈ શકાય તેમ નથી. | પ્રોજેક્ટના માર્ગો ડભોઈ-બોડેલી; લુણાવાડા-ખેડાપા, ધનસુરા-મેઘરજને લાગુ પડે છે. |
| 5 | વિશ્વ બેંક ની કામગીરીની નીતિ 4.12 સ્વૈચ્છિક ન હોય તેવું પુનર્વસન | ગુમાવેલ જમીન અને મિલ્કતોમાટે રોકડ વળતર પૂરતું હોવું જોઈએ. લાભોની પાત્રતામાં, પ્રોજેક્ટ અસરગ્રસ્ત લોકોનો જમીન પર કાયદેસરનો હક છે, (જેમાં રિવાજ મુજબ અને પરંપરાગત જમીનના હકો, જે કાયદા હેઠળ માન્ય છે, તેનો સમાવેશ થાય છે.) જે પ્રોજેક્ટ અસરગ્રસ્ત લોકોના આવા અધિકાર ન હોય, પણ જમીન ધરાવતા | પ્રોજેક્ટના બધા માર્ગો માટે લાગુ પડે છે. |

| અનુક્રમ | કાયદા અને નીતિ | આ પ્રોજેક્ટ સાથે સંબંધ | લાગુ પડવું |
|---|---|---|---|
| | | હોય, કમજોર વર્ગની જરૂરિયાતો ધ્યાને રાખવી, નિર્વાસિત થયેલા લોકોને સમયસરની અને સંબંધિત જાણકારી, પુનર્વસનના વિકલ્પો બાબતે તેમની સાથે પરામર્શ, તેમને આયોજનમાં ભાગ લેવાની તક પણ આપવામાં આવી, અને પુનર્વસનની દેખરેખમાટે પણ તક આપવામાં આવી. તેમની ફરિયાદો દૂર કરવામાટેનું તંત્ર પણ બનાવવામાં આવ્યું. | |
| 6 | કામગીરીની નીતિ 4.10 સ્થાનિક લોકો | પ્રોજેક્ટમાં બેંકથી નાણાકીય સહાય મેળવવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ દરખાસ્તથી સ્થાનિક લોકોને અસર થાય તેમ છે, તેથી તેમની સાથે મુક્તરીતે અગાઉથી, પૂરતી જાણકારી સાથે પરામર્શ કરવો (FPIC) બેંકના નિયમો અનુસાર આવશ્યક છે. આ પરામર્શ પ્રોજેક્ટના દરેક તબક્કે કરવાનો રહેશે. ખાસ કરીને પ્રોજેક્ટ તૈયાર કરવાના તબક્કે જેથી તેમના મંતવ્યો પૂરેપૂરા જાણી શકાય, અને આ સમુદાયનો પ્રોજેક્ટમાટે સમર્થન મેળવી શકાય. અને સ્થાનિક લોકોના વિકાસમાટે Indigenous Peoples Pજમીન સંપાદન અધિનિયમ n/આદિજાતી વિકાસ આયોજન તૈયાર કરવાનું હોય છે. | પ્રોજેક્ટના માર્ગો ડભોઈ-બોડેલી; લુણાવાડા-ખેડાપા, ધનસુરા-મેઘરજને લાગુ પડે છે. |
| 7 | માહિતી અધિકાર અધિનિયમ, 2005 | આ અધિનિયમની નાગરીકોને પ્રોજેક્ટ અંગે જાણવાનો અધિકાર મળે છે. જેથી કામની પારદર્શિતા વધે છે, અને દરેક સરકારી અધિકારીની કામની જવાબદારી નિશ્ચિત થાય છે. | પ્રોજેક્ટના બધા માર્ગોમાટે લાગુ પડે છે. |

# 4. હિત ધરાવનારાઓ સાથે પરામર્શ

15. હિત ધરાવનારાઓ મોટા વર્ગ સાથે પરામર્શ કરવામાં આવે જેમાં અસરગ્રસ્ત સમુદાયો, સરકારી એજન્સીઓ, નગરપાલિકાના અધિકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરે સામેલ હતા. આ પરામર્શ પ્રોજેક્ટમાં હિત ધરાવનારાઓ પાસેથી માહિતી મેળવવામાટે તેમજ અસરગ્રસ્ત લોકોના વિચારો મેળવવા અને સૂચનો મેળવવામાટે (પ્રોજેક્ટ વિશે વિચારો અને સૂચનો મેળવવા) અને પ્રોજેક્ટ વિશે લોકો દ્વારા સામાન્ય રીતે વ્યક્ત કરવામાં આવેલ વિચારો અને ખાસ કરીને અસરગ્રસ્ત લોકોના ખાસ વિચારો ઉપર વિગતવાર ચર્ચા કરવામાં આવી. આ ચર્ચા વખતે ડીઝાઈન ટીમના સભ્યો પણ હાજર હતા જેથી પ્રોજેક્ટની ડીઝાઈનમાં યોગ્ય સુધારાઓ કરી શકાય. પ્રોજેક્ટના પ્રાથમિક તબક્કામાં પ્રોજેક્ટ તૈયાર કરનાર ટીમના પરામર્શ કરનારાઓએ રસ ધરાવનારાઓ મુખ્ય લોકોને અલગ તારવ્યા છે. આ ઓળખાણ એ લોકોએ પ્રોજેક્ટના માર્ગોની મુશ્કેલીઓ શોધવાની મુલાકાતો વખતે (ટેબલ 4-1).

ટેબલ 4-1: હિત ધરાવનારાઓ સાથે પરામર્શ

| | |
|---|---|
| • અસરગ્રસ્ત લોકોની શક્તિ<br>• અસરગ્રસ્ત લોકોનો સમુહ<br>• પ્રોજેક્ટ માર્ગો પર આવતા સમુદાયો; | • મહિલાઓના સમુહો અને મિશન મંગલમના/સખી મંડળ પ્રોજેક્ટના સંપર્ક અધિકારી:<br>• ક્ષેત્રીય કક્ષાના માર્ગ અને મકાન વિભાગનાઇજનેર; |

| | |
|---|---|
| • મહેસુલ વિભાગ;<br>• વન વિભાગ;<br>• ગામના પ્રતિનિધિ જેવાકે સરપંચ અને સભ્યો PRI અને ગ્રામ કક્ષાના આરોગ્ય કાર્યકરો;<br>• આદિવાસી સમૂહ;<br>• સ્વૈચ્છિક સંસ્થાઓ જેવા કે CBO અને સ્વૈચ્છિક સંસ્થાઓ (NGO); | • ગુજરાત રાજ્ય એઇડ્સ કંટ્રોલ સોસાયટીના પ્રતિનિધિઓ;<br>• આદિજાતિ વિકાસ વિભાગ;<br>• તાલુકા વિકાસ અધિકારી; અને<br>• અન્ય પ્રોજેક્ટમાં હિત ધરાવનારાઓ જેવાકે સબંધકર્તા વિભાગના અધિકારીઓ. |

16. પરામર્શકર્તાએ પ્રોજેક્ટ ના દરેક તબક્કાઓ ઉપર લોકો સાથે પરામર્શ કરવાનું આયોજન કરેલ છે. ગ્રામ કક્ષા અને તાલુકા કક્ષાનું પરામર્શ સામાજિક અસરોનું મૂલ્યાંકન (SIA) તબક્કા ઉપર કરવામાં આવ્યું જે પ્રોજેક્ટ દરમ્યાન અમલમાં રહેશે. રાજ્યના તબક્કાવાર વિભાગના અધિકારીઓ (મહેસુલ, નગર આયોજન, મુલ્યાંકન, વન, આદિજાતિ વિકાસ અને પાણી પુરવઠા)ના પરામર્શ સાથે રાજ્ય/જિલ્લા અને તાલુકા કક્ષાએ સંબંધિત જાણકારી કરવામાં આવેલ છે.

### 4.1. સ્વૈચ્છિક સંસ્થાઓ (NGO) સાથે પરામર્શ

17. પ્રોજેક્ટ વિસ્તારમાં કામ કરતાં સ્વૈચ્છિક સંસ્થાઓ (NGO)નું પરામર્શ કરવામાં આવ્યું હતું જેથી આદિવાસીઓની સમસ્યાઓ અને સામાજિક વિકાસ, ગુજરાન, આરોગ્ય, જતી વિષયક ખાસ સમસ્યાઓ (સ્ત્રી અથવા પુરુષ) સાર્વજનિકમાટે કરવામાં આવેલ. સ્વૈચ્છિક સંસ્થાઓ (NGO) સાથે ચર્ચા કરવાની જરૂરી હતી જેથી સામાજિક મોબિલેટી સર્વે ગતી શીલતા અને સ્થળાંતરને પ્રોત્સાહન આપવું. HIV/AIDS નો સર્વે કરવો. જેથી તે અટકાવવાનું આયોજન કરી શકાય અને લોકો સાથે પરામર્શ કરવું જરૂરી હતું. એમની તરફથી મળેલ જાણકારી, આદિજાતિ વિકાસનું આયોજન કરવાનું અને HIV/AIDS અટકાવવાનું આયોજન કરવાનું મુખ્યરૂપે થતું હતું.

### 4.2. સમુદાયો સાથે પરામર્શ (અનુસૂચિત જાતિની મહિલાઓ અને સ્થળાંતર કરનારાઓ)

18. સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે વિગતવારર પરામર્શ ઉપરાંત, વિવિધ સ્થળો ઉપર સ્થળાંતર કરનારા સમુદાયો, આદિવાસીઓ, મહિલાઓ સાથે તેમજ સાંસ્કૃતિક મિલકતો અને સામુદાયિક મિલકતો અંગે પરામર્શ કરવામાં આવેલ છે.

- **અનુસૂચિત જનજાતિઓ (આદિવાસીઓ)**: લુણાવાડા-ખેડાપા માર્ગ પરના સંતરામપુર અને કડાણા તાલુકા, ધનસુરામેઘરજ માર્ગનો મેઘરજ તાલુકો અને ડભોઇ-બોડેલી માર્ગના સંખેડા તાલુકાના પાંચમાં શિડયુલના વિસ્તારો છે. (પાંચમાં અનુસૂચિત) રાજ્ય, જિલ્લા, તાલુકા કક્ષાએ FPICની નવી રચનાઅનુસાર પરામર્શ કરવામાં આવેલ અને તે મુજબ પ્રોજેક્ટ માર્ગમાં પાંચમાં અનુસૂચિત વિસ્તારો શોધી કાઢવામાં આવ્યા. રાજ્ય કક્ષાએ ગુજરાત રાજ્યના આદિજાતિ વિકાસ કમિશ્નર સાથે પરામર્શ કરવામાં આવેલ છે. જિલ્લા કક્ષાએ આદિજાતિ વિકાસ

પ્રોજેક્ટ વહીવટદારોની સાથે ચર્ચા કરવામાં આવેલ છે તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારી, ગ્રામ પંચાયતના સભ્ય, તલાટી, સરપંચ અને અનુસુચિત જાતિના રહેવાસીઓ સાથે પરામર્શ કરવામાં આવેલ છે.

- **મહિલાઓ** : મહિલાઓ સાથે પરામર્શ વખતે, માર્ગ સુધારણા પ્રોજેક્ટ સંબંધિ પ્રશ્નો અને તેની મહિલાઓ પર અસરની ચર્ચા પર વિશેષ ધ્યાન આપવામાં આવેલ. ચર્ચા સમયે મીશન મંગલમની[2] સ્ત્રોત વ્યક્તિઓએ લુણાવાડા-ખેડાપા પરામર્શ બેઠક વખતે જે ચર્ચા કરીને નોંધપાત્ર છે. આટકોટ-ગોંડલ માર્ગ પર, મહિલાઓએ આગળ આવીને સૂચવ્યું કે ધાર્મિક રીતે મહત્વના સ્થાનો/બાંધકામોને બચાવવામાં આવે. ત્યાં કામ કરતા સ્વૈચ્છિક સંસ્થા એ ખાતરી રાખશે કે આ મહિલાઓના મંતવ્યોની નોંધ રાખવામાં આવે અને અમલીકરણ વખતે તેમના મંતવ્યોનો પણ સમાવેશ થાય;
- **સાંસ્કૃતિક મિલકતો અને સામુદાયિક મિલકતો** : સાંસ્કૃતિક મિલકતો અને સામુદાયિક મિલકતોની બાબતમાં પ્રોજેક્ટના માર્ગમાં આવતી કુલ ૨૨૪ સંસ્થાઓ સાથે પરામર્શ કરવામાં આવેલ એસેટ્સના પ્રચારનો વિચાર કર્યા વિના હિત ધરાવનારાઓ સાથે પરામર્શ કરવામાં આવ્યા જેથી તેઓ આ સાંસ્કૃતિક મિલકતો અને સામુદાયિક મિલકતો અંગે કલ્યાણની જરૂરિયાતો સામેલ કરે; અને,
- **સ્થળાંતર કરતાં સમુદાયો**: પરામર્શ તેમજ અંગત મિલકતો ગોઠવવી. પ્રોજેકટના માર્ગો ઉપર આવેલ રકમ સાથે તેમજ પરામર્શ મિલકતો ગોઠવવી, પરામર્શની સંસ્થાઓમાટે ફેલાવો કરીને હોટલો, ગેસ્ટ હાઉસો, ટ્રાન્સપોર્ટરો, બ્રોકર્સ ઓફિસરો, ટ્રક પાર્કિંગ વિસ્તારો, માર્કેટયાર્ડ, ઉદ્યોગ, ટેલીફોનની સંસ્થાઓ જેઓ પ્રોજેક્ટના માર્ગમાં આવતા હોઈ તેમની સાથે આ સંસ્થાઓ ઉપર પરામર્શ કરવામાં આવ્યું.

## 4.3. અસરગ્રસ્ત સમુદાયો સાથે પરામર્શ

19. પ્રોજેક્ટના માર્ગો ઉપર વિવિધ સમુદાય સાથે પરામર્શ કરવામાં આવેલ. સમુદાયોના મંતવ્યો, સમસ્યાઓ અને સુચનો રેકર્ડ કરવામાં આવેલ છે. આવી મિટિંગ માટેનું સ્થળ, સમય અને તારીખની સંભવિતોને અગાઉથી જાણ કરવામાં આવશે. આ બેઠકમાં ભાગ લેનારાઓમાં પ્રતિનિધિ, સ્થાનિક નેતાઓ, મહિલાઓ, અનુસૂચિત જનજાતિના દુકાનદારો, ખેડૂતો, સરકારી પ્રતિનિધિ અને દરેક ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિ અને અસરગ્રસ્ત લોકો અને સામાન્ય જનતા સામેલ હતા.

20. 8 GSHP-II માર્ગો માંથી 6 (સિવાય બાયડ-લુણાવાડા અને મહેસાણા-હિંમતનગર), જમીન સંપાદનને લગતી અસર અને પુન:સ્થાપનની સમસ્યા નજીવી છે. આ માર્ગો બાબતે પરામર્શ દરમ્યાન સામુદાયીક મિલ્કતો, ખાસ કરીને જળ સ્રોત, શૈક્ષણીક અને ધર્મિક માળખા અને તેના પુન:સ્થાપન્ પર ચર્ચા કેંન્દ્રિત રહી હતી. ચર્ચાનો બીજો મુખ્ય મુદ્દો માર્ગો પર સલામતીને લગતો હતો. બાયડ- લુણાવાડા અને મહેસાણા-હિંમતનગર) માર્ગની ચર્ચાનો કેંન્દ્ર વળતર નક્કી કરવાની પદ્ધતિ, ઓછમાં ઓછી જમીન સંપાદન વિગેરે કેંન્દ્રમા હતા. તે સિવય અન્ય સામુદાયિક અસરો અને માર્ગ સલામતી અંગે ચિંતા વ્યક્ત કરવામાં

[2] મીશન મંગલમ/સખી મંડળ પ્રોજેક્ટનો અમલ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવે છે. (ગ્રામ વિકાસ કમિશનર દ્વારા) જેનો હેતુ મહિલાઓના સ્વયં સહાયક સમૂહોની રચના કરવાનો અને તેનો વિકાસ કરવાનો છે, અને તેની મદદથી સ્વરોજગારની તકો અને ગ્રામીણ મહિલાઓના રોજગારની તકો ઊભી કરવાનો છે. મહિલા SHGs જે સખી મંડળ તરીકે જાણીતા છે, તેમને તેમની કાર્યક્ષમતા વધારવા તાલીમ આપવામાં આવે છે.

આવેલ. ડિઝાઈન ટીમ સાથે આ પરામાર્શના પરીણામો અંગે ચર્ચા કરવામાં આવેલ, અને આ અવલોકનો અને સુચનોનો પ્રોજેક્ટ ડીઝાઈનમાં સમાવેશ કરવાના બધા પ્રયત્નો કરવામાં આવ્યા. (ટેબલ 4-2).

**ટેબલ 4-2: વિવિધ મુદ્દાની ચર્ચા કરવામાં આવી અને મુખ્ય મુદ્દાનો પ્રોજેક્ટ ડિઝાઈનમાં સમાવેશ કરવામાં આવ્યો**

| માર્ગ | ચર્ચા કરવામાં આવેલ મુખ્ય મુદ્દા | પ્રતિક્રિયાપ્રોજેક્ટ ડિઝાઈનમાં સમાવેશ/ |
|---|---|---|
| ડભોઇ – બોડેલી | • અસરગ્રસ્ત માળખાનું વળતરચાલુ બજાર ભાવે , ચુકવવું<br>• વાજબી સમયમર્યાદામાં વળતર ચુકવવામાં આવે ; અસરગ્રસ્ત માળખાને બીજે ફાળવવામાં આવેલ આવે ગ્યામાટે અગાઉથી નોટિસ આપવામાં.આવે.<br>• શાળા અને હોસ્પિટલ અને ટી જંકશન પર માર્ગ સલામતીના પગલા લેવા<br>• માર્ગની બાજુના વૃક્ષોનું રક્ષણ | • માર્ગ અને મકાન વિભાગના દરોના પરિશિષ્ટ મુજબ અસરગ્રસ્ત માળખા માટે વળતર ચુકવવામાં આવશે<br>• બાંધકામ શરૂ કરતાં પહેલાં વળતર ચુકવવામાં આવશે ,પુનર્વસનનું માળખું (RPF) મુજબ અગાઉથી નોટિસ આપવામાં આવશે<br>• રમ્બલ સ્ટ્રીપસ, ચાલનારમાટે ઊંચા ક્રોસિંગ બનાવવા, ચેતવણીની નિશાની, બસ ઊભી રહે એમાટેની જગ્યા રોટીરી અને ઘોંઘાટ દૂર થાય તેવા ઉપાયો FS ડિઝાઈનમાં સમાવેશ કરવામાં આવેલ.<br>• જો વૃક્ષો પર અસર ટાળી નહીં શકાય તોવળતર , આ કામ .રૂપે વૃક્ષોનું પ્લાન્ટેશન કરવામાં આવશે વન વિભાગની પરવાનગી લીધા બાદ કરવામાં આવશે |
| ધંધૂકા - ધોલેરા | • ડાબીબાજુ રહેઠાણો ,પર જમીનનો વિચાર કરી અને ધાર્મિક મકાનો પર અસર ટાળવામાં આવે<br>• પાણીનો ભરાવો અને તે દૂર કરવાના ઉપાય ,<br>• અસરગ્રસ્ત માળખાનું વળતરચાલુ બજાર ભાવે , ચુકવવું<br>• પશુઓની હેરફેર અને તેને લગતી સુરક્ષાના પ્રશ્ન | • રસ્તાના રૂટમાં ફેરફાર કરીમાળખા બચાવવામાં , આવશે<br>• રોડની બંને બાજુએ ગટરની વ્યવસ્થાનો ડિઝાઈનમાં સમાવેશ કરવામાં આવેલ છે<br>• પુનર્વસનનું માળખું (RPF)ની જોગવાઈ મુજબ બજાર ભાવે વળતર<br>• રાહદારીઓને પશુઓની અવરજવરની જાણ કરતાં નિશાનીવાળું પાટિયું લગાડવાનું ડિઝાઈનમાં સમાવવામાં આવેલ છે |
| આટકોટ - ગોંડલ | • શક્ય હોય ત્યાં સુધી ધાર્મિક માળખા, ખુલ્લા કૂવાની સુરક્ષા, ઐતિહાસિક મહત્વ ધરાવતી શાળાને અસર ન થાય તેમ કરવું.<br>• વેપારી દુકાનોને બચાવવા વૈકલ્પિક ડિઝાઈન<br>• પશુઓની હેરફેર અને તેને લગતા સુરક્ષાના પ્રશ્ન<br>• હાલના નાળા સાથે અંડર પાસ પણ બનાવવો, જેથી ગામમાંથી અવરજવરમાં સરળતા રહે, ગામમાંથી સીધા મુખ્ય રોડ પર વાહનો દાખલ થતા હોઈ અકસ્માતોનો ભય રહે છે.<br>• બાંધકામનું ટાઈમટેબલ જણાવવું અને અસરગ્રસ્ત માળખાને ખસેડતા પહેલાં નોટિસ આપવી | • રસ્તાના રૂટમાં ફેરફાર કરી માળખા પર અસર મર્યાદિત કરવામાં આવશે<br>• વેપારી દુકાનો બચાવવા પાર્કિંગની જગ્યા દૂર કરવામાં આવશે અથવા ઘટાડવામાં આવશેઆ કામ . શક્ય તેટલી હદે કરવામાં આવશે<br>• રાહદારીઓને પશુઓની અવરજવરની જાણ કરતાં સાઇનબોર્ડ લગાડવાનું ડિઝાઈનમાં સમાવવામાં આવેલ છે<br>• અંડર પાસ વિકલ્પથી નજીકના મંદિરને અસર પડશે, કરવામાં આવેલ ફૂટપાથ અને ચેતવણીનું ઊંચા સુરક્ષાના પગલાં તરીકે ડિઝાઈનમાં નિશાનીવાળું પાટિયું સામેલ કરવામાં આવશે.<br>• બાંધકામનું ટાઈમટેબલ પુનર્વસન કામગીરી |

| માર્ગ | ચર્ચા કરવામાં આવેલ મુખ્ય મુદ્દા | પ્રતિક્રિયાપ્રોજેક્ટ ડિઝાઈનમાં સમાવેશ/ |
|---|---|---|
| | | આયોજન (RAP)માં સામેલ કરવામાં આવેલ છે અને અગાઉથી નોટિસ આપવાનો સમય પુનર્વસનનું માળખું (RPF)માં જણાવવામાં આવેલ છે |
| મહેસાણા - હિંમતનગર | • ૪-માર્ગીય માર્ગ થયા પછી મુસાફરોને કોઈ માર્ગ કર (ટોલ-ટેક્ષ) ભરવો પડશે.<br>• પુનસ્થાપન અને પુનઃ વસવાટ કરતાં પહેલાં : પરામર્શ કરવો અસરગ્રસ્તો સાથે<br>• જમીન અને મિલકતો ગુમાવવાના વળતર ઉપરાંત, અસરગ્રસ્તોનાં કુટુંબને સરકારી, ગુજરાત સરકારનાં વિભાગમાં નોકરી ઉમેદવારની લાયકાત મુજબ આપવી<br>• અસરગ્રસ્ત જમીન અને માળખાનું વળતર ચાલુ બજાર ભાવે ચુકવવું<br>• ગ્રામ વિસ્તારથી દૂર બાંધકામના કેમ્પ રાખવામાં આવેહેતુમાટે ધાબલ ચોકડી પાસેની પડતર આ . જમીન બાબતે વિચાર થઈ શકે<br>• ભેગા થયેલા પાણીના નિકાલમાટે ગટર વ્યવસ્થાનો ડિઝાઇનમાં સમાવેશ થવો જોઈએ | • આ માર્ગનો માર્ગ કર (ટોલ ટેક્ષ) હાલના તબક્કે નક્કી થયો નથી.<br>• અસરગ્રસ્ત લોકો સાથે પ્રોજેક્ટ તૈયાર કરવાના તબક્કે અને પ્રોજેક્ટ અમલીકરણના તબક્કે અનુક્રમે પરામર્શ કરવામાં આવશે<br>• રોજગાર ગુમાવનાર પરિવારના એક વ્યક્તિને વૈકલ્પિક રોજગારમાટે તાલીમ આપવામાં આવશે, તાલીમમાટેનો ખર્ચ પ્રોજેક્ટ દ્વારા કરવામાં આવશે; અસરગ્રસ્ત જમીનનું વળતર નક્કી કરવામાટે જંત્રીની અદ્યતન કિંમત વિચારણામાં લેવામાં આવશે, અને અસરગ્રસ્ત અન્ય માળખાનું વળતર માર્ગ અને (SOR) મકાન વિભાગના ભાવ-અનુસૂચી મુજબ નક્કી કરવામાં આવશે તેમાં ઘસારાની ગણતરી કરવામાં નહીં આવે,<br>• પડાવ બાંધકામની જગ્યા ગામ પંચાયતના પરામર્શમાં નક્કી કરવામાં આવશે. પડાવની જગ્યા વસ્તીથી દૂર રાખવામાં આવશે, રસ્તાની બંને બાજુએ ગટરની વ્યવસ્થાનો ડીઝાઈનમાં સમાવેશ કરવામાં આવેલ છે. |
| ઉમરેઠ - વાસદ (કપડવંજ-લાડવેલ સહિત) | • શાળા, બજાર અને ટી જંકશન પાસે માર્ગ સલામતીનાં પગલાં લેવા<br>•<br>• ચર્ચ પાસે પાર્કિંગની વ્યવસ્થા<br>• જળાશયો (મોટા તળાવ), ખુલ્લા કૂવા / બંધ પાસે રક્ષણ આપવું<br>• પાણી ભેગું થવું એ મોટી સમસ્યા છે અને ગટર બનાવવાની જોગવાઈ | • માર્ગ સલામતીના ઉપાયો જેવા કે હમ્પસ, ચેતવણીના પાટિયાં, ઝડપ નિયંત્રણમાટેના પગલાં લેવા, માર્ગ ગુણાંકની ડિઝાઈનનો સમાવેશ<br>• ડિઝાઇનમાં પાર્કિંગની જગ્યા સમાવવામાં આવેલ છે<br>• માર્ગની બાજુમાં દીવાર બાંધવી, બંધ કૂવાનું / ખુલ્લા કૂવાનું રક્ષણ, જોગવાઈ અને સલામતીમાટે ક્રેશ બેરીયર<br>• રસ્તાની બંને બાજુ ગટરની જોગવાઈ |
| બાયડ - લુણાવાડ | • મોટાભાગના લોકો આજીવિકામાટે ખેતી પર આધાર રાખે છેઆથી જમીન ગુમાવતાં ; તેમની આજીવિકા પર અસર પડશે<br>• કેટલાક જમીન માલિકો જમીન આપવા તૈયાર છે, જો તેમને વૈકલ્પિક જમીન તેમની અસરગ્રસ્ત જમીનના વળતરરૂપે આપવામાં આવે<br>• લોકોએ સુજલામ સૂફલામ પ્રોજેક્ટ હેઠળ જમીન ગુમાવેલી જ છે જેનામાટે તેમને કોઈ વળતર મળ્યું નથી, જો ફરીથી જમીન ગુમાવવી પડે તો તેમની | • જમીન ગુમાવવી પડે તો જંત્રીના અદ્યતન દર મુજબ વળતર આપવામાં આવશે અને આજીવિકા મેળવી શકાય તેવી તાલીમની જોગવાઈ કરવામાં આવશે<br>• જમીનના બદલે વળતરમાં જમીન આપવાના બદલે સંપાદન કરવામાં આવેલ જમીનની (૧) રજીસ્ટ્રેશન અને સ્ટેમ્પ ડ્યુટી જંત્રીની અદ્યતન (૨) બધી જ ફી, કર અને બીજી ચર્ચા સંબંધિત કાયદા પ્રમાણે આવે, અસરગ્રસ્ત જમીનનું વળતર નવી જંત્રી પ્રમાણે કરવામાં આવશે. |

| માર્ગ | ચર્ચા કરવામાં આવેલ મુખ્ય મુદ્દા | પ્રતિક્રિયાપ્રોજેક્ટ ડિઝાઈનમાં સમાવેશ/ |
|---|---|---|
| | મુશ્કેલીઓ વધશે, શક્ય હોય ત્યાં સુધી જમીન સંપાદન ટાળવું ઼ | • માર્ગના કેટલાક ભાગમાં કેટલાક ગ્રામીણ રસ્તા 15 મીટરથી પહોળા કરી બે લેનના બનાવવાના છે, જેના કારણે જમીન સંપાદન કરવાની જરૂર પાડશે, જેને ટાળી શકાય તેમ નથી. |
| **ધનસુરા - મેઘરજ** | • ખુલ્લા/બંધ કૂવા, કિનારાની દિવાલો અને સંસ્કૃતિક મિલકતોના માળખાનાં બાંધકામનું રક્ષણ કરવું<br>• સુરક્ષાના પ્રશ્નો ખાસ કરીને રાહદારીઓની સુરક્ષા ટી જંકશન પર અને બજારના સ્થળો પર વળાંકોને, સીધા બનાવવા, જેથી અકસ્માતો નિવારી શકાય.<br>• અસરગ્રસ્ત માળખામાટે બજાર ભાવે વળતર આપવું<br>• માર્ગોના બાંધકામ પહેલાં વળતર ચુકવવું, જેથી અસર હેઠળ આવતી દુકાનોને બીજે ખસેડી શકાય અને જેથી આજીવિકાને અસર ન થાય.<br>• | • માર્ગના રૂટમાં ફેરફાર કરી અસરને મર્યાદિત કરવામાં આવશે આ ફેરફાર .. અસર વાળો માર્ગ (CoI)ની અંદર કરવામાં આવશેજેથી માળખા , ન્યુનતમ કરી શકાય /પરની અસર ટાળી શકાય<br>• માર્ગ સલામતીના પગલા જેવા કે ચેતવણી આપતા બોર્ડમાર્ગો પર માર્કિંગ અને સ્પીડ બ્રેકરને પ્રોજેક્ટ , ડિઝાઇનમાં સામેલ કરવામાંઆવ્યા છે<br>• પુનર્વસનનું માળખું (RPF)ની જોગવાઈ મુજબ બજાર ભાવે વળતર<br>• પુનર્વસનનું માળખું (RPF)[3]ની જોગવાઈ મુજબ વળતરની રકમ ચૂકવ્યા બાદ જ બાંધકામ શરૂ કરવામાં આવશે |
| **લુણાવાડા – ખેડા** | • ઉપલબ્ધ સરકારી જમીનમાં જ માર્ગ સુધારણા / જેથી જમીન ,ઉન્નતિની કામગીરી કરવામાં આવે સંપાદન ન કરવું પડે<br>• અસરગ્રસ્ત માળખામાટે બજાર ભાવે વળતર આપવામાં આવે<br>• વળાંકો એવી રીતે સુધારવામાં આવે કે અકસ્માતો ન થાય<br>• વાજબી સમયની અંદર વળતર ચુકવવામાં આવે<br>• અસરગ્રસ્ત દુકાનદારોને પોતાનો વ્યવસાય ખસેડવામાટે પૂરતો સમય આપવો<br>• જમણી બાજુના માર્ગ વિભાગની જમીન લુણાવાડા-સંતરામપુર-ઝાલોદ-કુશલગઢ, જ્યાં જુના મંદિરો અને રાજ ઘરાનાની સમાધીઓ આવેલી છે માર્ગ સુધારણાની કામગીરી ઉપલબ્ધ જમીનમાં કરવામાં આવે.<br>• | • સૂચિત સુધારણા ઉપલબ્ધ રાઇટ ઑફ વે (RoW)માં કરવામાં આવશે ,જે સ્થળોએ ભૌમિતિક સુધારાની . ત્યાં જમીન સંપાદનને ટાળી નહીં શકાય<br>• અસરગ્રસ્ત માળખામાટેનું વળતર માર્ગ અને મકાન વિભાગના ભાવ-અનુસૂચિના આધારે નક્કી કરવામાં આવશે તેમાંથી ઘસારાની ગણતરી કરવામાં નહીં આવે<br>• વળાંકોની સુધારણા ઉપલબ્ધ રાઇટ ઑફ વે (RoW)ની અંદર કરવામાં આવશે<br>• અસરગ્રસ્તોને વળતરની રકમ બાંધકામ શરૂ કરતાં પહેલાં ચૂકવવામાં આવશે ૪ મહિનાની નોટિસ આપવામાં આવશેજેથી દુકાનદાર પોતાના , વ્યવસાય બીજે ખસેડી શકે<br>• સૂચિત સુધારણા ઉપલબ્ધ રાઇટ ઑફ વે (RoW)ની અંદર કરવાનું નક્કી કર્યું હોવાથી અસર ન્યુનતમ કરી શકાય છે ,અનુસૂચિત વિસ્તાર હોવાથી . સંતરામપુરમાં જમીન સંપાદન સંપૂર્ણ રીતે ટાળવામાં .આવેલ છે |

[3] અમલીકરણ નીતિ, વિશ્વ બેંક (OP 4.12 અનિચ્છાએ થતું પુનર્વસન)માં નિયત કરવામાં આવ્યું છે કે પુનર્વસનનીપ્રવૃત્તિઓને પ્રોજેક્ટમાં રોકાણના ઘટક તરીકે જોડવામાં આવે, અને એ વાતની ખાતરી રાખવામાં આવે કે પુનર્વસનની વ્યવસ્થાના ઉપાયો યોગ્ય રીતે લેવામાં ન આવ્યા હોય ત્યાં સુધી લોકોને નિર્વાસિત બનાવવામાં ન આવે. આ વ્યવસ્થામાં વળતરની જોગવાઈ અને પુનઃસ્થાપનમાટે અન્ય જરૂરી સહાય, નિર્વાસિત કરવામાં આવે તે પહેલાં ચુકવણી કરવામાં આવે. ખાસ કરીને જ્યાં જમીન કે સંબંધિત મિલ્કત લેવામાં આવી હોય, ત્યાં નિર્વાસિત થયેલી વ્યક્તિઓને વળતર આપ્યા બાદ જ બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવે.

# 5. તાજેતરના ખાસ પ્રોજેક્ટમાં જમીન સંપાદન અને વળતર

21. ગુજરાતમાં હાલમાં વિકાસ પ્રોજેક્ટ હેઠળ જમીન સંપાદનની પ્રક્રિયા અને વિવિધ માળખાઓનું વળતર નક્કી કરવાની નજીકના ભૂતકાળમાં સમીક્ષા કરવામાં આવેલ તે વખતે અસરગ્રસ્તની મિલ્કતની વળતરની રકમ અને પુનઃ સ્થાપનના ખર્ચનો અંદાજ સમજવા માટે સમીક્ષા કરવામાં આવેલ.આ સમીક્ષાની સંક્ષિપ્તમાં વિગતો ટેબલ 5-1માં આપવામાં આવેલ છે.

**ટેબલ 5-1: હાલના પ્રોજેક્ટમાં જમીનનું મૂલ્યાંકન અને વળતર**

| અ.નં. | એજન્સી/ પ્રોજેક્ટ | વિગતો |
|---|---|---|
| 1. | જમીન સંપાદન અને<br><br>કેસમાં આપવામાં આવેલ નીતિ ગુજરાત સ્ટેટ રોડ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન, ગાંધીનગર | • જમીનનું સંપાદન એ જમીન સંપાદન અધિનિયમ,૧૮૯૪ પર આધારિત છે. કેટલાક રોડ પ્રોજેક્ટ માટે જમીન સંપાદનનુઇમરજન્સી કોલમ (અનુભાગ ૧૭) જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ હેઠળ કરવામાં આવેલ હતું.<br>• જમીનના દરોનો અંદાજ જમીનના દરોની રજીસ્ટ્રી સંબધિત ગામમાં છેલ્લા પાંચ વર્ષમાં જમીનના દરોની નોંધણીના આધારે કરવામાં આવે<br>• અસરગ્રસ્ત માળખાનું મૂલ્યાંકન માર્ગ અને મકાન વિભાગના સબ ડિવિઝન દ્વારા ભાવ અનુ-સૂચીના આધારે ઘસારો ગણીને કરવામાં આવેલ.<br>• ઉભા પાકના ખર્ચનું મૂલ્યાંકન સંબધિત કૃષિ અધિકારી દ્વારા કરવામાં આવેલ હતું. |
| 2. | જાહેર હિતમાટે જમીન સંપાદન અને જમીનની ફાળવણી નગર આયોજન અને મૂલ્યાંકન વિભાગ, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ | • જમીનના દરો છેલ્લા પાંચ વર્ષના વેચાણ દસ્તાવેજોના આધારે કરવામાં આવશે. જંત્રી કિંમતનાં બદલે<br>• જાહેર હિતમાટે જમીનના હાલના જમીનની કિંમત ૧ વર્ષના વેચાણ દસ્તાવેજના આધારે નક્કી કરવામાં આવેલ છે. જમીનની કિંમત આખરી કરવામાટે કેટલાક તારણો કરી શકાય. વેચાણ દસ્તાવેજો અને અન્ય પાસાઓ વિચારણામાં લઈને કરવામાં આવેલ છે આ પાસાઓમાં વિકાસ એજન્સીની દરખાસ્ત , જે તે વિસ્તારનું વિકાસનું સત્ર તેનું મુખ્ય માર્ગ સાથે જોડાણ. પ્રોજેક્ટમાં થતી રાજ્ય જમીનની ઉપયોગમાં ફેરફાર કરી વિચારણામાં લેવામાં આવેલ<br>• TPVD દ્વારા હાલના દરો વિચારણામાં લેવામાં આવેલ છે, માર્કેટ રેટ તરીકે નક્કી કરવામાં આવે છે, સંબધિત જમીનની સંસ્થાઓ અને જંત્રીની કિંમત કરતાં ૪ થી ૫ ગણા ઉંચા હોય છે |
| 3. | GIDC, GIPCL **તથા** GPCL, મહેસુલ વિભાગ, ગુજરાત દ્વારા હાલમાં લેવામાં આવેલ પ્રોજેક્ટ માટે જમીનની કિંમત નક્કી કરવા | • જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ મુજબ કરવામાં આવ્યું.<br>• જમીનના દર જંત્રીની કિંમત અને છેલ્લા ૫ વર્ષના દસ્તાવેજોના આધારે નક્કી કરવામાં આવેલ છે. જિલ્લા સ્તરની મૂલ્યાંકન સમિતિ દ્વારા.<br>• બંને દરો અસરગ્રસ્ત વ્યક્તિને બતાતાવવામાં આવ્યા પોતાની પસંદગી માટે.<br>• લગભગ ૮૦% લોકોએ વેચાણ દસ્તાવેજોના આધારે વળતર આપવામાં આવ્યું. જમીન સંપાદન અધિનિયમ, 1894 ની કલમ ૧૧ (૨) મુજબ તમામ અસરગ્રસ્તોને મળતા, વળતરની ચુકવણીમાટે લેવામાં આવેલ.<br>• જમીનના માલિકો જે રેકર્ડ વેચાણ દસ્તાવેજોના આધારે નક્કી કરવામાં આવેલ વળતરની રકમ માટે સંમત ન હતા. તેમનું વળતર અદાલત દ્વારા નક્કી કરવામાં આવેલ.<br>• આ જ પદ્ધતિ NHAI દ્વારા જમીનના સંપાદનના કિસ્સામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ |

| અ.નં. | એજન્સી/ પ્રોજેક્ટ | વિગતો |
|---|---|---|
| | | અધિનિયમ, 1956 હેઠળ ચુકવવામાં આવશે. |
| 4. | જમીનની કિંમત નક્કી કરવા બાબતે સ્ટેમ્પ્સ અધિક્ષકની કચેરી, ગુજરાત સરકાર | • જમીનની કિંમતનાં દરો છો.કી.મી.વિસ્તારમાંથી એકત્ર કરવામાં આવશે જેને 'ગ્રીડ'કહેવામાં આવશે.<br>• શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તાર માટે અલગ અલગ અનુસૂચી/ માહિતીનો ઉપયોગ કરવામાં આવશે.<br>• ગ્રામીણ વિસ્તારના કિસ્સામાં,<br>• ખેતીલાયક અને બિન-ખેતીલાયક એમ બંને પ્રકારની જમીનના દરો એકત્ર કરવામાં આવશે<br>• વિવિધ પ્રકારની જમીન માટેના જમીનના દરો એકત્ર કરવામાં આવશે જેમકે રાષ્ટ્રીય ધોરીમાર્ગ/રાજય ધોરીમાર્ગ/જીલ્લા માર્ગ/અન્ય જીલ્લા માર્ગ;<br>• શહેરી વિસ્તારની બાબતમાં ખુલ્લા પ્લોટના દરો, ફ્લેટ, એપાર્ટમેન્ટ, ઓફીસની જગ્યા, દુકાનો, ઔદ્યોગિક હેતુ, ખેતી વિષયક જમીનની વિચારણા કરવામાં આવશે<br>• જંત્રીની કિંમતમાં જે તે વિસ્તારની બજાર કિંમત બતાવાવવામાં આવશે, જો કે જો જમીનમાં છેલ્લા ૧ વર્ષમાં કોઈ વેચાણ ન થયું હોય તેવી જમીનના સાચી બજાર કિંમત મળી શકે નહી.<br>• ઓફર કરવામાં જંત્રીની કિંમત દરેક પ્લોટ માટે જમીન જાહેર કરવામાં આવશે (સર્વે નંબર આધારિત). |

## 5.1. જમીન સંપાદન અધિનિયમ મૂલ્યાંકન અને વળતર : વિકલ્પો

22. આ ભાગમાં જમીનના મૂલ્યાંકનના વિવિધ વિકલ્પો અને વળતર બાબતે ચર્ચા કરવામાં આવેલ છે :

- **સંમતિથી આપવાનું વળતર :** સંમતિથી વળતર એ છે કે જેમાં જમીનમાં હિત ધરાવનાર વ્યક્તિ જમીન સંપાદન અધિકારી જે વળતર સૂચવે, તે સ્વીકારવા સંમત થાય. અથવા જમીનમાં હિત ધરાવનાર વ્યક્તિ અને જમીન સંપાદન કરનાર અધિકારી પરસ્પર સમજૂતીથી વળતરની રકમ નક્કી કરે, અને જમીન સંપાદન અધિકારી (જમીન સંપાદન અધિનિયમ)ને વળતર નક્કી કરવા સંમતિ આપી. સામાન્ય રીતે છેલ્લા પાંચ વર્ષના વેચાણ દસ્તાવેજોના આધારે જિલ્લા કક્ષાની મૂલ્યાંકન સમિતિ (DLPC) નક્કી કરે છે. આ સમિતિમાં જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લાના મુખ્ય નગર આયોજન અધિકારી અને મૂલ્યાંકન વિભાગ અને નાયબ કલેક્ટર, સભ્ય સચિવ તરીકે હોય છે. જમીનના દર છેલ્લા પાંચ વર્ષના વેચાણ દસ્તાવેજોના આધારે અને જંત્રીના નક્કી કરવામાં આવે છે. (અહીં સુધાર્યા પૂર્વની જંત્રીનો ઉલ્લેખ કરવામાં આવે છે). અસરગ્રસ્ત વ્યક્તિને બંને દર બતાવવામાં આવશે અને તેની સંમતિ મેળવવામાં આવશે. 80% કેસોમાં લોકો વેચાણ દસ્તાવેજ આધારી અંદાજોમાટે સંમતિ આપે છે, જે જમીન સંપાદન અધિનિયમ, 1894ની કલમ 11(2) મુજબ માન્ય રાખે છે, અને તે મુજબ 'સંમતિ પદ્ધતિ'થી કામ કરવામાં આવશે. જે લોકો સંમત ન થાય તેમને 'નિયમિત એવોર્ડ' પદ્ધતિથી વળતર અદાલતે નક્કી કર્યા મુજબ આપવામાં આવશે.

- **વાટાઘાટ[4]:** જમીન સંપાદન કરનાર સંસ્થાઓ જેવી કે જાહેર બાંધકામ વિભાગ, જિલ્લા પંચાયતો, ગુજરાત રાજ્ય રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન, ગુજરાત ઇલેક્ટ્રિસિટિ બોર્ડ (GEB), ઑઇલ એન્ડ નૅચરલ ગેસ કમિશન (ONGC) વિગેરે, એ જમીનો સંપાદન કરી છે. જે તેમની યોજનાઓ અને પ્રોજેક્ટ માટે તાકીદની જરૂર હતી. આ સંપાદન તેમણે જમીનોના માલીકો સાથે વાટાઘાટો કતી છે; અને પછી મહેસૂલ વિભાગને દરખાસ્ત કરી છે. આ ખાનગી વાટાઘાટોમાં જમીનના માલીકો અંદાજીત વળતરની 75% રકમ અગાઉથી ચુકવવામાં આવે છે. જમીન સંપાદન કરનાર સંસ્થાએ જમીનના માલીક સાથે કરાર કરવાનું હોય છે. હિત ધરાવનાર વ્યક્તિને જમીન સંપાદન કરનાર સંસ્થાએ ખાસ એ ખાતરી આપવાની હોય છે કે તે જમીન સંપાદન અધિકારીને પેશગી રૂપે વળતર ચૂકવી આપવા અરજી કરશે.
- **જંત્રી આધારીત :** સ્ટેમ્પ ડ્યુટી વિભાગ તરફથી બહાર પાડવામાં આવતી જંત્રીના આધારે જમીનનું મૂલ્યાંકન કરવું એ એક નવો અભિગમ હશે. દરેક ચોરસ કિલોમીટર વિસ્તારમાંથી જમીનોના છેલ્લા ભાવ મેળવવામાં આવે છે, જેને 'Grids'/ગ્રીડ્સ કહેવામાં આવે છે. શહેરી વિસ્તારોમાટે અલગ દરોની અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવે છે, (નગરપાલિકા/મહાનગરપાલિકા/સત્તામંડળ) અને ગ્રામીણ વિસ્તારોમાટે અલગ અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યા છે. (ગ્રામ વિસ્તાર: ગ્રામીણ વિસ્તારો, વિકસીત વિસ્તારો અથવા એવા વિસ્તાર જ્યાં વિકાસ થઈ રહ્યો હોય, ફક્ત ગામડું)માંથી જંત્રીની મૂલ્યો મેળવવામાં આવે છે. ગામના વિસ્તારોમાં ખેતીલાયક અને બિન-ખેતીલાયક જમીન, બંનેના દર મેળવવામાં આવે છે. વિવિધ પ્રકારની જમીનના દરો એકત્ર કરવામાં આવે છે, જેમકે રાષ્ટ્રીય રાજમાર્ગ પાસેથી જમીન/રાજ્ય રાજમાર્ગ/જીલ્લા માર્ગ/અન્ય જીલ્લા માર્ગ કૃષિ જમીનમાં સિંચાઈ વાળી કે સિંચાઈ વગરની જમીનના દર, ખેતીન લાયક ન હોય તેવી જમીન (ખીણ, કોતરની જમીન, નદી કિનારાની જમીન, રેતાળ, ખાડા-ટેકરા વાળી, કાદવના વમળ વાળી જમીન) અને ક્ષાર/ખનીજ વાળી જમીન. બિન-ખેતીલાયક જમીનમાં રહેણાંક, વાણીજ્ય, ઑદ્યોગિક અને ક્ષાર/ખનીજ વાળી જમીનનો સમાવેશ થાય છે. શહેરી વિસ્તારોમાં ખુલ્લા પ્લોટના દર, ફ્લેટ/એપાર્ટમેન્ટ, કચેરીમાટેની જગ્યા, દુકાન, ઔદ્યોગિક જમીન, ખેતીની જમીન (સિંચાઈ વાળી અને સિંચાઈ વગરની) ગુજરાત સરકાર દ્વારા જંત્રીના દરોમાં દર વર્ષે સુધારો કરવામાં આવે છે. ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક : એસટીપી-12209-769-11-એચ.1, તા. 31.03.2011 ના આધારે આ દરો નક્કી કરવામાં આવે છે.

23. હાલમાં ગુજરાતમાં અમલમાં મુકવામાં આવેલા પ્રોજેક્ટમાં જમીન સંપાદનનું વળતર સરેરાશ વેચાણ કિંમતના ઉપલબ્ધ આંકડાના આધારે, જમીન સંપાદન અધિનિયમ  અધિનિયમ, 1894ની જોગવાઈ અનુસાર નક્કી કરવામાં આવેલ. GSHP-Iમાં જમીન સંપાદન અધિનિયમ  એક્ટની જોગવાઈમાં અને વધુમાં 'top-up money' આપવામાં આવ્યા છે, જેથી પુનર્વસનનો  ખર્ચ નીકળી શકે, જે જમીન સંપાદન અધિનિયમ એક્ટના દર મુજબની રકમ અને TPVDના અંદાજીત દરો વચ્ચેનો તફાવત છે. GSHP-Iના Implementation Completion and Results Report (ICRR) પરથી સ્પષ્ટ થાય છે કે top-up money  નક્કી કરવાની પ્રક્રિયામાં બે વર્ષથી વધુ સમયનો વિલંબ થયો હતો., તેનું કારણ હકારાત્મક ધોરણો નક્કી કરવામાં મુશ્કેલી

[4] જમીન સંપાદનની કાર્યપદ્ધતિ બાબતે – પરિપત્ર નં. LAQ/2268/L.A.IV., સચિવાલય, અમદાવાદ, તા. 6 જુલાઈ, 1968, મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

અનુભવાતીહતી અને હેતુલક્ષી ધોરણો, યોગ્ય અને સંમત થવાય તેવા ગુમાવેલ મિલ્કતોના પુનઃસ્થાપનનો ખર્ચ નક્કી કરી શકાતો ન હતો.

24. જંત્રીનું મૂલ્ય અપનાવવાથી, 'top-up money' નક્કી કરવાની ગૂંચવણ ભરી પદ્ધતિથી બચી શકાય છે અને ચૂકવણીમાં થતો વિલંબ નિવારી શકાય છે, અથવા ન્યૂનતમ કરી શકાય છે. વર્ષ 2011માં જે જંત્રી મૂલ્ય પ્રકાશિત કરવામાં આવેલ છે, તેમાં જમીનની કિંમતમાં ઉલ્લેખનીય વધારો બનાવવામાં આવેલ છે, જે અગાઉની વર્ષ 2006ની જંત્રીના ભાવ કરતાં ઘણા વધારે છે. (વિગતમાટે સેકશન 5.2 જુઓ) વાર્ષિક જંત્રી મૂલ્ય નક્કી કરવાના હેતુના ધોરણો અને કાર્ય પદ્ધતિ જોતાં (દરેક ચો.કિ.મી. ગ્રીડદીઠ), જંત્રી મૂલ્ય વાસ્તવિક રીતે અસરગ્રસ્ત વ્યક્તિને વળતર અપાવી શકશે; જે પુનર્વસન ખર્ચ જેટલું હશે. ગુજરાત સરકારના અધિકારીઓ સાથે ચર્ચા થતાં જાણવા મળ્યું કે (i) લોકો/સમુદાયો જંત્રીના દર પ્રમાણે વળતર લેવાનું પસંદ કરે છે, અને તેની માંગ વધી રહી છે, કારણ કે તે વેચાણ દસ્તાવેજોમાં જણાવેલ દરો કરતાં વધારે હોય છે. (ii) સરકારી એજન્સીઓ, જંત્રીથી વધુ વાસ્તવિક માહિતી મળતી હોઇ, વ્યક્તિગતતા ટાળી શકાય છે, અને વળતરની રકમ ઝડપથી નક્કી કરી શકાય છે.

## 5.2. પ્રોજેક્ટના માર્ગોનું જંત્રી મૂલ્ય (2006 અને 2011) : એક તુલના

25. અસરગ્રસ્ત વિસ્તારોની જમીનના ભાગોનું વર્ષ 2006 *અને* 2011 દરમ્યાન સરેરાશ જંત્રી મૂલ્યો[5]ની સરખામણી કરવામાં આવી જેથી જમીનના ભાવો વધવા સાથે અને જંત્રની મૂલ્યોના સુધારા વચ્ચેનો સંબંધો સમજી શકાય.

26. 6 માર્ગોમાંથી 4 માર્ગોમાં જંત્રી દરોમાં ઉલ્લેખનીય વધારો થયો છે. જ્યાં વર્ષ 2011માં વર્ષ 2006ની તુલનામાં જમીનના દર 280% થી 530% જેટલાં વધ્યાં છે. બે માર્ગોની બાબતમાં જેમકે લુણાવાડા-ખેડાપા અને બાયડ-લુણાવાડામાં અનુક્રમે 70% અને 30% મૂલ્ય વધારો થયેલ છે. ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક એસટીપી-12209-769-11-એચ.1 તા. 31.03.2011 અનુસાર ગુજરાત સરકારે દર વર્ષે જંત્રી સુધારવાની હોય છે.

[5] જંત્રીની કિંમત જે ગુજરાત સરકારના સ્ટેમ્પ ડ્યુટી વિભાગ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. આનું છેલ્લું પ્રકાશન વર્ષ 2011માં કરવામાં આવ્યું હતું, અને તે પહેલાનું, વર્ષ 2006માં કરવામાં આવ્યું હતું.

## 5.3. ગુજરાત રાજ્ય હાઇવે પ્રોજેક્ટ[6]: મળેલા અનુભવો

27. ગુજરાત સરકારે GSHP I વર્ષ 2000 અને 2007 વચ્ચે હાથ ધર્યું હતું. આ પ્રોજેક્ટમાં જમીન સંપાદન વળતર આપવા માટે અલગ પદ્ધતિ અપનાવવામાં આવી હતી. જમીન સંપાદન અધિનિયમ હેઠળ, પરંપરાગત રીતે જમીન સંપાદન કરવામાં આવી હતી. જમીન સંપાદન અધિનિયમ હેઠળ ચુકવવામાં આવેલ વળતરની તુલના નગર આયોજન અને મૂલ્યાંકન વિભાગની મૂલ્યાંકન પદ્ધતિ અનુસાર કરવામાં આવી હતી. Implementation Completion and Results Report (ICRR)માંથી જમીન સંપાદન અને પુનઃ સ્થાપનના કેટલાક અવલોકનો સંક્ષિપ્તમાં નીચે આપવામાં આવેલા છે. :

- જમીન સંપાદન અને પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R) સફળતાપૂર્વક કરવામાં આવ્યા હતા અને વિશ્વ બેંકની સંરક્ષણની નીતિઓ મુજબનું હતું.
- અંતે કરવામાં આવેલ કુલ જમીન સંપાદન અને અસર થનાર ઘરોની/પરિવારોની સંખ્યા, પ્રોજેક્ટ તૈયાર કરતી વખતે અપેક્ષા કરતાં ઓછી હતી. માર્ગ. અને મ.વિભાગના અસર ઘટાડવાના પ્રયત્નો અને વૈકલ્પિક ઉપાયો અપનાવવાના કારણે આ અસર ઓછી કરી શકાઈ હતી. માર્ગોની રચનામાં ફેર ગોઠવણી અને અસર વાળો માર્ગ (CoI)ની પહોળાઈ જ્યાં પણ શક્ય હોય, ત્યાં ઘટાડીને કરવામાં આવેલ છે;
- માર્ગ અને મકાન વિભાગ દ્વારા સ્થાપવામાં આવેલ પર્યાવરણ અને સામાજિક સંચાલન એકમ (ESMU)ના સ્વૈચ્છિક સંસ્થાઓ (NGO)ની સહાયથી પુનર્વસન કામગીરી આયોજન (RAP)ના અમલીકરણમાટે જવાબદાર છે, જે ખાસ આ હેતુમાટે મેળવવામાં આવેલ.
- પ્રોજેક્ટના અસરગ્રસ્તો અને પરિવારોને પુનર્વસન કામગીરી આયોજન (RAP)ના અમલથી, મળેલ વળતર અને આપવામાં આવેલ તાલીમથી સંતુષ્ટ હતા;
- ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવામાં આવેલ. આ સમિતિ પુનર્વસન કામગીરી આયોજન (RAP)ના અમલ દરમ્યાન ફરિયાદોની સુનાવણી અને તેના ઉપાયો કરવામાટે બનાવવામાં આવેલ;
- 'top-up' money ની ચુકવણીમાં વિલંબ, મુખ્યત્વે તેનું કારણ હેતુલક્ષી ધોરણો તૈયાર કરવામાં પડતી મુશ્કેલી, જેથી યોગ્ય અને બંને પક્ષો સંમત થાય, તેવી પુનઃસ્થાપનના ખર્ચની રકમ પર આવવામાં વિલંબ;
- નિર્વાસિતોને કાયમી રહેઠાણ પુરા પાડવામાં થયેલ વિલંબ (તબક્કા-૧ના માર્ગો);
- યોગ્ય રીતે આયોજીત અને સંકલિત પ્રયત્નો, જમીન સંપાદનના કામમાં અને સગવડોના સ્થળાંતરમાં; અને,
- કામ આપતા પહેલાં બાંધકામ પૂર્વેની બધી કામગીરી પૂરી કરવાની જરૂરિયાત.

## 5.4. વિવિધ પુનર્વસનની નીતિઓની તુલના

28. વિશ્વ બેંકના ફંડથી ચાલતા ટ્રાન્સપોર્ટ ક્ષેત્રના પ્રોજેક્ટ્સમાં વિવિધ અસરગ્રસ્ત વર્ગોને વળતર અને સહાયનું તુલનાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું. તુલ્નાત્મક વિશ્લેષણમાં અધિકારો/હકોનું, GSHP-I, પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R), કેરાલા સરકારની નીતિ, (કેરાલા સ્ટેટ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ-II)

[6] અમલીકરણ પુરૂં થવું અને પરિણામના અહેવાલ (IBRD-45770), સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ, ઇન્ડીયા કન્ટરી મેનેજમેન્ટ યુનીટ, સાઉથ એશિયા રીજીયન. ધી વર્લ્ડ બેંક, જૂન 18, 2008.

અપનાવવામાં આવેલ નીતિ, મુંબઈ શહેરી ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ (MUTP), કર્ણાટક સ્ટેટ હાઇવેઝ ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ-II અને નેશનલ રીહેબીલીટેશન એન્ડ રીસેટલમેન્ટ પોલીસી (NRRP), 2007, ના ધોરણો ધ્યાને લેવામાં આવ્યા.

29. GSHP-IIમાટે પુનર્વસનની નીતિનું માળખું તૈયાર કરવામાં આ જોગવાઈઓ વિચારણામાં લેવામાં આવેલ છે અને તે મુજબ યોગ્ય અધિકારોમાટેની જોગવાઈઓ, સંબંધિત કાયદાઓ અને નીતિઓ સાથે સુમેળમાં હોય તે રીતે તૈયાર કરવામાં આવેલ છે.

# 6. જમીન સંપાદન અને પુનર્વસનની અસરો

## 6.1. જમીનની જરૂરિયાતો અંગેની વિગતો

30. પ્રોજેક્ટના માર્ગોમાટે ઉપલબ્ધ રાઇટ ઑફ વે (RoW)માં ઘણી વિવિધતા છે, સામાન્ય રીતે રાઇટ ઑફ વે (RoW) 24 થી 30 મીટર છે, સિવાય કે બાયડ-લુણાવાડાના ૧૨કિમિ માર્ગ પર (ગ્રામ્ય/મુખ્ય જીલ્લા માર્ગ થી રાજ્ય માર્ગ-63 Jn સુધી), જ્યાં રાઇટ ઑફ વે (RoW) 10-12 મીટર છે. સૂચિત સુધારાઓ અસરવાળા માર્ગને અનુસરવું. અસર વાળો માર્ગ (CoI) પ્રાપ્ત થાય તે 54.52 હેક્ટર છે. તેમાં 22.43 હેક્ટરની ખાનગી જમીન, 7.11 હેક્ટરની સરકારી જમીન અને 24.98 હેક્ટરનો આરક્ષિત વનનો સમાવેશ થાય છે. ખાનગી જમીન સંપાદનથી 28 ગામોને અસર થાય છે. અને આદિજાતિ વિસ્તારમાં કોઈ જમીન સંપાદન કરવામાં નહીં આવે. (ટેબલ 6-1).

**ટેબલ 6-1: માર્ગ-દીઠ જમીનની આવશ્યકતાની વિગતો**

| અનુક્રમ | માર્ગનું નામ | જમીનનો વિસ્તાર (હેક્ટરમાં) | | | |
|---|---|---|---|---|---|
| | | ખાનગી જમીન | સરકારી જમીન | આરક્ષિત વન | કુલ જમીન |
| 1 | ડભોઈ-બોડેલી | 0 | 0 | 0 | 0 |
| 2 | ધંધુકા-ધોલેરા | 0 | 0 | 0 | 0 |
| 3 | આટકોટ-ગોંડલ | 0.24 | 0.87 | 0 | 1.11 |
| 4 | મહેસાણા-હિંમતનગર | 3.02 | 3.52 | 0 | 6.54 |
| 5 | ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ) | 0.19 | 0 | 0 | 0.19 |
| 6 | બાયડ-લુણાવાડા | 18.05 | 2.61 | 5.37 | 26.03 |
| 7 | ધનસુરા-મેઘરજ | 0.47 | 0.11 | 0 | 0.58 |
| 8 | લુણાવાડા-ખેડાપા | 0.46 | 0.00 | 19.61 | 20.07 |
| | કુલ | **22.43** | **7.11** | **24.98** | **54.52** |

સ્રોત: જમીન સંપાદન યોજના,લાસા 2012

## 6.2. વસ્તીગણતરી, સામાજીક-આર્થિક સર્વે અને વિડીયોગ્રાફી

31. અસર વાળો માર્ગ (CoI) બધા અસરગ્રસ્ત પરિવારોની ગણતરીનો સર્વે કરવામાં આવ્યો હતો અને 729 (પ્રોજેક્ટથી અસરગ્રસ્ત પરિવારો)માંથી 384 પરિવારો સામાજીક-આર્થિક માહિતીની વિગતો એકત્ર કરવામાં આવેલ, દરેક અસરગ્રસ્ત મિલ્કતનો માહિતી એકત્ર કરવામાં આવેલ, વિગતોનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું અને મિલ્કતોના ફોટોગ્રાફ લેવામાં આવ્યા. પ્રોજેક્ટથી અસરગ્રસ્ત લોકોને (PAP) તેમની હાજરી પ્રસ્થાપિત કરવાનો, વસ્તી ગણતરી સર્વેની છેલ્લી તારીખને વંચિત તારીખ તરીકે ગણવામાં આવેલ છે. સર્વેથી મળેલ માહિતીથી, પરિવારો પર પડનાર અસરોનું પ્રમાણ/પ્રકાર જાણી શકાય છે; અને તેનાથી તેમને ચુકવવા પાત્ર રકમ/ખર્ચનું બજેટ તૈયાર કરવામાં મદદ મળે છે.

32. પ્રોજેક્ટ માર્ગની વિડિયોગ્રાફી, જેમાં સમગ્ર રાઇટ ઑફ વે (RoW) આવરી લેવાય, તે રીતે કરવામાં આવી. આ વસ્તી ગણતરી સર્વે પહેલાં કરવામાં આવી (ટેબલ 6-2) આ અભ્યાસ, માલિકી હક ધરાવતા હોય તેમની ગણતરીમાટેનો આધાર તરીકે ઉપયોગમાં લેવાયો.

**ટેબલ 6-2: વિડિયોગ્રાફી અને વસ્તી ગણતરીના સર્વેની વિગતો**

| અનુક્રમ | પ્રોજેક્ટનો માર્ગ | વિડિયોગ્રાફીની તારીખ | વસ્તી ગણતરીની તારીખ |
|---|---|---|---|
| 1 | ડભોઇ-બોડેલી | 12.05.2012 | 03.06.2012 to 06.06.2012 |
| 2 | ધંધુકા-ધોલેરા | 05.05.2012 | 06.04.2012 |
| 3 | આટકોટ-ગોંડલ | 27.04.2012 | 25.03.2012 to 28.03.2012 |
| 4 | ધંધુકા-પાળીયાદ | 28.4.2012 | Not Applicable[7] |
| 5 | મહેસાણા-હિંમતનગર | 15.5.2012 | 8.7.2012 – 22.7 2012 |
| 6 | ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ) | 03.05.2012 | 18.05.2012 to 19.05.2012 |
| 7 | બાયડ-લુણાવાડા | 7. 05.2012 | 22.05.2012 to 31.05.2012 |
| 8 | ધનસુરા-મેઘરજ | 05.05.2012 | 8.05.2012 to 9.05.2012 |
| 9 | લુણાવાડા-ખેડાપા | 08.05.2012 | 17.05.2012 to 19.05.2012 |

સ્રોત: લાસા, 2012

## 6.3. મિલ્કતો પર અસર

33. સૂચિત માર્ગ સુધારણાથી 729 ખાનગી મિલ્કતોને નુકસાન થશે. તેમાંથી 314 (43%) પર વધારે અસર પડશે[8]. 14% મિલ્કતો જેના માલિકો છે, તેના પર ગંભીર અસર પડશે. બાયડ-લુણાવાડા અને

[7] આ માર્ગ પર ફક્ત જાળવણીની કામગીરી કરવાની હોવાથી કોઈ વસ્તી ગણતરી (census) સર્વે કરવામાં નથી આવ્યું.

[8] (i) મુખ્ય અસર: તેમાં જ્યાં બાંધકામ/જમીન ના મુખ્ય ભાગને અસર થતી હોય, અને તે ઉપયોગને લાયક ન રહેતા હોય, અસરગ્રસ્ત વ્યક્તિ તેમાં રહી શક્તિ ન હોય/કે અસરગ્રસ્ત વિસ્તારમાં વ્યાપાર-ધંધો કરી શક્તિ ન હોય, અથવા જે મિલકત કે બાંધકામ/જમીનના 25% કે તેથી વધુ ભાગને અસર થઈ હોય. (ii) ગૌણ અસર: મુખ્ય અસર સિવાયની બધી જ અસર ગૌણ અસર ગણાશે અથવા એવી મિલ્કત કે જેના બાંધકામ/જમીન નો થોડો

મહેસાણા-હિંમતનગર માર્ગ પર સૌથી વધું ૮૧% મિલકતો અસર થશે. ગ્રામ્ય રોડનો બાયડ-લુણાવાડા માર્ગના વિસ્તારમાં સમાવેશ થાય છે જેની રાઇટ ઑફ વે (RoW) ની પહોળાઈ 15 મીટરથી ઓછી હોય તેને બે લાઈનના ધોરણસરના બનાવવા, અને મહેસાણા-હિંમતનગર માર્ગ ચાર લેનનો બનાવવા (જે હાલ બે લેનનો છે) તેમાં વધારાની જમીન સંપાદન કરવાનો પ્રશ્ન છે. (ટેબલ 6-3).

---

ભાગ જ સંપાદન કરવામાં આવેલ હોય અને બાકીનો ભાગ સલામત હોય, અને અસરગ્રસ્ત વ્યક્તિ આવા અસર ન થયેલા ભાગમાં રહી શકતી હોય કે વ્યાપાર-ધંધો કરી શકતી હોય.

**ટેબલ 6-3: મુખ્ય અને ગૌણ અસર ધરાવતી મિલ્કતો**

| અનુક્રમ | પ્રોજેક્ટનો માર્ગ | કુલ અસરગ્રસ્ત મિલ્કતો | મુખ્ય અસર | | | | ગૌણ અસર | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બાંધકામ | જમીન | બાંધકામ અને જમીન | કુલ | બાંધકામ | જમીન | બાંધકામ અને જમીન | કુલ |
| 1 | ડભોઈ-બોડેલી | **18** | 18 | 0 | 0 | 18 | 0 | 0 | 0 | 0 |
| 2 | ધંધુકા-ધોલેરા | **4** | 3 | 0 | 0 | 3 | 1 | 0 | 0 | 1 |
| 3 | આટકોટ-ગોંડલ | **36** | **7** | **4** | **4** | **15** | **15** | **0** | **6** | **21** |
| 4 | મહેસાણા-હિંમતનગર | **245** | **96** | **4** | **17** | **117** | **28** | **66** | **34** | **128** |
| 5 | ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ) | **40** | 30 | 0 | 0 | 30 | 0 | 7 | 3 | 10 |
| 6 | બાયડ-લુણાવાડા | **349** | 34 | 74 | 0 | 108 | 1 | 240 | 0 | 241 |
| 7 | ધનસુરા-મેઘરજ | **24** | 10 | 0 | 0 | 10 | 2 | 10 | 2 | 14 |
| 8 | લુણાવાડા-ખેડાપા | **13** | 9 | 4 | 0 | 13 | 0 | 0 | 0 | 0 |
| કુલ | | **729** | **207** | **86** | **21** | **314** | **47** | **323** | **45** | **415** |

સ્રોત: લાસા પ્રાથમિક સર્વે, 2012

### *6.3.1. માલિકીના પ્રકાર*

34. અસરગ્રસ્ત મિલ્કતોના 50% છુટાછવાયા અને દબાણ કરનારાઓના છે. (ટેબલ 6-4). પ્રોજેક્ટના બધા માર્ગો પર વેપારમાટે છુટાછવાયા અને રહેઠાણ અને ખેતીની જમીન પર દબાણ જોવા મળેલ છે.

**ટેબલ 6-4: અસરગ્રસ્ત મિલ્કતોની માલિકીની વિગતો7**

| અનુક્રમ | પ્રોજેક્ટનો માર્ગ | કુલ અસરગ્રસ્ત મિલ્કતો | માલિકીનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | માલિકી | ભાડુઆત/લીઝ ધરાવનાર | દબાણ કરનારા | દબાણ કરનારા |
| 1 | ડભોઈ-બોડેલી | **18** | 0 | 0 | 18 | 0 |
| 2 | ધંધુકા-ધોલેરા | **4** | 0 | 0 | 3 | 1 |
| 3 | આટકોટ-ગોંડલ | **36** | 4 | 0 | 8 | 24 |
| 4 | મહેસાણા-હિંમતનગર | **245** | 13 | 18 | 103 | 111 |
| 5 | ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ) | **40** | 6 | 0 | 30 | 4 |
| 6 | બાયડ-લુણાવાડા | **349** | 313 | 2 | 32 | 2 |
| 7 | ધનસુરા-મેઘરજ | **24** | 6 | 0 | 10 | 8 |
| 8 | લુણાવાડા-ખેડાપા | **13** | 4 | 0 | 9 | 0 |
| કુલ | | **729** | **346** | **20** | **213** | **150** |

સ્રોત: લાસા પ્રાથમિક સર્વે, 2012

### *6.3.2. ઉપયોગના પ્રકાર*

35. મોટા ભાગની અસરગ્રસ્ત મિલ્કતો વેપારી દુકાનો છે (દબાણ જે સરકારી જમીન પર આવેલી છે) સિવાય કે બાયડ-લુણાવાડા, જ્યાં મોટા ભાગની અસર ખેતીની જમીન પર પડેલ છે. (કુલ 349 અસરગ્રસ્ત મિલ્કતોમાંથી 314 ખેતીની જમીનના ટુકડા) 267 જેટલા અસરગ્રસ્ત વ્યાપારી સ્થળો પૈકી, 225 જેટલી

દુકાનો (84%) સ્વયં માલીકીન નથી. કુલ પાંચ ઔદ્યોગિક મિલ્કતો, પ્રોજેક્ટના 8 માર્ગો પર અસર પામે છે. જે પૈકી ત્રણ મહેસાણા-હિંમતનગર પર આવેલી છે, અને તેની અસર નહીંવત છે, કારણ કે ફક્ત કમ્પાઉન્ડ વોલ અને ગેટને અસર થાય છે.

**ટેબલ 6-5: અસરગ્રસ્ત મિલ્કતો, અને તેના ઉપયોગના પ્રકાર**

| અનુક્રમ | પ્રોજેક્ટનો માર્ગ | કુલ અસરગ્રસ્ત મિલ્કતો | અસરગ્રસ્ત મિલ્કતોનો ઉપયોગ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | રહેઠાણ | વ્યાપારી । | મિશ્ર ઉપયોગ | ઔદ્યોગિક | ખેતીની જમીન | ખાલી પ્લોટ | અન્ય[9] |
| 1 | ડભોઈ-બોડેલી | **18** | 0 | 18 | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | ધંધુકા-ધોલેરા | **4** | 0 | 3 | 0 | 1 | 0 | 0 | 0 |
| 3 | આટકોટ-ગોંડલ | **36** | 10 | 20 | 1 | 1 | 4 | 0 | 0 |
| 4 | મહેસાણા-હિંમતનગર | **245** | 12 | 141 | 1 | 3 | 72 | 14 | 2 |
| 5 | ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ) | **40** | 0 | 32 | 0 | 0 | 6 | 1 | 1 |
| 6 | બાયડ-લુણાવાડા | **349** | 0 | 34 | 1 | 0 | 313 | 1 | 0 |
| 7 | ધનસુરા-મેઘરજ | **24** | 4 | 10 | 0 | 0 | 10 | 0 | 0 |
| 8 | લુણાવાડા-ખેડાપા | **13** | 0 | 9 | 0 | 0 | 4 | 0 | 0 |
| | કુલ | **729** | **26** | **267** | **3** | **5** | **409** | **16** | **3** |

સ્રોત: લાસા પ્રાથમિક સર્વે, 2012

### *6.3.3. નુકસાનના પ્રકાર*

36. કુલ 729 અસરગ્રસ્ત મિલ્કતો પૈકી, 409 કેસો (56%)માં ફક્ત જમીનને અસર થશે. કુલ અસરગ્રસ્ત જમીનના 86 ટુકડા (12%) પર તે પૈકી 74 બાયડ-લુણાવાડા માર્ગ પર આવેલી છે. કૂલ 384 ઘરો/પરિવારોનો સર્વે કરવામાં આવેલ જેમાં 166 જમીનના માલિકો છે. કપાસ, બાજરો, ડાંગર, મગ અને પપૈયાની ખેતી આ જમીનોમાં થાય છે.

### *6.3.4. અસરગ્રસ્ત મિલકતો ની અંદર સ્થિત સંપત્તિની યાદી*

37. અસરગ્રસ્ત મિલકતો માં થી કુલ ૮૭૬ મિલકતો જણાઈ, તેમાંથી ૯૦% મિલકતો મેહસાણા- હિમતનગર અને બાયડ-લુણાવાડા કોરીડોર આગળ સ્થિત છે

**ટેબલ 6-6: સરગ્રસ્ત મિલકતો ની અંદર સ્થિત સંપત્તિ**

| અસ્કયામતો | ડભોઇ-બોડેલી | ધંધુકા-ધોલેરા | અટકોટ-ગોંડલ | મેહસાણા-હિમતનગર | ઉમરેઠ-વાસદ(લાડ વેલ-કપડવંજ સહીત) | બાયડ-લુણાવાડા | ધનસુરા – મેઘરજ | લુણાવાડા-ખેડાપા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વૃક્ષો | - | 3 | 5 | 124 | 18 | 555 | 12 | 35 | **752** |
| પાણીનો નળ | - | - | - | 10 | - | 2 | - | - | **12** |

[9] (મહેસાણા-હિંમતનગર અને ઉમરેઠ-વાસદ માર્ગ) પશુઓના બે વાડા અને એક ફાર્મ હાઉસ આવેલ છે, જેને અસર થઈ હોય.

| અસ્કયામતો | ડભોઇ-બોડેલી | ધંધુકા-ધોલેરા | અટકોટ-ગોંડલ | મેહસાણા-હિમતનગર | ઉમરેઠ-વાસદ(લાડ વેલ-કપડવંજ સહીત) | બાયડ-લુણાવાડા | ધનસુરા – મેઘરજ | લુણાવાડા-ખેડાપા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પાણીની ટાંકી/પાણીની કુંડી | - | - | - | 20 | - | 3 | - | 1 | **24** |
| મોટર પમ્પ | - | - | - | - | - | 8 | 2 | - | **10** |
| ટ્યુબ વેલ | - | - | - | - | - | - | - | - | **0** |
| ખુલ્લો/ખોદેલો કુવો | | - | - | 1 | - | 25 | - | 1 | **27** |
| હાથપંપ | | - | 1 | 1 | - | 3 | - | - | **5** |
| કાંટાળો તાર ફેન્સીંગ / ગેટ | | - | - | 20 | - | 1 | 1 | 1 | **23** |
| બાઉન્ડરી દિવાલ | | - | 1 | 13 | - | 3 | 1 | - | **18** |
| ગમાણ | | - | - | 2 | - | | - | - | **2** |
| કામચલાઉ શેડ | | - | - | - | - | | - | 1 | **1** |
| ધાર્મિક બાંધકામ | | - | - | - | - | - | - | - | **0** |
| દેશી ચૂલો | | - | - | - | - | - | - | - | **0** |
| વૃક્ષો આસપાસ બેઠક | | - | - | 1 | - | | - | 1 | **2** |
| સ્નાનગૃહ | | - | - | - | - | - | - | - | **0** |
| કુલ | | **3** | **7** | **192** | **18** | **600** | **16** | **40** | **876** |

સ્રોત સોર્સ: *LASA* પ્રાથમિક સર્વે, *2012*

### *6.3.5. સાંસ્કૃતિક અને સામુદાયિક મિલ્કતો પર અસર*

38. કુલ 19 સાંસ્કૃતિક અને 48 સામુદાયિક મિલ્કતો પર અસર પડશે. મિલ્કતો પર અસર ન પડે તેમાટે ડિઝાઈનમાં ફેરફાર કર્યા બાદ આટલી મિલ્કતો પર અસર પડશે. સૌથી વધુ અસર મહેસાણા-હિંમતનગર માર્ગ પર પડશે અને ડભોઈ-બોડેલી અને લુણાવાડા-ખેડાપા માર્ગ પર કોઈ અસર નથી. સામુદાયિક મિલ્કતો જેવી કે હેન્ડપંપ, પાણીની કુંડી[10], પાણીના ટાંકા, જાહેર જાજરૂ, ખુલ્લા કુવા, ઓટલા વાળા ઝાડ, આરામ કરવાના શેડ વિગેરે. સમુદાય સાથે પરામર્શમાં રહી સાંસ્કૃતિક અને જાહેર મિલ્કતો જેમને અસર થાય છે, તેમની સુરક્ષા અને તેમને સુધારવા/પુનઃસ્થાપનના પગલાં લેવામાં આવશે.

[10] જમીનની ઉપર ઈંટો અને સીમેન્ટથી પાણીના સંગ્રહમાટે બનાવવામાં આવે, જેનું કદ 5 ચોરસ મીટરથી 8 ચોરસ મીટર હોય.

## ટેબલ 6-7: પુનર્વસનની અસરો:સંક્ષિપ્તમાં

| અનુક્રમ | વિગતો | ડભોઇ-બોડેલી | ધંધુકા-ધોલેરા | આટકોટ-ગોંડલ | મહેસાણા –હિમતનગર | ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ સહિત) | બાયડ-લુણાવાડા | ધનસુરા-મેઘરજ | લુણાવાડા-ખેડાપા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1A | જમીનના માલિકી હક ધરાવનાર ખેતીની .જમીન બિન ખેતીની જમીન /ઘરબાર જમીન | કઈ નહી | કઈ નહી | ખેતીની જમીન .- 4 ઘર | ખેતીની જમીન -72 ઘર; પડતર જમીન -14 ઘર. | ખેતીની જમીન -6 ઘર; | ખેતીની જમીન -313 ઘર અને ખુલ્લી જમીન -1 ઘર | ખેતીની જમીન - 6 ઘર; | ખેતીની જમીન .- 4 ઘર |
| 1B | માલિકી હક ધરાવનાર રહેઠાણો | કઈ નહી | કઈ નહી | 9 ઘર | 5 ઘર | કઈ નહી | કઈ નહી | 4 ઘરોની દિવાલ | કઈ નહી |
| IC | માલિકી હક ધરાવનાર વ્યાપારી/ઔધોગિક માળખા | કઈ નહી | ફેન્સીંગ, ગેટ અને એક ખુલ્લો કૂવો ઔધોગિક મિલ્કતમાં | 13 દુકાન અને એક ઔદ્યોગિક મિલ્કત | 27 વેપારીક બાંધકામ, 3 ઔદ્યોગિક બાંધકામ | 2 (1 વેપારિક માળખા અને 1 પોલ્ટ્રિ ફાર્મ) | કઈ નહી | કઈ નહી | કઈ નહી |
| 1D | માલિકી હક ધરાવનાર રહેઠાણો સહ વ્યાપારી/ઔધોગિક માળખા | કઈ નહી | કઈ નહી | 1 મિશ્ર મિલ્કત (દુકાન અને ઘર) | 1 મિશ્ર મિલ્કત (દુકાન અને ઘર) | કઈ નહી | 1 મિશ્ર મિલ્કત (વેપારીક સહ રહેઠાણ) | કઈ નહી | કઈ નહી |
| 2A | ભાડુઆત રહેઠાણો સહ વ્યાપારી/ઔધોગિક | કઈ નહી | કઈ નહી | 3 (વેપારીક) | 24 ભાડુઆત (23 વેપારીક અને 1 રહેઠાણના) | કઈ નહી | 3 દુકાન (માલિકીના નથી) | કઈ નહી | કઈ નહી |
| 3A | દબાણ કરનાર | 18 દુકાનો | 3 દુકાનો | 7 વેપારીક, 1 રહેઠાણના | 114 વેપારીક બાંધકામ (દબાણ કરનાર) અને 7 માલિકી હક વગરના રહેઠાણ | 30 દુકાનો | 34 વેપારી દુકાનો (દુકાનો) | 10 દુકાનો | 9 દુકાનો |
| 3B | દબાણ કરનાર | કઈ નહી | 1 ઔદ્યોગિક મિલકત | 13 વેપારીક, 9 રહેઠાણના , 1 મિશ્ર અને 1 ઔદ્યોગિક | વેપારીક બાંધકામ (27), ખેતીની જમીન (64), ઔદ્યોગિક (3), રહેઠાણના (5), ખુલ્લી જમીન (9), મિશ્ર (1), તબેલા (2) | 4 (2 વેપારીક, 1ફાર્મ હાઉસ અને 1 ખુલ્લા પ્લોટ). | 1 મિશ્ર મિલકત (દુકાન અને ઘર) | 4 ખેતીની જમીન અને 4 ઘરોની દિવાલ | કઈ નહી |
| 4A | કમજોર વર્ગો માટે વધારા | 4 અનુસુચિત | કઈ નહી | 5 ઘર (1 અનુસૂચિત | 40 ઘર (2 કમજોર વર્ગના ઘર, 26 | 9 ઘર (4 ગરીબી | 41 ઘર (5 ઘર | 9 ઘર (5 ગરીબી | 4 ગરીબી રેખા |

| અનુક્મ | વિગતો | ડભોઇ-બોડેલી | ધંધુકા-ધોલેરા | આટકોટ-ગોંડલ | મહેસાણા -હિમતનગર | ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ સહિત) | બાયડ-લુણાવાડા | ધનસુરા-મેઘરજ | લુણાવાડા-ખેડાપા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ની સહાય | જાતિના મકાનો | | જન જાતિના ઘર, 3 કમજોર વર્ગના ઘર અને 1 ઘર 60 વર્ષથી ઉપરની ઉંમરના) | ગરીબી રેખા નીચેના ઘર, 8 અપંગ વ્યક્તિઓના ઘર અને 2 ઘર 60 વર્ષથી ઉપરની ઉંમરના અને 2 અનુસૂચિત જન જાતિના) | રેખા નીચેના, 2 અનુસૂચિત જન જાતિના, 1 અનુસૂચિત જન જાતિના અને ગરીબી રેખા નીચેના અને 2 60 વર્ષથી ઉપરના) | કમજોર વર્ગના, 35 ગરીબી રેખા નીચેના ઘર, 1 અનુસૂચિત જન જાતિના અને ગરીબી રેખા નીચેના) | રેખા નીચેના, 1 કમજોર વર્ગના સહ ગરીબી રેખા નીચેના ઘર) | નીચેના ઘર |
| 5A | દુકાનોમાં નોકરી કરનાર,ખેત મજૂર,ભાગીયા | કઈ નહી | કઈ નહી | કઈ નહી | કઈ નહી | કઈ નહી | કઈ નહી | કઈ નહી | કઈ નહી |
| 6A | સામુદાયિક મિલકતોને નુકસાન | કઈ નહી | ધાર્મિક-1 સામુદાયિક મિલકતો-શૂન્ય | 5 ધાર્મિક માળખા અને શાળાની કમ્પાઉન્ડ વોલ -૧ | 11 ધાર્મિક એકમ (6 મદિર, 4 ધાર્મિક સ્થળ અને 1 મસ્જિદ), 44 સામુદાયીક મિલ્કતો જેમાં 4 શાળાઓ, 3 આરામ કરવાની જગ્યા, 1 કમ્યુનીટી હોલ ,3 શૌચાલય, 1જમીન નીચેનો ટાંકો,29 પાણીના ટાંકા/ખુંડી અને 3 સરકારી મિલકત-પોલીસ સ્ટેશન, LPG ગેસ સ્ટેશન અને મૂર્તિ | ધાર્મિક સ્થળ-2 શામુદાયીક મિલ્કત-શૂન્ય | 1 શાળાની કમ્પાઉન્ડ વોલ | ધાર્મિક સ્થળ-શૂન્ય સામુદાયીક મિલ્કત-2 | કઈ નહી |
| 7A | અનુસૂચિત જન જાતિઓને વધારાની સહાય | 4 દુકાનો | કઈ નહી | 1 વેપારીક એકમ (દુકાન) | 1 દુકાન, અને 1 ખેતીની જમીન | 3 દુકાનો | 1 દુકાનો | 1 દુકાનો | કઈ નહી |

સ્રોત: લાસા પ્રાથમિક સર્વે, *2012*

# 7. અસરગ્રસ્ત વસ્તીનું સામાજીક-આર્થિક ચિત્ર

39. અસરગ્રસ્ત વસ્તીના સામાજીક-આર્થિક તૈયાર કરવામાં આવેલ પ્રશ્નોત્તરી દ્વારા પ્રોજેક્ટના બધા માર્ગોની સામાજીક-આર્થિક માહિતી એકત્ર કરી, તેનું પૃથ્થકરણ કરવામાં આવ્યું છે, અને આ પ્રકરણમાં રજુ કરવામાં આવેલ છે. સર્વેમાં કુલ 729 પરિવારો પૈકી 384 પરિવારોની માહિતી એકત્ર કરવામાં આવેલ છે, અને તેમાં 2107 પ્રોજેક્ટથી અસરગ્રસ્ત લોકોનો (729 PAHs માટે 4000 PAPs હશે), સમાવેશ થાય છે. દરેક પરિવારમાં સરેરાશ 6 વ્યક્તિ છે; પરિવારોની વિચારણા અસર પામેલા માળખા/જમીન અને સામાજીક-આર્થિક એકમ તરીકે ગણવામાં આવેલ છે, તેમાં પરસ્પર સંબંધ જોવાયા નથી, જ્યારે કુટુંબમાં વ્યક્તિને જોવામાં આવે છે, તેના પતિ કે પત્ની, સગીર પુત્રો, અપરિણીત પુત્રીઓ, સગીર ભાઈ, અપરિણીત બહેનો, પિતા, માતા અને અન્ય સંબંધિઓ જે સાથે રહેતા હોય અને પોતાની આજીવિકામાટે ઘરની મુખ્ય વ્યક્તિ પર આધાર રાખતા હોય, તેમનો સમાવેશ થાય છે. પૃથ્થકરણનું કેન્દ્ર હાલમાં ઘરગથ્થું રાખ્યું છે. પ્રોજેક્ટથી અસરગ્રસ્ત પરિવારોનું ચિત્રણ અમલીકરણના તબક્કે કરવામાં આવશે. આ પૃથ્થકરણની મદદથી પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R) સહાય આપી શકાય તેમાટે, માપ કાઢી શકાય તેવો ડાટા તૈયાર કરવામાં આવશે. અલગ-અલગ કક્ષાના પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિઓ (PAPs)માટે અલગ-અલગ ડાટા તૈયાર કરવામાં આવશે, અને પ્રોજેક્ટ પૂરો થયા બાદ લોકોની સ્થિતિમાં થતા ફેરફાર પર દેખરેખ રાખવામાટે પણ ઉપયોગમાં લેવામાં આવશે.

40. સામાજિક આર્થિક મોજણી માટેની વ્યૂહરચના SIA ના[11] તારણો પર આધારિત દોરાઇ છે અને 50 ટકા પ્રોજેક્ટ અસરગ્રસ્ત ઘરો આવરી લેવામાં આવ્યા છે સામજિક અને આર્થિક સર્વે માટે પસંદ કરવામાં આવેલા એકમોમાં અસરગ્રસ્ત બધાજ વર્ગોનો સમાવેશ થાય છે. પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિઓ (PAP) ની ચકાસણી વખતે અને માઈક્રો પ્લાન તૈયાર કરતી વખતે બધા ઘરોને આવરી લેવામાં આવશે.આ કામગીરી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવશે.

### *7.1.1. સામાજીક કક્ષા*

41. કુલ 384 અસરગ્રસ્ત ઘરોમાંથી, 12 અનુસૂચિત જનજાતિના અને 42 અનુસૂચિત જાતિના ઘરો છે. કુલ અસરગ્રસ્ત ઘરોમાંથી અંદાજે 23 ઘરો અનુસૂચિત જન જાતિના છે. માર્ગોમાં, ડભોઈ-બોડેલી, ધનસુરા-

[11] આ નવેમ્બર 2010 4TH ના વિશ્વ બેન્ક પરિસહાયક અધિકારી Memoire સાથે પૂરી પાડવામાં આવેલ સમાજ પ્રભાવ આકલન, પુનઃસ્થાપન એક્શન પ્લાન અને સ્થાનિક પ્રજાના વિકાસ યોજના છે, સંદર્ભ શરતો સાથે વાક્ય છે.

મેઘરજ અને લુણાવાડા-ખેડાપા, અનુસૂચિત વિસ્તારમાંથી પસાર થાય છે, જ્યાં 4 દુકાનો (માલિકની પોતાની નથી) અનુસૂચિત જાતિ દ્વારા ડભોઈ-બોડેલી માર્ગમાં એક ધનસુરા-મેઘરજ માર્ગમાં અસર હેઠળ આવશે. જે પરિવારોને અસર થાય છે, તેમની સામાજીક સ્થિતિ ટેબલ 7-1માં બતાવવામાં આવેલ છે.

**ટેબલ 7-1: અસરગ્રસ્ત ઘરોની સામાજિક સ્થિતિ**

| સામાજિક સ્થિતિ | સામાન્ય | | અન્ય પછાત જાતિ | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત આદિજાતિ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી |
| ડભોઈ-બોડેલી | 1 | 0.56 | 3 | 2.0 | 5 | 11.90 | 4 | 33.33 | 13 | 3.4 |
| ધંધુકા-ધોલેરા | 3 | 1.69 | 1 | 0.7 | 0 | 0.00 | 0 | 0.00 | 4 | 1.0 |
| આટકોટ-ગોંડલ | 21 | 11.80 | 6 | 3.9 | 1 | 2.38 | 1 | 8.33 | 29 | 7.6 |
| મહેસાણા-હિંમતનગર | 91 | 51.12 | 85 | 55.9 | 9 | 21.4 | 2 | 16.7 | 187 | 48.7 |
| ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ) | 15 | 8.43 | 15 | 9.9 | 5 | 11.90 | 3 | 25.00 | 38 | 9.9 |
| બાયડ-લુણાવાડા | 36 | 20.22 | 25 | 16.4 | 14 | 33.33 | 1 | 8.33 | 76 | 19.8 |
| ધનસુરા-મેઘરજ | 6 | 3.37 | 10 | 6.6 | 7 | 16.67 | 1 | 8.33 | 24 | 6.3 |
| લુણાવાડા-ખેડાપા | 5 | 2.81 | 7 | 4.6 | 1 | 2.38 | 0 | 0.00 | 13 | 3.4 |
| કુલ | **178** | 0.56 | **152** | **100** | **42** | **100.00** | **12** | **100.00** | **384** | **100** |

સ્રોત: લાસા પ્રાથમિક સર્વે, *2012*

### *7.1.2. કમજોર પરિવારો*

42. કમજોર પરિવારો એ છે, જેના વડા શારીરિક રીતે અપંગ, વિધવા, અનુસૂચિત જન જાતિના, ૬૦ વર્ષથી વધુ ઉંમરના, ગરીબી રેખા નીચેના પરિવારો અને મહિલાઓ હોય. 384 ઘરોમાંથી 112 આવા ઘરો અલગ તારવવામાં આવ્યા છે. જે કમજોર વર્ગમાં આવી શકે. (કુલ 729 ઘરોમાંથી 213 ઘરો કમજોર વર્ગમાં આવશે) 384 ઘરોમાંથી 74 ઘરો ગરીબી રેખા નીચેના છે. (તેનો અંદાજ તેમના બીપીએલ કાર્ડ પરથી કાઢવામાં આવેલ છે. પાંચ ઘરોના વડા 60 વર્ષથી વધુ ઉંમરના છે, 13 ઘરોમાં મહિલાઓ કુટુંબના વડા છે અને 8 કુટુંબોના વડા શારીરિક રીતે અપંગ છે. માર્ગ દીઠ કમજોર વર્ગોની સંખ્યા ટેબલ 7-2માં આપવામાં આવેલ છે.

**ટેબલ 7-2: કમજોર પરિવારોની માર્ગદીઠ વિગતો**

| Vulnerable Category | ડભોઈ-બોડેલી | | ધંધુકા-ધોલેરા | | આટકોટ-ગોંડલ | | મહેસાણા-હિંમતનગર | | ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ) | | બાયડ-લુણાવાડા | | ધનસુરા-મેઘરજ | | લુણાવાડા-ખેડાપા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | નં. | % | નં. | % | નં. | % | નં. | % | નં. | % | નં. | % | નં. | % | નં. | % |
| મહિલા ઘરનું નેતૃત્વમાં | 0 | 0 | 0 | 0 | 3 | 60 | 2 | 5.0 | 0 | 0 | 5 | 12.2 | 3 | 33 | 0 | 0 |
| ગરીબી રેખા | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 26 | 65.0 | 4 | 44 | 35 | 85.4 | 5 | 56 | 4 | 100 |

| **Vulnerable Category** | ડભોઈ-બોડેલી | | ધંધુકા-ધોલેરા | | આટકોટ-ગોંડલ | | મહેસાણા-હિંમતનગર | | ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ) | | બાયડ-લુણાવાડા | | ધનસુરા-મેઘરજ | | લુણાવાડા-ખેડાપા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | નં. | % | નં. | % | નં. | % | નં. | % | નં. | % | નં. | % | નં. | % | નં. | % |
| નીચે | | | | | | | | | | | | | | | | |
| અનુસુચિત આદિજાતિ | 4 | 100 | 0 | 0 | 1 | 20 | 2 | 5.0 | 3 | 33 | 1 | 2.4 | 1 | 11 | 0 | 0 |
| શારીરિક રીતે અપંગ | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 8 | 20.0 | 0 | 0 | 0 | 0.0 | 0 | 0 | 0 | 0 |
| ૬૦ વર્ષથી વધુ ઉંમરના | 0 | 0 | 0 | 0 | 1 | 20 | 2 | 5.0 | 2 | 22 | 0 | 0.0 | 0 | 0 | 0 | 0 |
| કુલ | **4** | **30.8** | **0** | **0** | **5** | **17.2** | 40 | 21.4 | **9** | **24** | **41** | 53.9 | **9** | **38** | **4** | **30.8** |
| **Total PAFs** | **13** | | **4** | | **29** | | **187** | | **38** | | **76** | | **24** | | **13** | |

સ્રોત: લાસા પ્રાથમિક સર્વે, *2012*

## *7.1.3. ઉંમર દીઠ વિગતો*

43. કુલ 2107 પ્રોજેક્ટથી અસરગ્રસ્ત લોકોમાં (PAPs), 22% 14 વર્ષથી નીચેની ઉંમરના છે અને 8% 60 વર્ષથી વધુ વયના છે, ઉંમર દીઠ, દરેક માર્ગની પ્રોજેક્ટથી અસરગ્રસ્ત લોકો (PAPs)ની વિગતો ટેબલ 7-3માં આપવામાં આવેલ છે.

### ટેબલ **7-3:** ઉમરદીઠ અસરગ્રસ્ત કુટુંબ:માર્ગ-દીઠ

| **Age Group** | ડભોઈ-બોડેલી | | | ધંધુકા-ધોલેરા | | | આટકોટ-ગોંડલ | | | મહેસાણા-હિંમતનગર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સ્ત્રી | પુરુષ | કુલ | સ્ત્રી | પુરુષ | કુલ | સ્ત્રી | પુરુષ | કુલ | સ્ત્રી | પુરુષ | કુલ |
| < 6 વર્ષ | 2 | 2 | 4 | 2 | 1 | 3 | 3 | 6 | 9 | 33 | 51 | 84 |
| 6-14 વર્ષ | 4 | 6 | 10 | 1 | 3 | 4 | 7 | 10 | 17 | 60 | 84 | 144 |
| 15-24 વર્ષ | 10 | 6 | 16 | 4 | 7 | 11 | 13 | 9 | 22 | 83 | 105 | 188 |
| 25-45 વર્ષ | 8 | 12 | 20 | 4 | 3 | 7 | 12 | 17 | 29 | 177 | 154 | 331 |
| 46-60 વર્ષ | 2 | 2 | 4 | 1 | 2 | 3 | 7 | 10 | 17 | 61 | 103 | 164 |
| > 60 વર્ષ | 2 | 1 | 3 | 0 | 2 | 2 | 4 | 4 | 8 | 33 | 27 | 60 |
| કુલ | **28** | **29** | **57** | **12** | **18** | **30** | **46** | **56** | **102** | **447** | **524** | **971** |
| **વય જૂથ** | **ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ)** | | | **બાયડ-લુણાવાડા** | | | **ધનસુરા-મેઘરજ** | | | **લુણાવાડા-ખેડાપા** | | |
| | સ્ત્રી | પુરુષ | કુલ | સ્ત્રી | પુરુષ | કુલ | સ્ત્રી | પુરુષ | કુલ | સ્ત્રી | પુરુષ | કુલ |
| 6-14 વર્ષ | 8 | 13 | 21 | 26 | 24 | 50 | 0 | 3 | 3 | 5 | 6 | 11 |
| 15-24 વર્ષ | 15 | 15 | 30 | 24 | 29 | 53 | 6 | 7 | 13 | 4 | 4 | 8 |
| 25-45 વર્ષ | 17 | 23 | 40 | 44 | 56 | 100 | 9 | 10 | 19 | 12 | 8 | 20 |
| 46-60 વર્ષ | 20 | 38 | 58 | 93 | 99 | 192 | 20 | 17 | 37 | 12 | 15 | 27 |
| > 60 વર્ષ | 6 | 14 | 20 | 59 | 61 | 120 | 13 | 10 | 23 | 6 | 9 | 15 |
| કુલ | 21 | 2 | 23 | 18 | 26 | 44 | 7 | 7 | 14 | 2 | 4 | 6 |
| | **87** | **105** | **192** | **264** | **295** | **559** | **55** | **54** | **109** | **41** | **46** | **87** |

સ્રોત: લાસા પ્રાથમિક સર્વે, *2012*

### 7.1.4. આવક પ્રમાણે વર્ગીકરણ

44. માસીક આવકનું પૃથ્થકરણ બતાવે છે કે અસરગ્રસ્ત વ્યક્તિઓ પ્રમાણમાં ઊંચી ટકાવારી (38%) રૂ.2001-5000ની આવક ધરાવે છે અને 19% અસરગ્રસ્ત વ્યક્તિઓ ની રૂ.14000 અને તેથી વધુ છે. માર્ગ દીઠ પૃથ્થકરણ પણ બતાવે છે કે PAPsની મોટાભાગની ટકાવારી રૂ. 2001-5000ની છે.

**ટેબલ 7-4: અસરગ્રસ્ત કુટુંબની માસિક આવક:માર્ગ દીઠ**

| આવક મર્યાદા | ડભોઈ-બોડેલી | | ધંધુકા-ધોલેરા | | આટકોટ-ગોંડલ | | મહેસાણા-હિંમતનગર | |
|---|---|---|---|---|---|---|---|---|
| | નં. | % | નં. | % | નં. | % | નં. | % |
| 2000થી ઓછી | -- | -- | -- | -- | 2 | 7 | 1 | 1 |
| 2001-5000 | 11 | 85 | -- | -- | 5 | 17 | 55 | 33 |
| 5001-8000 | 2 | 15 | 1 | 25 | 7 | 24 | 52 | 31 |
| 8001-11000 | -- | -- | 2 | 50 | 3 | 10 | 17 | 10 |
| 11001-14000 | -- | -- | -- | -- | 4 | 14 | 14 | 8 |
| 14001 અને વધુ | -- | -- | 1 | 25 | 8 | 28 | 28 | 17 |
| કુલ | **13** | **100** | **4** | **100** | **29** | **100** | **167** | **100** |
| આવક મર્યાદા | ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ) | | બાયડ-લુણાવાડા | | ધનસુરા-મેઘરજ | | લુણાવાડા-ખેડાપા | |
| | નં. | % | નં. | % | નં. | % | નં. | % |
| 2000થી ઓછી | 6 | 16 | 1 | 1 | -- | -- | -- | -- |
| 2001-5000 | 24 | 63 | 24 | 32 | 10 | 42 | 8 | 62 |
| 5001-8000 | 3 | 8 | 14 | 18 | 8 | 33 | 2 | 15 |
| 8001-11000 | 3 | 8 | 8 | 11 | 6 | 25 | 1 | 8 |
| 11001-14000 | -- | -- | 1 | 1 | -- | -- | 1 | 8 |
| 14001 અને વધુ | 2 | 5 | 28 | 37 | -- | -- | 1 | 8 |
| કુલ | **38** | **100** | **76** | **100** | **24** | **100** | **13** | **100** |

સ્રોત: લાસા પ્રાથમિક સર્વે, *2012*

### 7.1.5. કુટુંબદીઠ ખર્ચ

45. સરેરાશ માસીક કૌટુંબિક ખર્ચ, જેવા કે ખોરાક, શિક્ષણ, આરોગ્ય અને સ્થાનિક મુસાફરીના ખર્ચનો અભ્યાસ કરવામાં આવ્યો. તે આ પરિવારોની તેમની આવકના પ્રમાણમાં બહેતર આર્થિક સ્થિતિ બતાવે છે, ખોરાક પાછળ રૂ.2458 ખર્ચ કરવામાં આવે છે, જ્યારે શિક્ષણ પાછળ રૂ. 944 ખર્ચવામાં આવે છે. (ટેબલ 7-5).

**ટેબલ 7-5: વિવિધ જરૂરિયાતો પર સરેરાશ માસિક ઘરઘથ્થું ખર્ચ**

| માર્ગ | માસિક ખર્ચ | | | |
|---|---|---|---|---|
| | ખોરાક | શિક્ષણ | સ્વાસ્થ્ય | સ્થાનિક મુસાફરી |
| ડભોઈ-બોડેલી | 1918 | 150 | 214 | 155 |
| ધંધુકા-ધોલેરા | 3000 | 2400 | 2367 | 2700 |
| આટકોટ-ગોંડલ | 2800 | 2624 | 1306 | 1103 |

| માર્ગ | માસિક ખર્ચ | | | |
|---|---|---|---|---|
| | ખોરાક | શિક્ષણ | સ્વાસ્થ્ય | સ્થાનિક મુસાફરી |
| મહેસાણા-હિંમતનગર | 3318 | 618 | 470 | 428 |
| ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ) | 1791 | 321 | 310 | 179 |
| બાયડ-લુણાવાડા | 2694 | 697 | 343 | 371 |
| ધનસુરા-મેઘરજ | 2150 | 515 | 464 | 415 |
| લુણાવાડા-ખેડાપા | 1989 | 229 | 422 | 256 |
| કુલ | **2458** | **944** | **737** | **701** |

સ્રોત: લાસા પ્રાથમિક સર્વે, *2012*

### *7.1.6. શિક્ષણનું ચિત્ર*

46. કુલ અસરગ્રસ્ત વ્યક્તિઓ ની સંખ્યા સામે 26% માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ લીધું છે અને 9% પ્રોજેક્ટથી અસરગ્રસ્ત લોકો સ્નાતક છે. કુલ 53 લોકો ટેકનિકલ / વ્યવસાયીક રીતે લાયકાતો ધરાવે છે. જેમાંથી 46 મહેસાણા-હિંમતનગર (34) માર્ગ પર અને બાયડ-લુણાવાડા (12) માર્ગના વિસ્તારમાં રહે છે. આ વિસ્તારોમાં કેટલાક ઉદ્યોગો/કારખાના એકમો (ગેરેજ, કાસ્ટ-આર્યન બનાવનાર, સીમેન્ટના માળખા બનાવનાર વિગેરે) આવેલા છે, આ એકમો ખાસ કરીને મહેસાણા-હિંમતનગર માર્ગમાં રહે છે.

ટેબલ **7-6:** શિક્ષણનું પ્રોજેક્ટથી અસરગ્રસ્ત લોકોનું ચિત્ર : માર્ગ દીઠ

| શિક્ષણ | ડભોઈ-બોડેલી | | ધંધુકા-ધોલેરા | | આટકોટ-ગોંડલ | | મહેસાણા-હિંમતનગર | | ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ) | | બાયડ-લુણાવાડા | | ધનસુરા-મેઘરજ | | લુણાવાડા-ખેડાપા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | નં. | % | નં. | % | નં. | % | નં. | % | નં. | % | નં. | % | નં. | % | નં. | % |
| અભણ | 7 | 12.3 | 6 | 20 | 22 | 21.6 | 116 | 11.9 | 27 | 14.1 | 123 | 22.0 | 23 | 21.1 | 20 | 23.0 |
| પ્રાથમિક | 12 | 21.1 | 2 | 7 | 17 | 16.7 | 162 | 16.7 | 27 | 14.1 | 54 | 9.7 | 26 | 23.9 | 12 | 13.8 |
| મધ્ય શાળા | 18 | 31.6 | 3 | 10 | 0 | 0 | | 0.0 | 0 | 0 | 0 | 0 | 21 | 19.3 | 0 | 0 |
| ઉચ્ચ શાળા | 0 | 0 | 0 | 0 | 29 | 28.4 | 201 | 20.7 | 36 | 18.8 | 83 | 14.8 | 0 | 0 | 15 | 17.2 |
| માધ્યમિક | 16 | 28.1 | 5 | 17 | 26 | 25.5 | 271 | 27.9 | 61 | 31.8 | 120 | 21.5 | 20 | 18.3 | 25 | 28.7 |
| ઉચ્ચતર માધ્યમિક | 3 | 5.3 | 4 | 13 | 5 | 4.9 | 118 | 12.2 | 25 | 13.0 | 78 | 14.0 | 8 | 7.3 | 8 | 9.2 |
| ગ્રેજ્યુએશન અને વધુ | 1 | 1.8 | 8 | 27 | 2 | 2.0 | 69 | 7.1 | 14 | 7.3 | 89 | 15.9 | 9 | 8.3 | 7 | 8.0 |
| Technical | 0 | 0 | 1 | 3.3 | 1 | 1.0 | 6 | 0.6 | 2 | 1.0 | 7 | 1.3 | 2 | 1.8 | 0 | 0 |
| વ્યવસાય | 0 | 0 | 1 | 3.3 | 0 | 0 | 28 | 2.9 | 0 | 0 | 5 | 0.9 | 0 | 0 | 0 | 0 |
| કુલ | **57** | **100** | **30** | **100** | **102** | **100** | 971 | 100 | **192** | **100** | **559** | **100.0** | **109** | **100** | **87** | **100** |

સ્રોત: લાસા પ્રાથમિક સર્વે, *2012*

### *7.1.7. વ્યવસાયીક ચિત્ર*

47. વ્યવસાયીક ચિત્રનું પૃથ્થકરણ કરતાં જણાય છે કે 36% વ્યવસાયમાં જોડાયેલા પ્રોજેક્ટથી અસરગ્રસ્ત લોકો (PAPs) ખેતી કરે છે. (33% ખેડૂત અને 3% ખેત મંજૂર). 22% PAPs વ્યાપાર/વ્યવસાય સંબંધિત પ્રવૃત્તિ કરે છે. એવું જણાયું છે કે કેટલાક વ્યાપારી દુકાનો ધરાવનાર કુટુંબો પણ ખેતી વ્યવસાયમાં જોડાયેલા છે.

**ટેબલ 7-7: અસરગ્રસ્ત વ્યક્તિઓનું વ્યવસાય સંબંધિ ચિત્ર: માર્ગ દીઠ**

| વ્યવસાય | ડભોઈ-બોડેલી | | ધંધુકા-ધોલેરા | | આટકોટ-ગોંડલ | | મહેસાણા-હિંમતનગર | | ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ) | | બાયડ-લુણાવાડા | | ધનસુરા-મેઘરજ | | લુણાવાડા-ખેડાપા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **નં.** | **%** | **નં.** | **%** | **નં.** | **%** | **નં.** | **%** | **નં.** | **%** | **નં.** | **%** | **નં.** | **%** | **નં.** | **%** |
| કારીગરી | 1 | 6.25 | 0 | 0 | 2 | 3.8 | 9 | 3.7 | 5 | 9.3 | 2 | 1.0 | 1 | 2.9 | 0 | 0 |
| ખેડૂત | 2 | 12.5 | 4 | 44.4 | 19 | 35.8 | 58 | 23.8 | 11 | 20.4 | 91 | 46.7 | 21 | 61.8 | 5 | 19.2 |
| ખેત મજૂર | 2 | 12.5 | 2 | 22.2 | 3 | 5.7 | 22 | 9.0 | 1 | 1.9 | 8 | 4.1 | 9 | 26.5 | 1 | 3.8 |
| વેપાર/ધંધો | 10 | 62.5 | 3 | 33.3 | 9 | 17.0 | 87 | 35.7 | 5 | 9.3 | 19 | 9.7 | 0 | 0 | 4 | 15.4 |
| સરકારી નોકરી | 0 | 0 | 0 | 0 | 1 | 1.9 | 13 | 5.3 | 1 | 1.9 | 46 | 23.6 | 0 | 0 | 3 | 11.5 |
| ઔદ્યોગિક કામદાર શ્રમિક | 0 | 0 | 0 | 0 | 2 | 3.8 | 2 | 0.8 | 0 | 0 | 1 | 0.5 | 0 | 0 | 0 | 0 |
| ખાનગી નોકરી | 1 | 6.25 | 0 | 0 | 2 | 3.8 | 10 | 4.1 | 6 | 11.1 | 12 | 6.2 | 0 | 0 | 13 | 50.0 |
| અન્ય કાર્ય | 0 | 0 | 0 | 0 | 12 | 22.6 | 24 | 9.8 | 25 | 46.3 | 16 | 8.2 | 2 | 5.9 | 0 | 0 |
| ઘરકામ | 0 | 0 | 0 | 0 | 3 | 5.7 | 19 | 7.8 | 0 | 0 | -- | -- | 1 | 2.9 | 0 | 0 |
| કુલ | **16** | **100** | **9** | **100** | **53** | **100** | **244** | **100** | **54** | **100** | **195** | **100** | **34** | **100** | **26** | **100** |

સ્રોત: લાસા પ્રાથમિક સર્વે, *2012*

### *7.1.8. ઘરેલું મિલ્કતો ધરાવવી*

48. સર્વેમાં ઘરેલું મિલ્કતોની માહિતી એકત્ર કરવામાં આવી. જેવી કે ટેલીવિઝન, ટેલીફોન, રેફ્રીજરેટર, કમ્પ્યુટર્સ વિગેરે, જેથી કુટુંબની મિલ્કતો પર અસર પડે. વિગતો ચિત્ર 7-1માં આપવામાં આવેલ છે.




ચિત્ર **7-1:** ઘરેલુ મિલ્કતો **(% of Household) [n=384]**

## 8. અનુસૂચિત આદિજાતિ

49. ગુજરાતમાં, અનુસૂચિત વિસ્તારોમાં 43 આદિજાતી તાલુકા આવેલા છે, 15 પોકેટ્સ અને 4 કલસ્ટર આવેલા છે, જે 12 જિલ્લામાં પથરાયેલા છે. આ વિસ્તારો રાજ્યના સૌથી પછત વિસ્તારો છે; તે ડુંગરાળ

પ્રદેશ છે, જમીન પથરાળ છે, વરસાદ અનિયમિત છે, અને વનભૂમિ મોટા વિસ્તારમાં પથરાયેલા છે. આ 12 જિલ્લાઓ, પ્રોજેક્ટના માર્ગો ત્રણ જિલ્લાના એટલે કે મેઘરજ તાલુકા, જિલ્લો સાબરકાંઠો (ધનસુરા-મેઘરજ માર્ગ), સંતરામપુર અને કડાણા, જિલ્લો પંચમહાલ (લુણાવાડા-ખેડાપા માર્ગ) અને સંખેડા, વડોદરા જિલ્લો (ડભોઈ-બોડેલી માર્ગ). અનુસૂચિત જન જાતિઓ પર આ પ્રોજેક્ટની અસર ઘટાડવા અને રાષ્ટ્રીય, રાજ્ય અને વિશ્વ બેંકની સુરક્ષાની નીતિની પૂર્તતામાટે આદિજાતી વિકાસ આયોજન (TDP) તૈયાર કરવામાં આવેલ છે. માર્ગો જે અનુસૂચિત વિસ્તારોમાંથી પસાર થાય છે, તે વિસ્તારોમાટે આદિજાતી વિકાસ આયોજન (TDP) તૈયાર કરવામાં આવેલ છે.

## 8.1. અનુસૂચિત વિસ્તારોમાં અપનાવવામાં આવેલ અભિગમ

50. સામાજિક અસરોનું મૂલ્યાંકન (SIA)માં પ્રોજેક્ટની અસરો અંગે વિચારવામાં આવ્યું છે, ખાસ કરીને અનુસૂચિત વિસ્તારો પર (તાલુકા), જ્યાંથી પ્રોજેક્ટના માર્ગ પસાર થવાના છે, અને અનુસૂચિત જન જાતિઓ પર તેની કેવી અસર પડશે, તેનો અભ્યાસ કરવામાં આવ્યું. અનુસૂચિત જન જાતિ વિસ્તારોમાં કરવામાં આવેલા પરામર્શ અસર થવાની સંભાવના હોય તેવી તમામ વસ્તીનો સર્વેમાં અનુસૂચિત જન જાતિઓના ઘરોનો પણ સમાવેશ થાય છે, કરવામાં આવ્યો અને વળતર તેમજ પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R) સહાયનો અંદાજ કાઢવામાં આવ્યો.

51. અનુસૂચિત વિસ્તારોમાં કોઈ જમીન સંપાદન સૂચવવામાં આવેલ નથી. માર્ગોની ડિઝાઈન ઉપલબ્ધ રાઇટ ઑફ વે (RoW)ની મર્યાદામાં તૈયાર કરવામાં આવેલ છે, જેથી જમીન સંપાદન ન્યૂનતમ કરવું પડે, અને પુનર્વસનની અસરો પણ ન્યૂનતમ હદે ઘટાડી શકાય. પરિણામે અનુસૂચિત જન જાતિઓ પર જમીન સંપાદનના કારણે થનાર અસર અંગે વિચારવામાં આવેલ નથી, અનુસૂચિત વિસ્તારોમાં 17 દુકાનદારોને અસર થાય છે, જેઓ જમીન કે દુકાનના માલિક નથી. પરંતુ ગેરકાયદે દુકાનો બનાવી લીધી છે, જે રાઇટ ઑફ વે (RoW)ની હદમાં, વેપારી હેતુમાટેની છે. જેમાંથી 3 અનુસૂચિત જન જાતિના છે, જે રાઠવા કોમના છે. (ટેબલ 8-1). પુનર્વસન નીતિના માળખા (પુનર્વસનનું માળખું (RPF)) દ્વારા તેમના પર થનાર અસરના ઉપાયો કરવામાં આવી રહ્યા છે; આ નીતિમાં અનુ.જનજાતિઓને કમજોર વર્ગના ગણવામાં આવ્યા છે, અને તેમને વધારે સહાય આપવામાં આવે છે.

**ટેબલ 8-1: પાંચમા પરિશિષ્ટના વિસ્તારમાં અસરો : સંક્ષિપ્તમાં**

| માર્ગ | તાલુકા | સૂચિત ઉપાય | જમીન પર અસર | મિલ્કતો/બાંધકામો પર અસર |
|---|---|---|---|---|
| **ધનસુરા-મેઘરજ** | મેઘરજ | 2-લેન અસર વાળો માર્ગ (COI) – 16મીટર | કોઈ અસર નથી | 1 હેન્ડ પંપ |
| **લુણાવાડા-ખેડાપા** | સંતરામપુર-કડાણા | 2-લેન અસર વાળો માર્ગ | કોઈ અસર નથી | 4 દુકાનો બિન આદિવાસીઓની |

| | | | | |
|---|---|---|---|---|
| | | (COI) – 16મીટર | | |
| ડભોઈ-બોડેલી | સાનખેડા | 2-લેન અસર વાળો માર્ગ (COI) – 16મીટર | કોઈ અસર નથી | 3 દુકાનો (માલિકી હક નથી ) આદિવાસીઓની અને 10 દુકાનો (માલિકી હક નથી) બિન આદિવાસીઓની |

સ્રોત: લાસા પ્રાથમિક સર્વે, 2012

52. 3 અસરગ્રસ્ત કુટુંબમાં સભ્યોની કુલ સંખ્યા 10 છે, જેમાંથી એક નિરક્ષર છે, 4 સભ્યો એ પ્રાથમિક શિક્ષણ, અને હાઇસ્કૂલ કક્ષાનું શિક્ષણ લીધું છે. અને એક વ્યક્તિએ ઉચ્ચતર માધ્યમિક શાળાનું શિક્ષણ લીધું છે. એક કુટુંબ પાસે બે વીઘા જમીન છે અને બે અન્ય કુટુંબો પાસે જમીન નથી, એક વ્યક્તિ અપંગ છે.

## 8.2. વનના હકો અને સ્ત્રોતોની પ્રાપ્તિ પર અસર

53. વન અધિકાર અધિનિયમ, 2006 અનુસારઅનુસુચિત આદિજાતીઓને વનની જમીન ખેતીના હેતુમાટે ઉપયોગ કરવાનો અધિકાર છે, જંગલ વિસ્તારમાં આવેલ તળાવોમાં માછીમારી કરવાનો અધિકાર છે, ઈમારતી લાકડા સિવાયના વન ઉત્પાદનો પર અધિકાર છે, પશુઓને ચરાવવાનો અધિકાર ઇત્યાદી છે. સૂચિત માર્ગ સુધારણાના પ્રોજેક્ટથી અનુસૂચિત જન જાતિના આવા અધિકારો પર કોઈ અસર નહીં પડે, કારણ કે આ માર્ગો રાઇટ ઑફ વે (RoW)ની મર્યાદામાં બનાવવામાં આવશે. સામાજિક અસરોનું મૂલ્યાંકન (SIA) અને વિવિધ સ્તરે કરવામાં આવેલ પરામર્શ બેઠકો (રાજ્ય, જીલ્લા, તાલુકા, ગામ સ્તર), લુણાવાડા-ખેડાપા, ધનસુરા-મેઘરજ અને ડભોઈ-બોડેલીના પાંચમા પરિશિષ્ટના વિસ્તારો બતાવે છે કે, સૂચિત માર્ગ સુધારણા પ્રોજેક્ટથી STના કોઈ રિવાજ મુજબના હકોને અસર પહોંચતી નથી, જે લોકો સંતરામપુર, કડાણા અને સંખેડા તાલુકાઓમાં રહે છે. આદિજાતિઓની વસ્તી, મેઘરજ ગામમાં[12] પ્રોજેક્ટની અસરવાળા વિસ્તારમાં આવેલી નથી. તેમની સાથે કરવામાં આવેલ પરામર્શ પરથી જણાયું છે કે મેઘરજ ગામની ST વસ્તી શામળાજી-ગોધરા માર્ગ (SH-146)ની આસપાસ છે, જે સૂચિત પ્રોજેક્ટના માર્ગથી દૂર આવેલ છે, અને અનુસૂચિત સુધારણાથી તેમની ઉપર કોઈ અસર પડશે નહીં.

54. 51 ગામો પ્રોજેક્ટ માર્ગમાં આવેલા છે, જે, 4 તાલુકા (સંતરામપુર, કડાણા, મેઘરજ અને સંખેડા)નો ભાગ છે, તેમાંથી 32 ગામો અનુસૂચિત વિસ્તારનો ભાગ છે. પ્રોજેક્ટના માર્ગ આ 51 ગામોના આરક્ષિત વનવિસ્તારમાંથી પસાર થાય છે. FRA, 2006ની જોગવાઈઓ મુજબ આ માર્ગના 32 ગામો પૈકી દરેક ગામમાટે માર્ગ અને મકાન વિભાગ ગ્રામસભાની મીટીંગો બોલાવવાની કામગીરી કરી રહી છે. જેમાં વૃક્ષો કાપવા/આરક્ષિત જંગલો બાબતે ઠરાવ કરવામાં આવશે. આ કામગીરી કરતા પહેલાં એ વાતની ખાતરી

[12] મેઘરજ તાલુકામાં આવેલ મેઘરજ ગામ, પાંચમી અનુસૂચિ વાળો વિસ્તાર છે.

કરવામાં આવશે કે, (i) એ વિસ્તારમાં એવા લોકો નથી રહેતા, જેમનો વન ઉત્પાદનો પર અધિકાર હોય. અને (ii) અનુસૂચિત જન જાતિના વન પરના કોઈ માન્ય અધિકાર ન હોય.

### *8.2.1. ગુજરાતમાં ઘોષિત થયેલી અનુસૂચિત આદિ જાતિઓ અને પ્રોજેક્ટ વિસ્તારમાં તેમના પર અસર*

55. જાહેરનામા ક્રમાંક : એજેએસ/2003 /20 જીઓઆઈ/ 23/ ચ. તા. 05/09/2003ના જાહેરનામાથી ગુજરાતમાં 24 જાતિઓને જન જાતિ તરીકે ઘોષિત કરવામાં આવેલા છે. ગુજરાતની 24 અનુસૂચિત જન જાતિઓ પૈકી જેવી કે ભીલ, ધનકા, દુબળા, ગામીત, કોલી ઢોર, નાયક, પટેલીયા, રાઠવા અને છોટા ઉદેપુરના વાર્લી, જેતપુર પાવી, ડભોઈ, સંખેડા, કડાણા અને સંતરામપુર તાલુકાઓમાં વસે છે.

### *8.2.2. આદીમ જાતિઓના જૂથ*

56. ભારત સરકારે 75 અનુસૂચિત આદિ જાતિઓને પ્રાચીન આદિમજાતિ કોમો (PTG) તરીકે જાહેર કરી છે, આ જાતિઓ 15 રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ફેલાયેલી છે. PTGના લક્ષણો છે કે તે નાના-નાના સમૂહોમાં વસે છે, અને તેમની જાતિ લુપ્ત થઈ રહી છે, પછાતપણું અને સમાજથી અલગ-થલગ રહેવું, ખેતીમાટે પ્રાચીન પદ્ધતિઓનો ઉપયોગ કરવો, અને શિક્ષણનું પ્રમાણ નહિંવત છે. ગુજરાત સરકારે[13] પાંચ આદિજાતિઓને આદિમ જૂથ તરીકે જાહેર કરી છે, તે છે કોલઘા, કથોડી, કોટવાલીયા, પઠાર અને સિદ્દી. સિદ્દી કોમને છેલ્લા જાહેરનામા ક્રમાંક: એજેએસ/2003/20 જીઓઆઈ/23/ચ. સચિવાલય, ગુજરાત સરકારના તા. 05/09/2003ના જાહેરનામાથી રદ કરવામાં આવેલ છે. આદિમજાતિ કોમવાળા ૮૧ સિદ્દી પરિવારો આટકોટ-ગોંડલ માર્ગ પર આવેલ છે. જોકે સિદ્દી[14] કોમને, સૂચિત માર્ગ સુધારણા પ્રોજેક્ટથી કોઈ અસર થતી નથી. ગોંડલમાં પરામર્શ બેઠકોમાં સિદ્દી જાતિના સભ્યોએ પણ ભાગ લીધો હતો.

### *8.2.3. ગુજરાત સરકાર તરફથી આદિજાતિ વિકાસના અમલ થઈ રહેલા કાર્યક્રમો*

57. ગુજરાત સરકાર દ્વારા આદિજાતિઓના વિકાસમાટે વ્યાપક કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે, જેને વનબંધુ કલ્યાણ યોજના અથવા મુખ્યમંત્રીશ્રીનો 10 મુદ્દાનો કાર્યક્રમ કહેવામાં આવે છે. આ કાર્યક્રમ વર્ષ 2007માં શરૂ કરવામાં આવેલ છે, જેનો હેતુ ઊંચી ગુણવત્તા વાળા સામાજીક અને નાગરિક માળખાઓ તૈયાર કરવાનો છે, અને ટાકુ રોજગારની તકો ઊભી કરવી જેથી દરેક આદિજાતિ પરિવારની આવક, પાંચ વર્ષમાં બે ગણી થઈ શકે. આ કાર્યક્રમ 43 સંકલિત આદિજાતી વિકાસ યોજના (ITDP) તાલુકાઓમાં

13 Source: http://guj-tribaldevelopment.gov.in/downloads/ptg_development_plan_website.pdf, accessed on date 25.02.2012

14 ગુજરાત રાજ્યમાં ફક્ત સિદ્દી જાતિ એવી કોમ છે, જે તેમના શારીરિક દેખાવમાં નીગ્રો જાતિની જણાય છે. તેમનો બાંધો ઊંચો અને મજબુત હોય છે. ઘૂંઘરાળુ કાળા વાળ અને જાડા હોંઠ પરથી તેઓ આફ્રીકન જેવા લાગે છે. એવું માનવામાં આવે છે કે તેમને ભારતમાં પોર્ટુગીઝ લોકો ગુલામ તરીકે લઈ આવ્યા હતા. અને તેઓ સિદ્દી બાદશાહ તરીકે પણ ઓળખાય છે.

અમલમાં છે. વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગુજરાત સરકારે વિવિધ વિકાસ પ્રોજેક્ટ હાથ ધર્યા છે. જે સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેક્ટ અથવા ટ્રાઈબલ સબ પ્લાન તરીકે ઓળખાય છે. GSHP-II માર્ગના વિસ્તારમાં નીચે મુજબના કાર્યક્રમના આદિજાતિ તાલુકાઓમાં હાથ ધરવામાં આવે છે :

- ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં કૃષિ પદ્ધતિમાં પરિવર્તનનો પ્રોજેક્ટ;
- નાણાકીય ફાળવણીમાટે નવી ગુજરાત પેટર્ન;
- એકલવ્ય મોડેલની નિવાસી શાળાઓ;
- આશ્રમ શાળાઓ;
- આદર્શ નિવાસી શાળાઓ;
- પ્રોજેક્ટ સન-શાઈન[15]; અને
- આદિજાતિ વિસ્તારોમાં સંકલિત ડેરી વિકાસ પ્રોજેક્ટ (IDDP)[16];
| | ભાગીદારો | | | ગુમાવનાર કુટુંબના – તાલીમનો ખર્ચ વધુમાં વધુ રૂ. ૧૫,૦૦૦/- મર્યાદામાં પ્રોજેક્ટ અમલીકરણ એજન્સી દ્વારા ઉપાડવામાં આવશે. (અથવા)<br>2. ઉચ્ચક નાણાકીય સહાય ૬ મહિનાના લઘુત્તમ વેતન મુજબની આર્થિક સહાય (મહિનાના ૨૫ દિવસ પ્રમાણે ગણવા) જે લોકોને આજીવિકા માટે તાલીમ આપી શકાય તેમ ન હોય અથવા વૈકલ્પિક રોજગાર પૂરો પડી શક્ય તેમ ન હોય. | o શિક્ષણ વિભાગ – ગુજરાત સરકાર (મહિલાઓ માટે સ્વરોજગારી કાર્યક્રમ).<br>o આદિજાતિ વિકાસ વિભાગ – ગુજરાત સરકાર (વનબંધુ કલ્યાણ યોજના).<br>o સામાજિક અને અધિકારિતા વિભાગના આર્થિક વિકાસ કોર્પોરેશન (અનુસુચી સ્રોતો મહિલાઓના નામે આર્થિક ઉત્કર્ષમાટેની યોજના<br>o ગ્રામ વિકાસ કમિશ્નર ગુજરાત સરકાર.<br>2.પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU) સમયાંતરે તાલીમ કાર્યક્રમની સફળતાની સમીક્ષા કરશે અને જરૂર જણાયે સુધારો સૂચવશે અને જરૂર જણાયે બીજા વિભાગો સાથે સંકલન કરશે. |
| 6A | સામુદાયિક મિલકતો | સામુદાયિક મિલકતો ગુમાવવી | સમુદાયો | 1. સાંસ્કૃતિક મિલકતો શક્ય તેટલી સાચવવામાં આવશે (ખાસ સુરક્ષા, તેનું પુનઃ સ્થાપન કરવું) અને તેમ કરવામાં જેતે સમુદાયનું પરામર્શ કરવામાં આવશે.<br>2. સુરક્ષાના પુરતા ઉપાય ખાસ કરીને પગે ચાલનારા રાહદારીઓ અને બાળકો સામુદાઈક સહિયારા સ્થળોનું કુદરતી સૌન્દર્ય વધારવુંને,સુધારેલ ગટર વ્યવસ્થા,માર્ગની બાજુમાં આરામ સ્થળોનો હાઈવે ની ડિઝાઈનમાં સમાવેશ કરવામાં આવશે. | |
| 7A | અનુસુચિત જનજાતિ | જમીન, | ઘરગથ્થું | 1. લોક વળતર છેલ્લી જંત્રીની કિંમત અનુસાર જો | |

| કોડ | પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ ની કક્ષા | અસરનો પ્રકાર | મળવા પાત્ર એકમો | મળવાપાત્ર | ટીપ્પણી |
|---|---|---|---|---|---|
| | | બાંધકામ અથવા બંને ગુમાવવા | | છેલ્લી જંત્રીની કિંમત બજાર ભાવ પ્રમાણે ઓછી હોય તો વધારાની રોકડ રકમ છેલ્લી જંત્રીની કિંમત કરતાં દોઢી ગણા વળતર તરીકે આપવામાં આવશે.<br>2. કમજોર વર્ગમાટેની સહાય.<br>3. વધારાનો આર્થિક સહાય એક વખત ૫૦૦ દિવસનું લઘુત્તમ ખેતી ભથ્થું. અને જંગલના ઉત્પાદનનો પરમ્પરાગત અધિકાર. | |
| 8A | વિક્ષેપ | હંગામી અસરો | માલિકો | • RoWની બાહર બાંધકામની પ્રવૃત્તિઓ માટે જમીન અથવા અન્ય મિલકતોના હંગામી ઉપયોગનું વળતર કો કોન્ટ્રેક્ટર દ્વારા ચુકવવામાં આવશે.આવી જમીન કે બાંધકામ નો ઉપયોગ અને કામ પુરું થયા બાદ તે પરત કરવા બાબતે કોન્ટ્રેક્ટર અને તેવી જમીન કે બાંધકામના માલિક સાથે લેખિત કરાર કરવાનો રહેશે .<br>• જ્યાં જરૂરી **હશે** કામચલાઉ પ્રવેશ આપવામાં **આવશે** | Cજમીન સંપાદન અધિનિયમ use 111માં જણાવ્યા મુજબ પર્યાવરણની સુરક્ષામાટે બીડ/ફરજોના દસ્તાવેજોમાં ટેકનીકલ વિગતો આપવામાં આવશે. |
| 9A | આકસ્મિક અસરો | | | 1. આકસ્મિક અસરોને પહોંચી વળવા રકમ રાખવામાં આવશે અને નીતિના સિદ્ધાંતો અનુસાર તેના ઉપાયો કરવામાં આવશે | |

## 12.4. *ભાવાંકના આધારે રકમ નક્કી કરવી*

86. વળતરની રકમ નક્કી કરવામાટે, નાણાકીય સહાયનું જે વાસ્તવિક મૂલ્ય હોય, તેના દર, વાર્ષિક ધોરણ અમલીકરણના સમય દરમ્યાન સુધારવાના રહેશે. દર સુધારવાની તારીખ દર વર્ષે ૧લી એપ્રિલ રહેશે. નાણાકીય વળતર અને સહાયની રકમ નક્કી કરવાના ધોરણો, (i) વળતરની રકમ છેલ્લામાં છેલ્લી નક્કી કરવામાં આવેલ જંતરીના આધારે હશે; (ii) બાંધકામ / મિલ્કતોમાટે વળતરનો આધાર શેડ્યુલ ઑફ રેટ્સ/દરોનું પરિશિષ્ટ રહેશે; અને (iii) ભથ્થાં અને સહાય ગ્રાહક ભાવાંકના આધારે નક્કી કરવામાં આવશે(CPI).

## 12.5. વસ્તી અને સામાજીક આર્થિક સર્વે : કાર્યપદ્ધતિ પ્રોજેક્ટ માર્ગના

87. પ્રોજેક્ટ માર્ગના પ્રોજેક્ટથી અસરગ્રસ્ત પરિવારો (PAFs)નું 100% સર્વે કરવામાં આવશે, જેઓ સર્વેના સમયગાળા દરમ્યાન પ્રોજેક્ટ માર્ગોના વિસ્તારમાં હાજર હશે. સેન્સસ સર્વેની અંતિમ તારિખ PAP/PAFમાટેની કટ ઑફ તારિખ હશે, જે તેમની પ્રોજેક્ટની અસરવાળા માર્ગમાં તેમની હાજરી પ્રસ્થાપિત થશે. સેન્સસ સર્વે ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ ડિઝાઈનના આધારે કરવામાં આવશે. સામાજીક-આર્થિક સર્વે SIAના અભ્યાસના પરિણામોના આધારે કરવામાં આવે.

## 12.6. લોકો સાથે પરામર્શ

88. વ્યક્તિ અને સમૂહ પરામર્શ SIA, RAP અને TDPના ભાગ તરીકે કરવામાં આવશે, તેનો હેતુ પ્રોજેક્ટથી અસરગ્રસ્ત લોકોની જરૂરિયાતો અને સમસ્યાઓ સમજવામાટે કરવામાં આવશે. તેમાં વિવિધ પ્રશ્નો જેવા કે પ્રોજેક્ટની અસરો, વૈકલ્પિક ડિઝાઈનના વિકલ્પો, વળતર, સહાય, પુનર્વસનના વિકલ્પો, પ્રોજેક્ટનું મૂલ્ય વર્ધન વિગેરે બાબતો અંગે નિર્ણય લઈ શકાશે. અસરગ્રસ્ત વસ્તીના સંબંધિત સમૂહો સાથે પરામર્શ કરવામાં આવશે, જેમાં મહિલાઓનો સમૂહ, અનુસૂચિત જન જાતિ, ખેડૂતો અને ખેત મજૂરો વિગેરે સાથે પરામર્શ કરવામાં આવશે. અસરગ્રસ્ત મિલ્કતોમાટે સમુદાયો સાથે પરામર્શ કરવામાં આવશે, અને તેમને અસરના પ્રકારની વિગતો આપવામાં આવશે. (કોઈ અસર નથી, અંશતઃ અસર છે કે પૂરેપૂરી અસરગ્રસ્ત છે.) અને તેમના બચાવમાટેના ઉપાયોમાટે તેમના પ્રતિભાવ મેળવવામાટે અને બધાને પરામર્શની તારીખ, સ્થળ અને સમયની અગાઉથી જાણ કરવામાં આવશે, અને તેમની હાજરી, હાજરીપત્રકના નમૂનામાં રેકર્ડ રૂપે રાખવામાં આવશે. બધી જાહેર સભાઓનો રેકર્ડ રૂપે રાખવામાં આવશે, જે લોકો અને હિત ધરાવનારાઓ સાથે કરવામાં આવશે, જેમાં સરકારી અધિકારીઓનો પણ સમાવેશ થાય છે.

આ પરામર્શને લગતા દસ્તાવેજો RAP સાથે જોડવામાં આવશે. જાહેર ઘોષણાના પ્રસંગે ઘોષણાની વિગતો/નોટીસ, જેમાં આવી ઘોષણાની વિગતોની નકલ પણ દસ્તાવેજોમાં સામેલ કરવામાં આવશે.

## 12.7. પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R) અમલીકરણની વ્યવસ્થા

### *12.7.1. પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થાપન એકમો (ESMU)*

89. ESMU કાર્યપાલક ઈજનેરના વડપણ નીચે કામ કરશે. અને પુનર્વસન અને પુનઃસ્થાપન અંગેની બધી કામગીરી પ્રવૃત્તિઓમાટે જવાબદાર રહેશે. મુખ્ય વર્લ્ડ બેંક પ્રોજેક્ટ પર પ્રોજેક્ટની સંપૂર્ણ જવાબદારી રહેશે. તેમને અધિક્ષક એન્જિનિયર કામગીરીમાં મદદ કરશે. કાર્યપાલક ઈજનેરને પર્યાવરણ વિશેષજ્ઞ અને સામાજીક વિશેષજ્ઞ સહાય કરશે. ESMUની કચેરી માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર ખાતે રહેશે. ક્ષેત્રીય વિભાગમાં[21] દરેક જગ્યાએ એક કાર્યપાલક એન્જિનિયરની જવાબદારી E&Sની પ્રવૃત્તિઓમાટે રહેશે.

**<u>રાજ્ય કક્ષાએ કાર્યપાલક એન્જિનિયરની ભૂમિકા અને જવાબદારીઓ :</u>**

- પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU), ક્ષેત્રિય કર્મચારીઓ, એન્જિનિયરિંગ અને મહેસુલ અધિકારીઓ પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R)ની પ્રવૃત્તિઓના અમલીકરણમાટે સંકલનની કામગીરી કરશે;
- પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R)ની પ્રવૃત્તિઓમાટે બજેટની વ્યવસ્થા કરાવશે;
- RAPના અમલીકરણમાટે સ્વૈચ્છિક સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેક માઈક્રો પ્લાન્સને મંજૂર કરશે;
- પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R)ની પ્રગતિ પર અને જમીન સંપાદનની કામગીરી પર જે સ્વૈચ્છિક સંસ્થા અને M&Eના પરામર્શ કરતાઓની કામગીરી પર દેખરેખ રાખશે;
- પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R)ના અમલ અંગે સમયાંતરે બેઠકો રાખશે, અને વિભાગીય કચેરીઓની પ્રવૃત્તિઓની સમીક્ષા કરશે.

90. સંબંધિત વિભાગીય કચેરીઓ, તેમના જિલ્લામાંથી પસારથતા માર્ગમાટે જે ફિલ્ડ સ્તરે આવેલ છે, તે PIUને પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R)ની પ્રવૃત્તિઓમાં સહાય કરશે.

**<u>જીલ્લા સ્તરે વિભગીય અધિકારીઓની ભૂમિકા અને જવાબદારીઓ;</u>**

- સમગ્ર પ્રોજેક્ટ ચક્રમાં લોકોની ભાગીદારીની ખાતરી રાખશે;
- માઈક્રો પ્લાનની ચકાસણી કર્યા બાદ પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU),ની મંજૂરીમાટે મોકલી આપશે;
- સ્વૈચ્છિક સંસ્થા અને M&E પરામર્શ દ્વારા પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R) અને જમીન સંપાદન બાબતે દેખરેખમાં પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU),ને સહાય કરશે;
- પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R)ના અમલ અંગે સમયાંતરે બેઠકો રાખશે અને પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU),ને અહેવાલ આપશે.

[21] માર્ગ અને મકાન વિભાગના ક્ષેત્રિય ડિવીઝન, રાજકોટ, મહેસાણા અને વડોદરામાં આવેલા છે.

91. સામાજીક નિષ્ણાત કાર્યપાલક એન્જિનિયરને સહાય કરશે. સામાજીક નિષ્ણાતને ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ હાઇવે પ્રોજેક્ટના પુનર્વસન અને પુન:સ્થાપન (R&R)ની કામગીરીનો હોવો જોઈએ.

**<u>રાજ્ય કક્ષાએ સામાજીક નિષ્ણાતની ભૂમિકા અને જવાબદારીઓ</u>**

- અધિક્ષક એન્જિનિયરને પુનર્વસન અને પુન:સ્થાપન (R&R)ની કામગીરીમાં સહાય કરશે.
- જમીન સંપાદન અને પુનર્વસન અને પુન:સ્થાપન (R&R)માં જિલ્લા વહિવટ તંત્ર સાથે સંકલન કરશે. અને મહેસુલ વિભાગ અને ESMUનાસભ્યો સાથે સંકલન અને અનુવર્તી કારવાઈ કરશે.
- અસરોના મૂલ્યાંકનમાટે બહારની એજન્સીની નિમણૂકમાં અને સ્વૈચ્છિક સંસ્થા દ્વારા થતા કામની સમગ્ર રીતે દેખરેખમાં સહાય કરશે.
- સ્વૈચ્છિક સંસ્થાને તાલીમ આપવી-કલાસ-રૂમમાં અને સ્થળ પર.
- સ્વૈચ્છિક સંસ્થા દ્વારા રજુ કરવામાં આવેલ અહેવાલ અને દસ્તાવેજોની સમીક્ષા.
- માર્ગ અને મકાન વિભાગના  કર્મચારીઓને સામાજીક પાસા અને વ્યવસ્થાપન અને અહેવાલ આપવામાટે તાલીમ આપશે.
- વિશ્વ બેંક અને ગુજરાત સરકારમાટે સામાજીક પાસાઓ અંગે અહેવાલ તૈયાર કરવા
- વિશ્વ બેંક અને ગુજરાત સરકારમાટે સમયાંતરે પ્રગતિ અહેવાલો તૈયાર કરવા
- કેસની વિગતોનો રેકર્ડ તૈયાર કરવો
- ચેકલીસ્ટ, માર્ગદર્શિકા, અને સામાજીક વ્યવસ્થાપનના પાસાઓ પર અહેવાલના નમૂના તૈયાર કરવા.
- RAPની કાર્યવાહીની સંમરી ગુજરાત ભાષામાં તૈયાર કરવી અને તેને હિત ધરાવનારાઓને અને પ્રોજેક્ટના માર્ગમાં મહત્વની જગ્યાએ વહેંચણી / જાહેરમાં મૂકવી.
- સ્વૈચ્છિક સંસ્થા સાથે પુનર્વસન અને પુન:સ્થાપન (R&R)ની પ્રગતીની સમીક્ષામાટે અને SE અને CEના અહેવાલમાટે પખવાડિક બેઠકોનું આયોજન કરવું..
- સ્વૈચ્છિક સંસ્થા દ્વારા રજુ કરવામાં આવેલ માઈક્રોપ્લાનની અને માસિક પ્રગતિ અહેવાલની સમીક્ષા કરવી.

**<u>જિલ્લા કક્ષાએ સામાજીક નિષ્ણાતની ભૂમિકા અને જવાબદારીઓ</u>**

- લોક પરામર્શની બેઠકોમાં ભાગ લેવો.
- સામાજીક પ્રશ્નોના વિવાદો હલ કરવા અને તેનું વ્યવસ્થાપન.
- સામુદાયિક મિલ્કતો અને મંદિરોના પુનર્સ્થાપનમાટેની જગ્યાઓના કેસોમાં સહાય કરવી.
- સામુદાયીક વિકાસ આયોજન પર દેખરેખ રાખવી.
- જિલ્લા વહીવટીતંત્ર સાથે સંકલન કરવું અને સંબંધિત વિભાગો સાથે સંકલન કરવું જેથી સરકારની સામાજીક સુરક્ષાની યોજનાઓ જે પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP)ના સામાજીક-આર્થિક વિકાસમાટે છે, તેનું યોગ્ય રીતે અમલ થાય.
- પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP) કક્ષાનું ડેટાબેઝ તૈયાર કરવું અને તે જાળવવું, જેમાં નુકસાન, વળતર, પુનર્વસન અને પુન:સ્થાપન (R&R), મળવા પાત્ર અધિકારો, ફંડ મુક્તકરાવવું, અને ફંડનો ઉપયોગ વિગેરેનું સમાવેશ થતો હોય.
- સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ઓળખવામાં આવેલા પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP)ની ફેર ચકાસણીમાં સહાય કરવી.

- વ્યક્તિગત મળવાપાત્ર લાભો / વળતર, સ્વૈચ્છિક સંસ્થા અને પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU),ના સંકલનમાં આખરી કરવા.
- સ્વૈચ્છિક સંસ્થા દ્વારા રજુ કરવામાં આવેલા ઓળખપત્રોની ચકાસણી કરવી.
- સ્વૈચ્છિક સંસ્થા અને પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU), સાથે ઓળખપત્રોની વહેંચણીમાં ભાગ લેવો.
- સ્વૈચ્છિક સંસ્થા દ્વારા રજુ કરવામાં આવેલ પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP)ની તાલીમની વિગતોની ફેર ચકાસણી કરવી.
- બદલીભથ્થું, નિર્વાહભથ્થું અને તાલીમભથ્થાની વહેંચણીમાં સંબંધિત વિભાગો સાથે સંકલન કરવું.
- RAP હેઠળ નોટીફીકેશનની કામગીરીમાં સંબંધિત વિભાગો સાથે સહાય અને સંકલન કરવું.
- પુનર્વસનના કેસમાં રાજ્ય રોડ પ્રોજેક્ટ ડિવીઝન અને સંબંધિત સરકારી વિભાગો સાથે સહાય અને સંકલન કરવું.
- સામાજીક-આર્થિક સર્વેનું સુપરવીઝન કરવું.
- સ્વૈચ્છિક સંસ્થા સાથે ક્ષેત્રિય કામગીરીમાં અને ફરિયાદ નિવારણમાં સહાય કરવી.
- મિલ્કતોના બજાર ભાવ મેળવવાની કાર્યપદ્ધતિમાં સહાય કરવી.
- એવા પરિવારો જેઓ એ જમીન ગુમાવી છે, તેમના સામાજીક-આર્થિક ડાટાબેઝ તૈયાર કરવામાં ટેકનીકલ સહાય પૂરી પાડવી. ચિત્ર 12-1માં




ચિત્ર **12-1:** અમલીકરણની વ્યવસ્થા

92. સામાજીક સમસ્યાઓના વ્યવસ્થાપનમાટે સૂચિત અમલીકરણ વ્યવસ્થા આપવામાં આવેલ છે.

### *12.7.2. મહેસુલ વિભાગની ભૂમિકા*

93. જાહેર હેતુમાટે જમીન સંપાદન કરનાર સંસ્થાએ જમીન સંપાદનમાટે સંબંધિત જીલ્લાના કલેક્ટરને અરજી કરવાની રહેશે. અને આવી જમીન સંપાદનમાટેની અરજી કલેક્ટર સંબંધિત જમીન સંપાદન અધિકારીને મોકલશે. આવી અરજી મળતાં જમીન સંપાદન અધિકારી (LAO ) )પ્રાથમિક તપાસ કરશે. જમીન સંપાદનની કાર્યવાહી કલમ 4(1) હેઠળ જાહેરનામું બહાર પાડીને શરૂ કરવામાં આવશે. સર્વે અને તપાસ કલમ 4(2) કરવામાં આવશે. કલમ 5-એ હેઠળ વાંધા સૂચનો મંગાવવામાં આવશે, ત્યારબાદ વાંધાઓની સુનાવણી રાખવામાં આવશે, અને કલેક્ટર સરકારને અહેવાલ મોકલશે. કલમ 6 હેઠળ સરકારી

રાજપત્રમાં ડિકલેરેશન પ્રસિદ્ધ થશે, અને સાથે બે દૈનિક સમાચારપત્રો, જે સંબંધિત વિસ્તારના આગેવાન સમાચારપત્રો હોય તેમાં પ્રોજેક્ટની જમીનનું વાસ્તવિક લોકેશન/સ્થળ બતાવવામાં આવશે. જમીન સંપાદન અધિકારી(LAO **),** જમીન સંપાદનમાટેના હુકમો સરકારપાસેથી કલમ 7 હેઠળ મેળવશે અને કલમ 8 હેઠળ જમીનની માપણી કરવામાં આવશે**,** અને કલેક્ટર દ્વારા વળતરની દરખાસ્ત (કલમ 11 થી 13) કરશે અને જમીનનો કબ્જો કલમ 16 હેઠળ ત્યારબાદ લેવામાં આવશે..

94. આ કામગીરીમાં PIU અને જમીન સંપાદન અધિકારી(LAO ) સાથે મળીને જમીનની તપાસ કરશે જેનામાટે PIU સગવડ કરી આપશે. કોઈપણ જાતનું વિલંબ નિવારવા, એવું સૂચવવામાં આવે છે કે PIU કોઈ નિષ્ણાતને કામે રાખી શકે છે, જે જમીન સંપાદનના કામના જાણકાર હોય અથવા સ્વૈચ્છિક સંસ્થાની સેવાઓનો ઉપયોગકરી શકશે, જેઓ જેતે વિસ્તારની RAPની કામગીરી કરતા હોય. અસરવાળી જમીનમાં આવેલ મિલ્કતોના મૂલ્યાંકન, સંબંધિત વિભાગો દ્વારા કરવામાં આવશે.

95. માલિકોમાટે જમીન અને મિલ્કતોના વળતરમાટે (માલિક ન હોય તેમની ફક્ત મિલ્કતો) વહેંચણી મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવશે. પુનર્વસન અને પુન:સ્થાપન (R&R) સહાય, જોગવાઈઓ મુજબ મળવાપાત્ર હોય તેવું વળતર માલિકી હક ધરાવનારાઓ અને માલિકી હક નહીં ધરાવનારાઓમાટે પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU), વહેંચવામાં આવશે.

## 12.8. સ્વૈચ્છિક સંસ્થા દ્વારા પ્રોજેક્ટના અમલની કામગીરીમાં સહાય

96. વિશ્વ બેંકની કામગીરી નીતિમાં[22] જણાવ્યા મુજબ, GSHP-II, માં સ્વૈચ્છિક સંસ્થાને RAPના અમલની કામગીરીમાં સામેલ રાખવામાં આવ્યાછે. સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકા અને જવાબદારીઓ સંક્ષિપ્તમાં નીચે મુજબ છે :

- PAPને સંભવિત વિપરીત અસરો સમજાવવી અને તેના નિવારણના ઉપાયો સમજાવવા અને પુનર્વસન અને પુન:સ્થાપન (R&R) હેઠળ તેમનેમળવાપાત્ર વળતર/સહાય અંગેસમજણ આપવી;
- જાણકારીમાટેનું સાહિત્ય, જેમાં RAPનેલગતા અને અન્ય પાસાને લગતા પેમ્ફલેટ વહેંચવા;
- પુનર્વસન અને પુન:સ્થાપન (R&R)ની કામગીરીનો આરંભ થાય ત્યારે ESMUને લોકોમાં જાગૃતિ ફેલાવવાના અભિયાનમાં સહાય કરવી;
- માઈક્રો પ્લાન તૈયાર કરવો;
- ESMU દ્વારા આયોજીત કરવામાં આવેલ બેઠકોમાં ભાગ લેવો;
- RAPના અમલમાં સહાય કરવી;
- PAFsના ઓળખપત્રો તૈયાર કરવા અને આપવા;

[22] પરિશિષ્ટ એ : અનિચ્છાએ પુનર્વસન દસ્તાવેજ, OP 4.12 ધી વર્લ્ડ બેંક ઓપરેશન મેન્યુઅલ, ડિસેમ્બર, 2001.

- વ્યક્તિગત પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP)માટે સંયુક્ત બેંક ખાતા (પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP) અને તેના પતિ-પત્ની) ખોલાવવામાં સહાય કરવી;
- પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP) ને વળતર મેળવવામાં મદદ કરવી,કમજોર વર્ગો પર વધારે ધ્યાન આપવું,જેથી તેમણે તેમના લહેણા સમયસર મળે.
- વળતરની અને પુનર્વસન અને પુન:સ્થાપન (R&R) ગ્રાન્ટની રકમના લાભકારક ઉપયોગ અંગે લોકોમાં જાગૃતિ લાવવી;
- સ્રોતોના આધાર અને અન્ય તકોની જાણકારી સમજાવવી જેથી તેઓ પૂરી જાણકારી સાથે પોતાનો વિકલ્પ પસંદ કરી શકે અને પોતાના વિકાસમાં ભાગ લઈ શકે;
- કમજોર પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP)ને તેમના વળતર અને પુનઃ સ્થાપનના અધિકાર બરાબર મળે તેની ખાતરી રાખવી;
- ESMUને માસિક પ્રગતિ અહેવાલ રજુ કરવો;
- પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP)ની રોજગાર કુશળતામાટેની તાલીમની જરૂરિયાત તૈયાર કરવી; અને
- એ વાતની ખાતરી રાખવી કે પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP) ની ફરિયાદો અને મુશ્કેલીઓ ફરિયાદ નિવારણ સમિતિ સામે મૂકવામાં આવે અને તે સમસ્યાનો નિકાલ થાય.

## 12.9. ફરિયાદ નિવારણ સમિતિ

97. પ્રોજેક્ટમાટે એક ફરિયાદ નિવારણ સમિતિ (GRC)ની રચના કરવાની દરખાસ્ત છે, જે પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP)ની ફરિયાદો સાંભળશે અને તેનો નિકાલ કરશે. આ પ્રક્રિયાથી વિવાદોની પતાવટ થશે અને કોર્ટ કેસોની સંખ્યા ઘટશે. GRC જિલ્લા કક્ષાએ, જિલ્લા કલેક્ટરના વડપણ હેઠળ આવી સમિતિઓની રચના કરશે. ફરિયાદ નિવારણ સમિતિ (GRC)નીચેના સભ્યોની બનેલી હશે :

- જિલ્લા કલેક્ટર અથવા તેમના વતી નિયુક્ત કરવામાં આવેલા પ્રતિનિધિ જે સહાયક જિલ્લા કલેક્ટર (મહિલા અધિકારીને અંગ્રતા આપવાની રહેશે);
- મહેસુલ વિભાગના જિલ્લા વિકાસ અધિકારી;
- PIUના કાર્યપાલક એન્જિનિયર;

98. ફરિયાદ નિવારણ સમિતિ (GRC)ની કામગીરી/જવાબદારી નીચે મુજબ રહેશે: (i) પુનર્વસન અને પુન:સ્થાપન (R&R) અને જમીન સંપાદનની સમસ્યાઓ દૂર કરવામાં પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP)ને સહાય કરશે; (ii) ફરિયાદોનો રેકર્ડ રાખશે અને નિયત સમયમાં તેમનો નિકાલ કરશે; (iii) PIUને કોઈ પણ ગંભીર કેસ બાબતે જાણકારી આપશે; અને (iv) પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU),ના નિર્ણયની ફરિયાદીને જાણ કરશે.

99. ESMU, PAPsને GRC સમક્ષ પોતાની ફરિયાદ રજુ કરવામાં બધી જરૂરી સહાય પૂરી પાડશે. ફરિયાદ નિવારણ સમિતિ (GRC) 15 દિવસમાં ફરિયાદનો નિવેડો લાવશે. સામાન્ય રીતે GRC મહિનામાં એક વખત મળશે, પરંતુ જરૂર જણાય તો વધારે વાર પણ મળી શકે છે. EPની ફરિયાદના નિકાલમાટે 45

દિવસનો સમય મળી શકે છે. પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP)ને ફરિયાદ નિવારણ સમિતિ (GRC)નો નિર્ણય બંધનકર્તા નથી. આનો અર્થ એ નથી કે GRC, જો પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP) કોર્ટનો રાહ અપનાવે તો, તેને નકારી શકે નહીં. GRCની મુખ્ય કામગીરી નીચે મુજબ છે :

- પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP)ની ફરિયાદો રેકર્ડ કરવી, તેનું વર્ગીકરણ કરી તેની અંગ્રતા નક્કી કરવી અને તેને હલ કરવી. આવી ફરિયાદો જો પુનર્વસન અને પુન:સ્થાપન (R&R)ને લગતી હોય.
- GRC સ્થળ મુલાકાત લઈ શકે છે, પ્રોજેક્ટ ઓથોરીટી પાસેથી અને અન્ય સરકારી અને બિન-સરકારી એજન્સીઓ વિગેરે પાસેથી સંબંધિત માહિતી મેળવી શકે છે, જેથી PAPsની ફરિયાદ દૂર કરી શકાય.
- 45 દિવસની સમય મર્યાદા, ફરિયાદના નિકાલમાટે નક્કી કરવી.
- PAPsને ESMU દ્વારા તેમના કેસની સ્થિતિ વિશે જાણકારી આપવી અને તેમના નિર્ણયની પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP) પૂર્તતામાટે જાણ કરવી.

100. ગુજરાત સરકાર દ્વારા વહિવટી હુકમોથી GRCની રચના કરવામાં આવશે. ESMUની કામગીરી શરૂ થાય તે તારીખથી તે અમલી બનશે.




ચિત્ર 12-2: ફરિયાદ નિવારણ તંત્ર

## *12.9.1.* વળતર અને સહાય પ્રક્રીયાયો

- ESMU લાઓ દ્વારા જમીનની સંયુક્ત ચકાસણી માટે સરળતા રહેશે.અસરગ્રસ્ત જમીનની અંદરની મિલકતોનું મૂલ્યાંકન સંબંધિત વિભાગો[23] દ્વારા હાથ ધરવામાં આવશે.અમલીકરણ એનજીઓ મિલકતોનું મૂલ્યાંકન કરવામાં મદદ કરશે..

[23] ઇમારતી લાકડા વૃક્ષો - જંગલ ખાતા; પેરેનિયલ વૃક્ષો અને સ્થાયી પાક - કૃષિ અને સહકાર વિભાગ; બિલ્ટ અપ માળખાં - માર્ગો અને ઇમારતો વિભાગ; પાણી સંસાધનો - ગુજરાત પાણી પુરવઠા અને ગટર વિભાગ

- સૂક્ષ્મ યોજના દરેક અસરગ્રસ્ત વ્યક્તિ માટે તૈયાર કરવામાં આવશે. સૂક્ષ્મ યોજનામાં જમીન અસરગ્રસ્ત વિસ્તારની વિગતો અને તેના માટે પુનઃસ્થાપન નીતિ ફ્રેમવર્ક મુજબ ઉમેદવારીઓ સાથે (અસરગ્રસ્ત જમીન અંદર સ્થિત વિવિધ અસ્કયામતો માટે વળતર સહિતના) તે જ માટે વળતર હશે. એનજીઓ સૂક્ષ્મ યોજના તૈયાર કરશે.
- માલિકો (માલીકીન નથી કિસ્સામાં એકલા અસ્કયામતો) માટે જમીન અને અન્ય અસ્કયામતો માટે વળતર મહેસૂલ વિભાગ દ્વારા તેમાં વિતરિત કરવામાં આવશે.
- માલિકો અને માલીકીન નથી બંને માટે ઉમેદવારી જોગવાઈઓ મુજબ સહાય PIU દ્વારા તેમાં વિતરિત કરવામાં આવશે.
- કોઈપણ ફરિયાદના જમીન અથવા અન્ય અસ્કયામતો અને ઉમેદવારીઓ અંદાજ ઓફ મૂલ્યાંકન દરમિયાન ઊભી સમિતિ નિવારણ આ તકરાર ઉલ્લેખ કરવામાં આવશે. આ પણ એનજીઓ દ્વારા સવલત કરવામાં આવશે.

### *12.9.2. મિલ્કતોનો માલિકી હક સાબિત કરવા અને વળતરની રકમ નક્કી કરવામાટેના જરૂરી દસ્તાવેજો / જાણકારીની યાદી*

101. પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP) નીચેના દસ્તાવેજો / જાણકારી મિલ્કત પર પોતાની માલિકી સાબિત કરવા અને વળતરમાટે મૂલ્યાંકન કરાવવા, રજુ કરવા જોઈએ :

- જમીન રેકર્ડ [7/12 – 8એ, *ખેડૂત પોથી*[24]];
- સંપાદનની હેઠળની જમીનની વિગતો જણાવતા પત્રક.
  - જમીનનો સર્વે નંબર;
  - ચુકાદાના હેતુમાટે જમીનનો વાસ્તવિક વિસ્તાર;
  - જમીનનો પ્રકાર [નવા શરતની, જુના શરતની વિગેરે];
  - જમીનની કક્ષા [*ખેતેની (સિંચાઈવાળી), બાગાયત (બિન-સિંચાઈની, ક્યારી(બ્લૉક૦, વિગેરે].*
- હિત ધરાવનાર દ્વારા દાખલ કરવામાં આવેલ દાવાની વિગતો, અને પુરાવાના પત્રકો.
  - દાવો કરનારનું નામ (માલિક, લીઝ રાખેલ કે ભાડુઆત, વિગેરે);
  - દાવો (જમીનનો વિસ્તાર, વૃક્ષોની સંખ્યા , બાંધકામોનો વિસ્તાર અને અન્ય વિગતો , અન્ય નુકસાનની વિગતો);
- પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU), દ્વારા આપવામાં આવેલ ઓળખપત્ર અને સ્વૈચ્છિક સંસ્થા દ્વારા તેની ફેર ચકાસણી.
- વળતરની રકમ જમા કરાવવામાટે બેંક એકાઉન્ટની વિગતો.

## 12.10. આવક પુનઃસ્થાપિત કરવાના પગલાં

102. આવક પુનઃસ્થાપિતકરવાની કામગીરીનો હેતુ એ છે કે કોઈપણ PAPની સ્થિતિ પ્રોજેક્ટ પહેલાં હતી, તેના કરતાં બગડવી જોઈએ નહીં. વ્યક્તિગત પુનઃસ્થાપનનો એક અગત્યનો ભાગ એ છે કે પ્રોજેક્ટ પહેલાની આવકના સ્તર પર, વ્યક્તિને અને અસર પામનાર સમુદાયને, તેના કુટુંબને, અને સામાજીક-

[24] ખેડૂત પોથી એ પુસ્તિકા છે જ્યાં જમીનની માલિકીની વિગતો, જે વ્યક્તિગત ખેડૂતોની હોય, તેનો રેકર્ડ રાખવામાં આવે. ખેડૂત પોથીની જાળવણી મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવે છે, અને તે દરેક ખેડૂતને આપવામાં આવે છે.

આર્થિક સ્થિતિને અને સાંસ્કૃતિક વ્યવસ્થાને પુનઃસ્થાપિત કરવો. આવકના પુનઃસ્થાપનની યોજના અસરગ્રસ્ત વ્યક્તિના પરામર્શમાં તૈયર કરવામાં આવશે, જેથી તેમને લાભ થાય. IR પ્રવૃત્તિ આધારે અમલ કરનાર સ્વૈચ્છિક સંસ્થા યોગ્ય IR કાર્યક્રમ પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP)માટે તૈયાર કરશે. આવક પુનઃસ્થાપન કરવાના પગલાંમાં નીચેનાંનો સમાવેશ થાય છે :

- લક્ષિત સમૂહોની ઓળખ અને સંબંધિત આવક પુનઃસ્થાપિત કરવાની કામગીરી–સ્વૈચ્છિક સંસ્થા અસરગ્રસ્ત વ્યક્તિઓની ઓળખ કરશે અને સંભવિત આવક પુનઃસ્થાપનના વિકલ્પોની યાદી તૈયાર કરશે. IR વિકલ્પો તૈયાર કરતી વખતે નીચેના પાસાઓનો પણ વિચાર કરવાનો રહેશે: (i) પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP)ના શિક્ષણનો સ્તર (ii) તેઓ ધરાવતા કુશળતા, (iii) નિર્વાસિત થયા બાદ તેઓ કરી શકે તેવી સંભવિત કામગીરી, (iv) જે જમીન ગુમાવી તેનું પ્રમાણ, (v) આર્થિક પ્રવૃત્તિ દ્વારા પૂરક આવક મળવાની સંભાવના અને (vi) વેચાણની ક્ષમતા અને વેચાણની સગવડ.
- રોજગાર ગુમાવનારમાટે તેમની કાર્યકુશળતામાં વધારો કરવામાટે, મળવાપાત્ર લાભોમાં તાલીમનો વિકલ્પ આપવામાં આવેલ છે. તેના લાભાર્થી સમૂહોમાં દુકાનોના કર્મચારીઓ, ખેત મજૂર, ખેતીના ભાગીયાઓ, દબાણ કરનારાઓ અને કમજોર વર્ગોનો સમાવેશ થાય છે. પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU), દ્વારા તાલીમ કાર્યક્રમો ચલાવવામાં આવશે, જેમાં સ્વૈચ્છિક સંસ્થાઓ (NGO) સહાય કરશે. PIU દ્વારા સમયાંતરે આવશે, જેમાં સ્વૈચ્છિક સંસ્થાઓ (NGO) સહાય કરશે. પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU), દ્વારા સમયાંતરે સમીક્ષા બેઠકો રાખવામાં આવશે જે તાલીમ કાર્યક્રમોની અસર અને થતા લાભોની સમીક્ષા કરશે અને, જરૂર જણાય તેમાં સુધારા કરશે. જરૂર જણાય વિવિધ તાલીમ સંસ્થાઓ/વિભાગોને તાલીમ આપવામાટે સૂચવવામાં આવશે. NGO, પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ (PAP) ના તેમની પસંદગીના વ્યવસાય મુજબ સમૂહ બનાવશે અને સ્થળ પસંદગી જેવી અન્ય વ્યવસ્થાઓ કરશે.
- તાલીમ સંસ્થાઓ/વિભાગોની ઓળખ: પસંદ કરવામાં આવેલા વ્યવસાયોના આધારે સ્વૈચ્છિક સંસ્થાઓ (NGO)એ વિવિધ વ્યવસાયમાટે તાલીમ સંસ્થાઓની ઓળખ કરવાની રહેશે, જેઓ વ્યવસાય પર તાલીમ આપી શકે[25].
- દેખરેખ : તાલીમબાદ, કરાર કરવામાં આવેલ M&E એજન્સી દેખરેખ કરશે. આંતરીક દેખરેખ પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU),ની જવાબદારી રહેશે જેમાં PMC સહાય કરશે.

## 12.11. જાહેર લોકો સાથે પરામર્શ અને સ્પષ્ટતા

103. ગુજરાત સરકારના મા. અને મ.વિભાગ દ્વારા GSHP-IIની Disclosure (સ્પષ્ટતા કરવી) નીતિમાં કહેવામાં આવ્યું છે કે આ નીતિઓ હેતુ, અમલીકરણના તબક્કે નિર્ણય લેવાની પ્રક્રિયામાં પારદર્શિતા લાવવાનો છે, જેમાં માલસામાનની ખરીદી, નાણાકીય વ્યવસ્થા, સામાજીક અને પર્યાવરણીય સુરક્ષા કવચ, અને માહિતી અધિકાર અધિનિયમ, 2005 હેઠળની બધી કાનૂની જોગવાઈઓની પૂર્તતા છે..

[25] તાલીમમાટે સૂચવવામાં આવેલ સંસ્થાઓમાં શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર (મહિલાઓમાટે સ્વરોજગાર કાર્યક્રમ), ગુજરાત સરકારનું આદિજાતી વિકાસ વિભાગ (વનબંધુ કલ્યાણ યોજના); સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ (અનુસૂચિત જાતિઓ અને મહિલાઓમાટે આર્થિક વિકાસની યોજનાઓ); અને ગુજરાત સરકારના ગ્રામ વિકાસ કમિશનર.

104. પુનર્વસન કામગીરી આયોજન (RAP) અમલીકરણની કામગીરી પારદર્શી બને, તેમાટે જાહેર જનતા સાથેની બેઠકોનું આયોજન કરવામાં આવશે, જેમાં પ્રોજેક્ટને લગતી વિગતોની જાહેરાત, પ્રજા સમક્ષ કરવામાં આવશે. પુનર્વસન કામગીરી આયોજન (RAP) એક્ઝીક્યુટીવ સમરી, જે ગુજરાતીમાં અનુવાદ કરવામાં આવશે, તે જાહેર જનતા સાથેના પરામર્શ વખતે લોકો સમક્ષ મૂકવામાં આવશે. અને તેને GSHP વેબસાઈટ **(http://gshp.gujarat.gov.in)** ઉપર પણ મૂકવામાં આવશે. પ્રોજેક્ટની સામાજીક સુરક્ષાને લગતી નીચે જણાવેલ માહિતી વેબસાઈટ પર મૂકવામાં આવશે.

- મંજૂર થયેલ પુનર્વસન પ્લાન;
- મળવાપાત્ર લાભો, જે મંજૂર કરવામાં આવ્યા છે;
- સરકારી અને ખાનગી જમીનો, જે સંપાદન કરવાની છે, તેની ગામદીઠ વિસ્તારની માહિતી;
- સાંસ્કૃતિક અને ધાર્મિક મિલ્કતો જે અન્ય સ્થળે પુનઃસ્થાપન કરવાની છે;
- વળતરની વહેંચણીની સ્થિતિ દર્શાવતી વિગતો અને સંબંધિત PAPsને આપવામાં આવનાર સહાય;
- ફરિયાદ નિવારણ સમિતિની વિગતો, તેની કાર્યપદ્ધતિ અને કાર્યક્રમ;
- જાહેર જનતા સાથે પરામર્શની વિગતો;
- ફરિયાદમાં કાર્યવાહી કરવાની કાર્યરીતિ;
- જમીન ગુમાવનાર અને PAPને આપવામાં આવેલ વળતર (દર ત્રણ માસે);
- સામાજીક/સાંસ્કૃતિક અને ધાર્મિક મિલ્કતો જે પુનઃસ્થાપિત કરવાની છે;
- આ પ્રોજેક્ટથી સામાન્ય જનતાને થનાર લાભની વિગતો;
- RAPના અમલમાં સામેલ NGOની વિગતો.

105. અમલીકરણના દરમ્યાન લોક પરામર્શના હેતુ આ મુજબ છે. (i) અસરગ્રસ્ત લોકોના પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R) પરના મંતવ્યો; અને (ii) પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R)ની કામગીરી પારદર્શી બનાવવી.

106. આપી પરામર્શ બેઠકોની કાર્યપદ્ધતિ અને કાર્યવાહીનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે અને પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU), પરામર્શ બેઠકો દરમ્યાન રજુ કરવામાં આવતી બાબતોના પ્રતિભાવ આપશે.

## 12.12. ફરિયાદ નિવારણ માટેનું તંત્ર

107. આ પ્રોજેક્ટમાં મોટા પાયા પર બાંધકામની પ્રવૃત્તિ સંકળાયેલ હોઈ સાથોસાથ RAP)/TDP/HPPનું અમલ પણ કરવાનું હોય છે, આથી આ પ્રોજેક્ટ વિશે સૂચનો, ફરિયાદો, પૂછપરછ વિગેરે મળી શકે તેમ છે. માર્ગ અને મકાન વિભાગ આ વાતનું મહત્વ સમજે છે, આથી GSHP-II હેઠળ ફરિયાદોના નિવારણમાટે એક કાર્યપદ્ધતિ અનુસરવામાટે એક તંત્ર તૈયાર કર્યું છે. જે બધી ફરિયાદો પર કેન્દ્રિકૃત દેખરેખ રાખશે, અને

વિવિધ સ્ત્રોતોમાંથી મળતી બધી ફરિયાદો, કોઈ તંત્ર દ્વારા કે વ્યક્તિગત ફરિયાદોને સક્ષમ રીતે, વિશ્વ બેંકની જાણકારી હેઠળ હલ કરવામાં આવે.

108. ફરિયાદ નિવારણ કામગીરીમાં એ વાતનું ધ્યાન રાખવામાં આવશે કે, કોઈપણ નાગરિક નીચેના અધિકારીઓ સમક્ષ ફરિયાદ કરી શકે. (i) કાર્યપાલક ઈજનેરથી ઓછી કક્ષાના ન હોય તેવા કામનો હવાલો ધરાવતા અધિકારી, અને (ii) કોઈપણ અધિકારી જે રાજ્યના ફરિયાદ નિવારણ તંત્ર સાથે જોડાયેલા હોય, અને હવાલો ધરાવતા હોય. નીચેની બાબતો અંગે ફરિયાદ કરી શકશે. (i) પ્રોજેક્ટને લગતી બાબતો (નવી દરખાસ્ત/પ્રોજેક્ટના વ્યાપમાં ફેરફાર, કામ ચાલુ હોય/પુરૂ થયું હોય તેવા કામની ગુણવત્તા બાબતે, ખરીદી બાબતે પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R), પર્યાવરણ અને કામગીરીમાં કાર્યવાહીન કરવા/કાર્યવાહીમાં વિલંબ કરવામાટે) અને (ii) મહેકમની બાબતો (વર્તણૂક, ભ્રષ્ટાચાર, સેવાને લગતી બાબતો).

109. ફરિયાદ નિવારણની કામગીરી SE, PIUને મુખ્ય ફરિયાદ નિવારણ અધિકારીને નિશ્ચિત ભૂમિકા અને જવાબદારીઓ સાથે સોંપવામાં આવેલ છે. તે મુખ્યત્વે કર્મચારીઓની ન હોય તેવી ફરિયાદો હાથ ધરવા જવાબદાર છે. કર્મચારીઓની ફરિયાદ હાલની નિયત કાર્યપદ્ધતિ મુજબ હાથ ધરવાની રહેશે. વિશ્વ બેંક વીંગ હેઠળ કામ કરતા કર્મચારીઓને તાલીમ આપતી વખતે સ્પષ્ટ રીતે, ફરિયાદ નિવારણની કાર્યપદ્ધતિ સમજાવવામાં આવે અને ફરિયાદને કામમાં સુધારા કરવાની તક ગણવામાં આવે અને નહીં કે ફરિયાદી સાથે ભેદભાવ/ભવિષ્યમાં દુશ્મનાવટ થાય તેવી રીતે હાથ ધરવી.

## 12.13. તાલીમ અને કાર્યક્ષમતા વધારવા માટેનું તંત્ર

110. પ્રોજેક્ટના કર્મચારીઓની તાલીમ અને તેમનો વિકાસ એ GSHP-IIના અમલીકરણનો જ એક આવશ્યક ભાગ છે. રાજ્ય કક્ષાએ (PIU), તાલીમની જરૂરિયાતની વિગતો તૈયાર કરશે, પ્રાદેશિક કક્ષાએ અને ક્ષેત્રિય કક્ષાએ (મા. અને મ.વિભાગની વિભાગીય કચેરીઓ) તાલીમની જરૂરિયાતની વિગતો ચકાસણી, જેના આધારે તાલીમ મોડ્યુલ તૈયાર કરવાના રહેશે. તેનો હેતુ (i) RAP/TDP/HPPના અમલમાટે કર્મચારીઓને તૈયાર કરવા; (ii) કર્મચારીઓમાં જાગૃતિ લાવવી, અમલમાટેના સાધનો પૂરા પાડવા અને વ્યવસ્થાપન કાર્યરીતિની સામગ્રીના સેટ બધા વિભાગોને પૂરા પાડવા; અને (iii) મહત્વના કર્મચારીઓમાં કાર્યક્ષમતા વધે તેમાટે તેમને કક્ષા અનુસાર તાલીમ આપવી.

111. તાલીમ અને કાર્યક્ષમતા વધે તેમાટેના વિષયોમાં નીચેનાનો સમાવેશ થાય છે.

a. સામાજીક અને પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R)ની સમસ્યાઓ (રાજ્ય કક્ષાએ/રાષ્ટ્રીય કક્ષાએ/આંતરરાષ્ટ્રીય કક્ષાએ પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R)ની નીતિઓ) (મહિલાઓની ભાગીદારી, ગરીવીનું મૂલ્યાંકન, ગરીબી નિવારણ કાર્યક્રમ, હાઇવે પરના રોગો, માર્ગ સુરક્ષા, પારદર્શિતા, માહિતી અધિકાર);

b. જમીન સંપાદન (કાયદાઓ, નીતિઓ, જમીનોની કિંમત કાઢવી, પુનઃસ્થાપનના અભિગમનું મૂલ્ય, / બજાર કિંમત, સંસ્થાકીય મીકેનીઝમ વિગેરે);

c. સામાજીક અસરનું મૂલ્યાંકન (SIA) અને RAP/IPDP/HIV/AIDS પ્રત્યે જાગૃતિ, અટકયાતનું આયોજન (સામાજીક સ્કીનીગ, સેન્સસસર્વે,sસામાજીક-આર્થિકsસર્વેkકાર્યપદ્ધતિ, કેન્દ્રિત સમૂહ ચર્ચા, સંસ્થાકીય સર્વે, નિઃશુલ્ક અગાઉથી જાણકારી આપીને પરામર્શ, ડાટા એનાલીસીઝ રિપોર્ટ તૈયાર કરવા);

d. પુનઃસ્થાપન નીતિનું માળખું (પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP)ની કક્ષા, અસરની કક્ષા, મિલ્કતોનું મૂલ્યાંકન, (જમીન, બાંધકામ, ઊભા પાક, વૃક્ષો, સામુદાયિક મિલ્કતો વિગેરે), મળવાપાત્ર અધિકારો, મહિલાઓ અને કમજોર વર્ગો, હંગામી અસરો, બાંધકામ દરમ્યાન તોડફોડ અને નુકસાન અને તેના શમનના ઉપાયો);

e. RAP/TDP/IPDP/HPPનું અમલીકરણ (પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP) ડાટાબેઝને અદ્યતન બનાવવું, અસરગ્રસ્ત માળખાઓ, જમીન અને અસરગ્રસ્ત વસ્તીની સંયુક્ત ચકાસણી, માઈક્રો પ્લાન તૈયાર કરવું, ફરિયાદ નિવારણની કાર્યપદ્ધતિ, ઘર્ષણના ઉકેલના પેકેજીસ, સહાય અને તાલીમ જેથી આજીવિકા પુનઃપ્રાપ્ત કરી શકાય, સામાજીક સુરક્ષાના અમલ પર દેખરેખ.

112. તાલીમ કાર્યક્રમો, સ્થાનિક રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ અને સામાજીક વ્યવસ્થાપનના વિવિધ પાસાઓના અને સુરક્ષા સમસ્યાઓના નિષ્ણાતો દ્વારા ચલાવવામાં આવશે. આગેવાન સંસ્થાઓ દ્વારા ભારતમાં આપવામાં આવતા સામાજીક વ્યવસ્થાપન અને સામાજીક સુરક્ષા પર તાલીમ કાર્યક્રમની જાણકારી પણ પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU), મેળવશે, અને પ્રોજેક્ટના કર્મચારીઓમાટે તાલીમની વ્યવસ્થા કરશે. માર્ગ અને મકાન વિભાગના એન્જિનિયરની સામાજીક સુરક્ષા વ્યવસ્થાપન અંગેની

કાર્યક્ષમતા વધારવા, મા.અને મ.વિભાગે છેલ્લા કેટલાક વર્ષોથી સામાજીક સુરક્ષાની વિવિધ તાલીમોમાં અને કાર્યક્ષમતા વધારવાના કાર્યક્રમોમાં મોકલી રહ્યા છે.

## 12.14. દેખરેખ અને મૂલ્યાંકન

113. સામાજીક સંરક્ષણના અમલીકરણ પર આંતરીક દેખરેખ. પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU), દ્વારા પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટ/સુપરવીઝન કન્સલટન્ટ દ્વારાની સહાયથી કરવામાં આવશે. RAP/TDP અમલીકરણની ગુણવત્તા વધારવામાટે, પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU), દ્વારા આંતરીક દેખરેખ ઉપરાંત, બાહ્ય દેખરેખ થર્ડપાર્ટી એજન્સી દ્વારા અથવા પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટ (PMC) દ્વારા કરવામાં આવશે, જે ટેકનિકલ તેમજ પર્યાવરણીય/સામાજીક પાસાઓમાટે હશે. થર્ડપાર્ટી એજન્સી/PMCની ભૂમિકા, સામાજીક સુરક્ષામાટે બાહ્ય દેખરેખની કામગીરીમાટે નીચે મુજબ રહેશે. :

- RAP/TDPના અમલીકરણની દર ત્રણ મહિને તપાસ કરશે, જેથી કોઈપણ સંભવિત સમસ્યા વહેલી જાણી શકાય અને તેનો સમયસર ઉકેલ મેળવી શકાય; અને,
- સત્રની વચ્ચે, વાર્ષિક અને સત્રના અંતે તપાસ કરવી જેથી RAP/TDPના અમલની લક્ષિત સફળતા અને ખામીઓનું મૂલ્યાંકન થઈ શકે.

114. પુનર્વસન કામગીરી આયોજન (RAP)માં લક્ષ્યાંકો અને સીમા ચિહ્નો નક્કી કરવામાં આવશે જેથી પુનઃસ્થાપન કાર્યક્રમ હેઠળના હેતુઓ પ્રાપ્ત કરી શકાય. આ લક્ષ્યાંકો અને સીમા ચિહ્નો અને આ મુજબ રહેશે. (i): સૂચિત ધોરણો, જેમાં પ્રોજેક્ટમાં સામેલ સામગ્રી, ખર્ચ, રોકવામાં આવેલ કર્મચારીઓ વિગેરેની માહિતી હોય; (ii) પરિણામોના નિર્દેશકો, જે PAPની સંખ્યા બતાવે જેમને વળતર અને સહાય ચુકવવામાં આવેલ હોય, તાલીમ આપવામાં આવી હોય, ચુકવણીની વિગતો વિગેરે અને (iii) અસરના નિર્દેશકો, જે પ્રોજેક્ટની સમુદાયો પર લાંબા ગાળાની અસર બતાવતા હોય.

115. સીમા ચિહ્નો અને નિર્દેશકો, મર્યાદિત સંખ્યામાં હશે, અને સંખ્યાત્મક અને ગુણાત્મક પ્રકારના ડાટા હશે. પહેલા બે પ્રકારના નિર્દેશકો, જે કાર્યપદ્ધતિ સાથે સંબંધિત છે, તે પ્રોજેક્ટ મેનેજમેન્ટને પ્રગતિ અને પરિણામોને જાણ કરવામાટે છે, તેના પર દેખરેખ રાખવામાં આવશે, અને જરૂર જણાય, કે વિલંબ અથવા કોઈ સમસ્યા ઉદ્ભવે તો કાર્યક્રમોમાં ફેરફાર કરવામાં આવશે. આ દેખરેખના પરિણામો અહેવાલમાં સામેલ કરવામાં આવશે. જે પ્રોજેક્ટ અમલીકરણ એકમ(PIU),ને નિયમીત રીતે રજૂ કરવામાં આવશે. ભાગીદારીમાં દેખરેખ રાખવાની જોગવાઈ કરવામાં આવશે, જેમાં PAPsને સામેલ કરવામાં આવશે. ભૌતિક પ્રગતિ, નાણાકીય પ્રગતિ અને ફરિયાદોના નિકાલના માપદંડ/ધોરણો ટેબલ 12.2માં, 12.3માં અને 12.4માં બતાવવામાં આવ્યા છે. મૂલ્યાંકનના માપદંડ ટેબલ 12.5માં વિસ્તાર સમજાવવામાં આવ્યા છે.

### ટેબલ 12.2: ભૌતિક પ્રગતિમાટેના માપદંડ

| અનુક્રમ | દેખરેખના માપદંડ | અમલમાટેના લક્ષાંક | સુધારેલા અમલમાટેના લક્ષાંક | આ મહિને થયેલ પ્રગતિ | કુલ પ્રગતિ | સુધારેલા અમલ માટેના લક્ષાંકની ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| 1 | જમીન સંપાદન ખાનગી (એકર) | | | | | |
| 2 | જમીન તબદીલી સરકારી (એકર) | | | | | |
| 3 | જમીનનું વળતર (INR) | | | | | |
| 4 | બાંધકામના વળતર | | | | | |
| 5 | વિવિધ હિત ધરાવનારાઓને ચોપાનિયા તૈયાર કરી વહેંચવા | | | | | |
| 6 | આયોજન તૈયાર કરવું અને મંજૂરી મેળવવી | | | | | |
| 7 | સંયુક્ત ખાતા ખોલાવવામાં આવ્યા તેની સંખ્યા | | | | | |
| 8 | ઓળખપત્રો આપવા | | | | | |
| 9 | માસિક પ્રગતિ અહેવાલ રજુ કરવા | | | | | |
| 10 | અસરગ્રસ્ત હોય તેવી બધીજ કક્ષાના લોકોને બદલી ભથ્થું | | | | | |
| 11 | અસરગ્રસ્ત લોકોને રોજગાર પુનઃસ્થાપન ભથ્થું | | | | | |
| 12 | કમજોર સમૂહો | | | | | |
| 13 | સામુદાયિક મિલ્કતો | | | | | |

### ટેબલ 12.3: નાણાકીય પ્રગતિની દેખરેખના માપદંડ

| અનુક્રમ | કક્ષા | અંદાજીત ખર્ચ **(INR)** | આ મહિને પ્રગતિ |
|---|---|---|---|
| 1 | જમીન સંપાદન | | |
| 2 | પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R) સહાય | | |
| 3 | NGOની સેવા અને M&E સેવાઓ | | |

### ટેબલ 12.4: ફરિયાદ નિકાલ પર દેખરેખ

| અનુક્રમ | વિગત | પ્રથમ ત્રિમાસિકગાળો | બીજો ત્રિમાસિકગાળો | ત્રીજો ત્રિમાસિકગાળો | ચોથો ત્રિમાસિકગાળો |
|---|---|---|---|---|---|
| 1 | GRCને મોકલવામાં આવેલ | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | કેસોની સંખ્યા | | | | |
| 2 | GRC દ્વારા ફરિયાદ દૂર કરવામાં આવેલ હોય તેવા કેસોની સંખ્યા | | | | |
| 3 | GRC પાસે પડતર કેસોની સંખ્યા | | | | |
| 4 | કેસો પતાવવામાટે સામાન્ય રીતે લેવામાં આવેલ સરેરાશ સમય | | | | |
| 5 | GRCની બેઠકો | | | | |
| 6 | અદાલતમાં ગયા હોય તેવા PAPsની સંખ્યા | | | | |
| 7 | અદાલતમાં પડતર કેસોની સંખ્યા | | | | |
| 8 | અદાલત દ્વારા નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | | | | |

**ટેબલ 12.5: આટકોટ-ગોંડલ માર્ગમાટે મૂલ્યાંકનના માપદંડની વિગતો**

| માપદંડ | પ્રોજેક્ટ પહેલાનો આધાર | સત્રની વચ્ચે મૂલ્યાંકન | પ્રોજેક્ટના અંતે મૂલ્યાંકન |
|---|---|---|---|
| આર્થિક | | | |
| BPL | શૂન્ય | | |
| પરિવારની આવક (વાર્ષિક) | < રૂ. 24000 = 29માંથી 2 (7%)<br>રૂ. 24001-48000 = 29માંથી 5 (17%)<br>રૂ. 48001-72000 = 29માંથી 7 (24%)<br>રૂ. 72001-120000 = 29માંથી 3 (10%)<br>> રૂ. 120001 = 29માંથી 12 (41%) | | |
| વ્યવસાય | વેપાર/ધંધો – 53માંથી 9 (17%)<br>ખાનગી ક્ષેત્ર – 53માંથી 2 (4%)<br>ખેત મજૂર – 53માંથી 3 (6%) | | |
| પરિવારનો સરેરાશ ખર્ચ | ખોરાક (માસિક) – રૂ.2800<br>શિક્ષણ (વાર્ષિક) – રૂ.2624<br>આરોગ્ય (માસિક) – રૂ.1306<br>સ્થાનિક મુસાફરી (માસિક) – રૂ.1103 | | |
| કમાતી મહિલાઓની ટકાવારી | 28% (46 મહિલાઓમાંથી 13 મહિલાઓ) | | |
| મહિલાઓની સરેરાશ માસિક આવક | રૂ.2875 (46 મહિલાઓમાંથી 13 મહિલાઓ કમાય છે) | | |
| મિલ્કતોની માલિકી | | | |
| ઘરગથ્થું મિલ્કતોની માલિકી | ટેલીવિઝન – 29માંથી 19 (66% )<br>રેફ્રીજરેટર – 29માંથી 11 (38%)<br>દ્વિચકી વાહન – 29માંથી 14 (48%)<br>કાર – 29માંથી 3 (10%) | | |

| માપદંડ | પ્રોજેક્ટ પહેલાનો આધાર | સત્રની વચ્ચે મૂલ્યાંકન | પ્રોજેક્ટના અંતે મૂલ્યાંકન |
|---|---|---|---|
| | ટેલિફોન – 29માંથી 16 (55%)<br>વોશીંગ મશીન – 29માંથી 2 (7%)<br>કમ્પ્યુટર – 237માંથી 2 (7%) | | |

## 12.15. બાંધકામના કામોમાં સંકલન અને પ્રમાણિત કરવું

116. પુનઃવસનના કાર્યક્રમોનું સંકલન બાંધકામના કામોની સમય સારીણી સાથે કરવામાં આવશે. જરૂરી સંકલન કોન્ટ્રાક્ટરની શરતોનો ભાગ છે, અને માલસામાનની ખરીદી અને ટેન્ડરના પરિશિષ્ટોમાં તેનું ધ્યાન રાખવામાં આવશે. તેનું કોન્ટ્રક્ટ આપતી વખતે, અને તૈયાર થયેલા CoI વિભાગોને મુક્ત કરતી વખતે, અને PAPને સહાય આપવામાં, જેથી બાંધકામ શરૂ થતા પહેલાં વળતર લઈને તેઓ પોતાની મિલ્કતો છોડીને અન્યતર જાય અને તેમને બિનજરૂરી તકલીફ ન પડે.

117. કોન્ટ્રાક્ટ આપતા પહેલાં, અને ટેન્ડરો સ્વીકારતા પહેલાં કરવાના કાર્યોમાં આ કામો સામેલ છે: (i) ગુજરાત સરકાર દ્વારા પુનર્વસનના આયોજનને મંજૂરી મળવી જોઈએ; (ii) વેબસાઇટ પર અને અન્ય જાહેર જગ્યાઓ પર, જ્યાં સ્થાનિક લોકો જોઈ શકે તે રીતે એકશન પ્લાન મૂકવામાં આવે; (iii) ખાનગી જમીન સંપાદનનું પ્રથમ જાહેરનામું પ્રસિદ્ધ થવું જોઈએ; (iv) પાત્રતા ધરાવતા પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP)ને ઓળખપત્રો આપી દેવામાં આવે.

118. કોન્ટ્રાક્ટરને જમીન સોંપતા પહેલા પૂરા કરવાના કામો : (i) ખાનગી જમીનનું સંપાદન કાર્ય પુરૂં થવું જોઈએ, અને જમીનનું વળતર અને નિયત ધોરણો મુજબની સહાયની ચુકવણી થવી જોઈએ; અને (ii) સરકારી જમીનની તબદીલીની કામગીરી પૂરી થવી જોઈએ, અથવા જમીનની માલિક હોય તેવી એજન્સીઓ પાસેથી ના વાંધા પ્રમાણપત્ર મળી જવું જોઈએ.

## 12.16. RAPના અમલીકરણનું પરિશિષ્ટ

119. પુનર્વસન કામગીરી આયોજન (RAP)ના અમલીકરણનું પરિશિષ્ટ ટેબલ 12.6 માં આપવામાં આવેલ છે, જે પુનર્વસન કામગીરી આયોજન (RAP)ના અમલીકરણના ચાવીરૂપ સીમા ચિહ્નો બતાવે છે.

### ટેબલ **12.6**: પુનર્વસન કામગીરી આયોજન **(RAP)**ના અમલીકરણ પરિશિષ્ટ

| ACTIVITY | MONTHS | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 | 31 | 32 | 33 | 34 | 35 | 36 |
| **Mobilising Personnel and Training** | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ESMU in place | ■ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| M&E Consultant / PMC in place | | | | | ■ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| NGO in place | | | | ■ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| GRC in place | | | | | ■ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| Training for PIU/ESMU Personnel | | | | ■ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| Training for NGOs | | | | ■ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| Information Campaign and Community Consultation | | | | | ■ | ■ | | | | | | ■ | | | | | | ■ | | | | | | ■ | | | | | | ■ | | | | | | ■ |
| **Compensation / R&R / Clearance of CoI** | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| Verification of PAPs, listing of assets affected, measurement of structures, categorization of PAPs | | | | | | ■ | ■ | ■ | ■ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ID Card distribution | | | | | | | | ■ | ■ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| Preparation of Micro Plan and approval | | | | | | | | | | ■ | ■ | ■ | ■ | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| Opening joint account of PAPs | | | | | | | | | | | | ■ | ■ | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| Payment of compensation | | | | | | | | | | | | | ■ | ■ | ■ | | | | | | | | | | | | | | | | | | | | | |
| Payment of R&R assistance | | | | | | | | | | | | | ■ | ■ | ■ | | | | | | | | | | | | | | | | | | | | | |
| Consultations (intermittant) | | | | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | | | | | | | | | | | | | | | | | | |
| Skill and training needs assessment | | | | | | | | | | ■ | ■ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| Identification of government schemes | | | | | | | | | | | | ■ | ■ | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| Enrollment into government schemes | | | | | | | | | | | | ■ | ■ | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| Training of PAPs for income restoration schemes | | | | | | | | | | | | | ■ | ■ | ■ | ■ | | | | | | | | | | | | | | | | | | | | |
| Consultation for relocation/rehabilitation of Community assets/Cultural properties | | | | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | | | | | | | | | | | | | | | | | | | | |
| Awareness programmes with respect to HIV/AIDS | | | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ |
| Awareness on Road Safety | | | | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | | ■ | |
| Repeat training of PAPs for new vocation | | | | | | | | | | | | | ■ | ■ | | ■ | ■ | | | | | | | | | | | | | | | | | | | |
| Clearance of RoW for civil works | | | | | | | | | | | | | | | ■ | ■ | | | | | | | | | | | | | | | | | | | | |
| **Monitoring and Evaluation** | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| Internal Monitoring | | | | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ |
| External Monitoring and Evaluation | | | | | ■ | | | | | | ■ | | | | | | ■ | | | | | | ■ | | | | | | ■ | | | | | | ■ | |
| **Project Completion Survey** | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ■ | ■ | ■ | |
| **Project Completion Survey Report** | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ■ |

# 13. પુનર્વસન કાર્ય યોજના (એકશન પ્લાન) અને બજેટ

## 13.1. પુનર્વસન કાર્ય યોજના

120. પુનર્વસન કામગીરી આયોજન (RAP), ને પુનર્વસનનાં માળખાં (RPF)ના સિદ્ધાંતોના આધારે તૈયાર કરવામાં આવે છે. ખાનગી જમીન અને મકાનો પર થયેલ અસરનું વળતર ચુકવી આપવામાં આવશે અને પુનઃસ્થાપન સહાય RPFના સિદ્ધાંતો મુજબ આપવામાં આવશે. પુનર્વસન કામગીરી આયોજન (RAP) તૈયાર કરવાનો હેતુ એ છે કે અસરગ્રસ્ત લોકોને : (i) તેમને ઉપલબ્ધ વિકલ્પો અને તેમના પુનઃસ્થાપનના હકોની તેમને જાણ કરવામાં આવે; (ii) તેમની સાથે પરામર્શ કરવામાં આવે, તેમને ટેકનીકલી અને આર્થિક રીતે શક્ય પુનર્વસન વિકલ્પો આપવામાં આવે, અને તેમાંથી પસંદગી કરવાની તક આપવામાં આવે; (iii) અસરકારક અને ઝડપી વળતર આપવામાં આવે, જે પુનઃસ્થાપનના પૂરેપૂરા ખર્ચ જેટલો હોય; (iv) સહાય આપવામાં આવે (જેમકે બદલી ભથ્થું, વચગાળાનું ભથ્થું વિગેરે), પુનઃસ્થાપન દરમ્યાન અને આખરી પુનઃસ્થાપન થાય ત્યાં સુધી વચગાળાના સમયમાટેનું ભથ્થું, જેથી તેઓ પોતાની આજીવિકા કમાવાનું પુનઃ શરૂ કરી શકે અને પોતાનું જીવન ધોરણ જાળવી શકે; અને, (v) વ્યવસાયિક કુશળતા વધારવામાટે સહાય આપવામાં આવે, જેમકે, વળતર ઉપરાંત તાલીમ, જેમાટે પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિ(PAP) પાત્ર થતા હોય.

## 13.2. પુનર્વસનનું બજેટ

121. ખાનગી જમીન પર અસરને ગણતરીમાં લઈ પુનર્વસનનું બજેટ તૈયાર કરવામાં આવેલ છે, જેમાં ખાનગી જમીન ઉપરાંત, રહેઠાણો અને વ્યાપારીક માળખા, સામુદાયિક મિલ્કતો વિગેરેનો વિચાર કરવામાં આવેલ છે, જે ટેબલ 13.1માં આપવામાં આવેલ છે. 8 પ્રોજેક્ટ માર્ગોમાટે કુલ બજેટ અંદાજ ભારતીય ચલણમાં રૂ. 96.72 મિલિયન છે.

122. આ માટે નિર્ધારિત રૂપિયા 29.6 મિલિયન રકમ તાલીમ ખર્ચ માટે કરવામાં આવી છે, RAP અમલીકરણ એનજીઓ (NGO), મોનીટરીંગ અને મૂલ્યાંકન, બધા પ્રોજેક્ટ કોરિડોર માટે માર્ગ સલામતી, એચ.આય.વી / એડ્સ (HIV/AIDS) જાગરૂકતા, વગેરે પર જાગૃતિ કાર્યક્રમો પ્રથમ તબક્કામાં લેવામાં આવશે. આ ઘટકો પાલનની માટે ગ્રાહક ભાવાંક અને નિકળ્યા રકમ પર આધારિત છે 7% ની વાર્ષિક ફુગાવાના દર પર હોવાનું માનવામાં આવે છે તે પેકી પહેલા એક વર્ષમાં રૂપિયા 31.7 મિલિયન છે અને બીજા વર્ષ માટે, રૂપિયા 33.9 મિલિયન છે.

## ટેબલ 13.1: પુનર્વસન બજેટ

| અનુક્રમ નં. | માર્ગ/કક્ષા | D-B | D-D | A-G | M-H | U-V | B-L | D-M | L-K | TOTAL (INR) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | જમીનનું વળતર | | | 243,612 | 1,355,426 | 148,379 | 9,817,288 | 322,021 | 12,189,019 | 24075745 |
| 2 | બાંધકામ અને સામુદાયિક મિલ્કતોમાટે વળતર | 720,000 | 213,600 | 699,270 | 9,976,001 | 1,361,500 | 1,516,000 | 562,480 | 3,60,000 | 15,048,851 |
| 3 | બાંધકામ અને મિલ્કતોમાટે વળતર (દબાણ કરનારાઓના) | ----- | 48,155 | 777,124 | 3,064,677 | 277,724 | 371,880 | 257,734 | ----- | 4,797,293 |
| 4 | અસરગ્રસ્ત મિલ્કતમાં અસ્ક્યામત (Assets)નું વળતર | ------ | 15,000 | 46,240 | 1,457,947 | 90,000 | 3,943,515 | 124,400 | 256,075 | 5,933,177 |
| 5 | R&R સહાય | 660,000 | 60,000 | 379,125 | 4,696,925 | 1,055,526 | 6,763,855 | 455,000 | 320,000 | 14,390,431 |
| 6 | RAP અમલીકરણ NGO | | | | | | | | | 16,916,000 |
| 7 | દેખરેખ અને મૂલ્યાંકન (બાહરની દેકરેખ - PMC) | | | | | | | | | 3,492,000 |
| 8 | તાલીમ અને ક્ષમતા તૈયાર કરવી | | | | | | | | | 1400000 |
| 9 | વહિવટી ખર્ચા | | | | | | | | | 7350000 |
| 10 | અન્ય ખર્ચા (સુધારણાના પગલાં, ફરિયાદ નિવારણ, અન-અપેક્ષિત કાર્યો વિગેરે) | | | | | | | | | 500000 |
| 11 | પેટા-સરવાળો | | | | | | | | | 93,903,497 |
| 12 | આકસ્મિક ખર્ચ - 3%ના દરે | | | | | | | | | 2,817,105 |
| 13 | કુલ સરવાળો | | | | | | | | | 96,720,602 |

નોંધ: D-B: ડભોઈ-બોડેલી; D-D: ધંધુકા-ધોલેરા; A-G: આટકોટ-ગોંડલ; M-H: મહેસાણા-હિંમતનગર; U-V: ઉમરેઠ-વાસદ (લાડવેલ-કપડવંજ સહિત); B-L: બાયડ-લુણાવાડા; D-M: ધનસુરા-મેઘરજ; L-K: લુણાવાડા-ખેડાપા.